આજનો સુવિચાર

જયાં આપણી હાજરી
નથી હોતી ત્યાં આપણા
ગુણ અવગુણની
હાજરી અવશ્ય હોય છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૧૨૦ જૂનાગઢ તા.૮-૫-૨૦૨૩ સોમવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 120, Junagadh : Date : 8 May, 2023, Monday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay

કેરળનાં મલપ્પુરમ જીલ્લામાં બોટ પલ્ટી : ૨૨નાં મોત

થિરૂવન્તપુરમ તા. ૮

કેરળના મલપ્પુરમમાં ગત સાંજે એક હાઉસબોટ દુર્ઘટનામાં બાળકો સહિત ૨૨ લોકોના મોતથયા છેઅને હજું કેટલાક લોકોની તલાશ ચાલુ છે તો ૧૦ને બચાવી લેવામાં સફળતા મળી છે. બચાવી લેવાયેલા કેટલાક લોકોની હાલત ગંભીર છે. આ દુર્ઘટનામાં ભોગ બનેલામાં સ્કુલના બાળકોની સંખ્યા મોટી છે. જેઓ હાઉસબોટમાં સવારી કરવા આવ્યા હતા. મલપ્પુરમના તાનુર ક્ષેત્રમાંઆ દુર્ઘટના બની હતી. અહીઓટુમ્પુરમ પાસે ૨૫-૩૦ લોકોને લઈ જતી હાઉસબોટ ઓચિંતી જ પાણીમાં પલ્ટીગઈ હતીપણશામાટે તેસ્થિતિ બની તે અંગે હજુ તપાસ ચાલુ છે. ડુબીગયેલી બોટનેકિનારે લાવવામાં આવી છે.

કેરળના પ્રવાસન મંત્રી દુર્ઘટના સ્થળે દોડી ગયા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દુર્ઘટના અંગે શોક વ્યક્ત કર્યો હતો તેમજ પ્રધાનમંત્રી રિલીફ ફંડમાંથી મૃતકના પરિવારને રૂા.૨-૨ લાખ આપવાની જાહેરાત કરી હતી. કેરળના મુખ્યમંત્રી પી.વિજયને પણ આ દુર્ઘટના અંગે તપાસના આદેશ આપ્યા છે તથા મૃતકોના પરિવારને રૂા.૨-૨ લાખનું વળતરઆપવાજાહેરાત કરીછે. મૃતક બાળકોની સંખ્યા મોટી છે. જેમને સ્કુલમાં રજા બાદ અહી પ્રવાસમાં લાવવામાં આવ્યા હતા. મૃતકોમાં મોટાભાગનાંબાળકો અને મહિલાઓ છે. ૪ લોકોને ગંભીર હાલતમાં કોટ્ટક્કલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. દુર્ઘટનાના કયા કારણોસર બની તે અંગે હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી. જો કે, સ્થાનિકોના જણાવ્યા મુજબ, બોટ ખીચોખીચ ભરેલી હતી અને તેમાં પૂરતા લાઈફ-જેકેટ્સ નહોતાં. જેના કારણે આવી ઘટના બની છે. આ દુર્ઘટના ગત સાંજે લગભગ ૭ વાગે મલપ્પુરમ જિલ્લાના તનુર વિસ્તારમાં તુવાલાથીરામ બીચનજીક બની હતી. ફાયર રેન્જ ઓફિસર શિજુ કેકેએ જણાવ્યું હતું કે બોટમાં કેટલા લોકો સવાર હતા તેની ચોક્કસ સંખ્યા જાણી શકાયું નથી. આવી સ્થિતિમાંહજુ વધુ લોકોડુબ્યા હોવાની શક્યતાને ધ્યાનમાં રાખીને બચાવ કામગીરી સતત હાથધરવામાંઆવી રહી છે.

વાપીમાં આજે સવારે ભાજપનાં નેતાની ગોળી મારીને કરપીણ હત્યા

વાપી તા. ૮

આજે વાપીના રાતા વિસ્તારમાં ભાજપના ઉપપ્રમુખની ફાયરિંગ કરી હત્યા કરવામાં આવી હોવાની ઘટના બનતા ખળભળાટ મચી ગયો છે. ભાજપના ઉપપ્રમુખ શૈલેષપટેલ પરિવાર સાથે મંદિરમાં દર્શન કરવા ગયા હતા. ત્યારે બાઈકપર આવેલ અજાણ્યા શખ્સોએ ફાયરિંગ કરી ઘટનાને અંજામ આપ્યો હતો. જે બાદ શખ્સો ફરાર થઈ ગયા હતા. જૂની અંગત અદાવતમાં આ હત્યા થઈ હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, ભાજપના ઉપપ્રમુખ શૈલેષ પટેલ દર સોમવારે પત્ની સાથે શિવ મંદિરે દર્શન કરવામાં આવતા હતા. ત્યારે આજે સવારે ૭.૧૫ની આસપાસ પત્ની સાથે મંદિરે પહોંચ્યા હતા અને તેોની પત્ની મંદિરની અંદર ગયાં જ્યારે શૈલેષ પટેલ ગાડીમાં જ બેસીને પત્નીની રાહ જોઈ રહ્યાહતા. તે સમયે અચાનક એક બાઈક તેમની કાર પાસે આવીને ઊભી રહી ગઈ હતી. આ બાઈકપર ૪ શખ્સો સવાર હતા. શૈલેષ પટેલ કઈ સમજે તે પહેલાં જ શખ્સોએ તેમના પર ફાયરિંગ શરૂ કરી દીધું. ૪ રાઉન્ડ ફાયરિંગમાં શૈલેષ પટેલને ત્રણ ગોળીઓ વાગી હતી. જ્યારે ચારેય શખ્યો ત્યાંથી ફરાર થઈ ગયા હતા.

તેમનાં પત્ની જ્યારે મંદિરેથી દર્શન કરી ગાડી તરફ ગયાં તો ગાડીના દરવાજા પર લોહી જ લોહી હતું. દરવાજો ખોલતાં જ પતિને લોહીલુહાણ હાલમાં જોતા જ પત્નીએ ચીસાચીસ કરીમૂકી હતી. ત્યારબાદ શૈલેષ પટેલને તાત્કાલિક હોસ્પિટલ ખસેડાયા હતા જ્યાં તેઓને મૃત જાહેર કરવામાં આવ્યા હતા.

ઘટનાની જાણ થતાં જ વલસાડ જિલ્લા પોલીસ અને જિલ્લા ભાજપના અગ્રણીઓ ઘટના સ્થળે તાત્કાલિક પહોંચ્યા હતા. પોલીસે અલગ-અલગ ટીમો બનાવી ઘટના સ્થળનું નિરીક્ષણ અને આજુબાજુના વિસ્તારમાં તપાસનાં ચક્રો ગતિમાન કર્યાંછે. **LCB, SOG** સહિતની ટીમોએ હાલ તપાસ હાથ ધરી છે. ઘટના સ્થળની આજુબાજુના વિસ્તારના **CCTV** ફૂટેજ પણ મેળવવાનો પ્રયાસ હાથ ધરાયો છે.

રાજસ્થાનનાં હનુમાનગઢમાં એરફોર્સનું મીગ-૨૧ ફાઈટર જેટ ક્રેશ : ત્રણ મહિલાનાં મોત

હનુમાનગઢ તા. ૮

આજે સવારે રાજસ્થાનનાં હનુમાનગઢમાં **MiG-21** ફાઈટર જેટ ક્રેશ થયું હતું. હનુમાનગઢમાં બહલોલ નગર વિસ્તારમાં આવેલા એક ઘર ઉપર ફાઈટર જેટ ક્રેશ થયું હતું. જેથી ઘરમાં રહેતી ૩ મહિલાનાં મોત થયાં છે. પોલીસે જણાવ્યું કે પાઈલટ સુરક્ષિત છે. અકસ્માતને પગલે મોટી સંખ્યામાં ગ્રામજનો ઘટનાસ્થળે ઊમટી પડ્યા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર, મિગ વિમાનેસુરતગઢથી ઉડાન ભરીહતી. એરફોર્સે કહ્યું કે **MiG-21** ટ્રેનિંગ ઉડાન ભરી રહ્યું હતું અને સુરતગઢ પાસે તે ક્રેશ થયું છે. પાયલટ સુરક્ષિત છે અને તેને સામાન્ય ઈજાઓ થઈ છે. અકસ્માતનું કારણ જાણવા તપાસ શરૂ કરવામાં આવી છે.

ફાઈટર પ્લેન દુર્ઘટનામાં બશોકૌર (૪૫) રતન સિંહ ઉર્ફે રતિરામ રાય શીખની પત્ની, બંતો (૬૦) લાલ સિંહ રાય સિંહની પત્ની અને લીલા દેવી (૫૫) રામ પ્રતાપના પત્નીનું મૃત્યુ થયું છે. પાયલટ રાહુલ અરોડા (૨૫)એ પેરાશૂટ દ્વારા કૂદીને પોતાનો જીવ બચાવ્યોહતો. પાયલોટને સુરતગઢ ખસેડવામાં આવ્યો છે.

અગાઉ તા. ૨૮ જુલાઈ ૨૦૨૨ના રોજ પણ રાજસ્થાનના બાડમેરમાં **MiG-21** બાયસન (ટ્રેનર એરક્રાફ્ટ) ક્રેશ થયું હતું. તેમાં આગ લાગી હતી અને કાટમાળ લગભગ અડધા કિલોમીટરના વિસ્તારમાં વિખરાયો હતો.

અમરનાથ ગુફામાં બર્ફાની બાબાનું ૨૦ થી ૨૨ ફુટનું હિમલીંગ દેખાયું

જમ્મુ તા. ૮ : થોડા દિવસો પહેલા જમ્મુ-કાશ્મીરમાં વધતા તાપમાનના કારણે પરેશાનીનું વાતાવરણ હતું. કાશ્મીરમાં ગરમીએ છેલ્લા ૧૩૨ વર્ષનો રેકોર્ડ તોડી નાખ્યો હતો. એવી આશંકા હતી કે તેની અસર અમરનાથના હિમલિંગ પર પણ પડી શકે છે. જો કે, સમુદ્ર સપાટીથી ૧૪૫૦૦ ફૂટની ઉંચાઈ પર સ્થિત અમરનાથ યાત્રાનું પ્રતીક હિમલિંગ તેના સંપૂર્ણ કદમાં દેખાયું છે. અને તેની ઉંચાઈ ૨૦ થી ૨૨ ફૂટ છે.

અમરનાથ શ્રાઈન બોર્ડ દ્વારા જાહેર કરાયેલ હિમલિંગની તસવીર પુષ્ટિ કરે છે કે હિમલિંગ તેના સંપૂર્ણ કદમાં છે. રાજય પ્રશાસને ગુફાની આસપાસના વિસ્તારમાં ઠંડી હોવાછતાં હિમલિંગની સુરક્ષા માટે સુરક્ષા કર્મચારીઓને તૈનાત કરવા માટે ગુફા તરફ એક ટીમ મોકલી છે.

જેનોહેતુ યાત્રા પહેલાદર્શન કરવાનો પ્રયાસ કરતા લોકોને રોકવાનો છે. અમરનાથ યાત્રા ૩૦ જૂનથી શરૂ થવાની છે અને પ્રથમ બેચ ૧ જુલાઈએ બાબા બર્ફાનીના દર્શન કરશે.

OCEAN ENGLISH ACADEMY
Practice Makes A Man Perfect
Admission Open 2023-24
Std. 1st to 10th (English Medium)
Std. 8th to 10th (Gujarat Medium)
Managed by :
Mr. Sagar Vaja
Mrs. Khushali Vaja
Admission Inquiry : 97732 63917
Near Shree Jagannath Temple, Gandhrap Faliya, Jawahar Road, Junagadh.



અમારા હૃદય રોગના નિષ્ણાંત
ડો. વર્ષિત હાથી જૂનાગઢ માં
તારીખ : ૧૦ મે, ૨૦૨૩ બુધવાર
દર મહિનાના બીજા બુધવારે
તપાસ ફી ₹600/-
સ્થળ:
હાટકેશ હોસ્પિટલ, ભૂતનાથ મંદિર પાસે,
કોલેજ રોડ, જૂનાગઢ.
સમય : સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦
એપોઈન્ટમેન્ટ માટે :
99797 93959 / 95120 15843
WOCKHARDT HOSPITALS
LIFE WINS

રાકેશ અગ્રવાલ
મો. ૯૮૯૮૧ ૮૬૨૧૯
૯૩૭૭૫ ૪૮૭૯૩

રાકેશ ગેસ સપ્લાયર્સ

- બેરીંગ, આગ ઓલવવાનાં બાટલા, ગેસના ચુલા, વેલ્ડીંગ રોડ, ઓક્સીજન ગેસ, ઈત્યાદિ હોલસેલ અને રીટેઈલ ભાવમાં મળશે.
- ફાયર એક્ષટીંગગ્યુસર બુશર રીફલીંગ કરી આપવામાં આવશે

ડીલર :- મેડીકલ ઓક્સીજન, ઈન્ડસ્ટ્રીયલ ગેસીસ, નાઈટ્રોજન, ખાર્ગોન. ડી.એ. એમોનીયા વગેરે...

રીલાયન્સ પેટ્રોલ પંપ, રાજકોટ રોડ, દોલતપરા, જૂનાગઢ

તમામ પ્રકારનાં હઠીલા રોગોની
આર્યુવેદીક પધ્ધતિથી
સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.). Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે
નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો..
સંક્રમણથી બચો

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવારકરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને
સંક્રમણને અટકાવવા તેમજ
રોગપ્રતિકારક શકિત વધારવા માટે
ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને
સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : પ્લોટ નં. ૪૧૭, જી.આઈ.ડી.સી.-૨, જૂનાગઢ.
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

નવું કાયમ ચૂર્ણ એડવાન્સ
સ્વાદિષ્ટ ગ્રેન્યુલ્સ સ્વરૂપમાં
એરંડાના તેલ અને ગુલાબની પાંદડીઓના ગુણોથી ભરપુર
હવે વધુ અસરકારક અને વધુ દમદાર
કબજિયાત, એસિડીટી અને
ગેસ પર કરશે પ્રહાર!

- જીરૂની સ્વાદિષ્ટ ફલેવરમાં ઉપલબ્ધ
- ચૂક વગર પેટને સરળતાથી સાફ કરે
- કબજીયાતમાં વધુ અસર કરતી નવી એડવાન્સ ફોર્મ્યુલા.
- યોગ્ય માત્રા માટે માપવાની ચમચી/મેજરિંગ સ્પૂન
- દાણાદાર હોવાથી મ્હોંમાં ન ચોંટે
- ૧૦૦% આયુર્વેદિક, કોઈપણ આડઅસર નહીં

કાયમ ચૂર્ણ અને
કાયમ ટેબલેટ પણ ઉપલબ્ધ
આપની નજીકનાં મેડિકલ અને આયુર્વેદિક સ્ટોરમાં ઉપલબ્ધ
Toll Free Number : 1800 419 0807 : contact@kayamchurna.com

Kaneriya Oil Industries
RANI GOLD
સિંગતેલ
બારેમાસ તાજેતાજું
અસ્સલ અથાણું ઘરનું.
કેરી રાજાપુરી,
મરચું ઘોલરીયું,
સિંગતેલ રાણીનું
અને વિજ્ઞાન દાદીનું...

અમારા અન્ય પ્રિમીયમ એડીબલ ઓઈલ્સ : કપાસિયા • સનફલાવર • મકાઈ • સોયાબીન
જૂનાગઢ શહેરમાં ઉપલબ્ધ : ઠા. ધીરજલાલ વનમાળીદાસ 97231 97530, 94283 73350 ;
રમેશચંદ્ર મગનલાલ એન્ડ સન્સ 94266 34036
પર પણ ઉપલબ્ધ | www.ranioil.com | /rani oils

CMYK

આજે આંતરરાષ્ટ્રીય થેલેસેમિયા દિવસ : થેલેસેમિયા જેવી જીવલેણ બીમારી અંગે નાગરિકોને જાગૃત કરવાનો દિવસ

થેલેસેમિયા નાબૂદી માટે સમગ્ર દેશમાં શ્રેષ્ઠ કામ કરી અન્ય રાજ્યો માટે ગુજરાત બન્યું રોલ મોડલ : આ વર્ષે થેલેસેમિયા દિવસની થીમ “Strengthening Education to Bridge the Thalassemia Care Gap”

(પ્રતિનિધિ દ્વારા) ગાંધીનગર તા.૮

આજે “આંતરરાષ્ટ્રીય થેલેસેમિયા દિવસ” છે. થેલેસેમિયા એક અસાધ્યવારસાગત રક્ત વિકાર રોગછે જે શરીરમાં હિમોગ્લોબીનના નિર્માણ ઉપર સીધી અસર કરે છે. લોકજાગૃતિ થકી આ ભયાવહ રોગના પ્રમાણમાં ઘટાડો આવે તેમજ આ રોગ વિશે નાગરિકોની અજ્ઞાનતા દૂર થાય તે માટે દરવર્ષે ૮મી મે ના રોજ આ વિશેષ દિવસની ઉજવણી કરવામાં આવે છે. કોઈપણ માતા-પિતા પોતાના સંતાનને લોહીની બોટલના બંધનમાં ફસાયેલા જોવા નથી માંગતા, પણ ક્યાંકને ક્યાંક થેલેસેમિયા જેવા વારસાગત રક્ત વિકાર રોગ અંગેજાગૃતતા ન હોવાના કારણે અનેકબાળકો જન્મજાતથેલેસેમિયા રોગ સાથે જન્મે છે. આજે દેશ-દુનિયા સહિત ગુજરાત રાજ્ય પણ થેલેસેમિયા જેવી જીવલેણ બીમારીને જળ-મૂળથી નાબૂદ કરવા મિશન મોડમાં કામ કરી રહ્યું છે. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર અનેક સંસ્થાઓ સાથે મળીને લોકોમાં થેલેસેમિયા અંગે જાગૃતિ લાવવાનું કામ કરી રહી છે. થેલેસેમિયા અંગે મોટાભાગના લોકો અજાણ હોવાથી તેમના મનમાં સૌથી પહેલા એક જ પ્રશ્ન આવે કે, થેલેસેમિયા શું છે અને આ રોગ ગંભીર કેમ છે?...તો આવો આજે વિસ્તારપૂર્વક જાણીએ થેલેસેમિયા રોગ અંગેની કેટલીક મહત્વપૂર્ણ વાતો.

થેલેસેમિયા શું છે ? : થેલેસેમિયા એક આનુવંશિક રોગ છે, જેમાં શરીર પૂરતા પ્રમાણમાં હિમોગ્લોબીન બનાવવામાં નિષ્ફળજાય છે. સામાન્ય રીતે આપણા લોહીમાં લાલરક્ત કણમાં હિમોગ્લોબીન નામનું એક પ્રોટીન હોય છે, જે માનવ શરીરના દરેક અંગો સુધી ઓક્સીજન પહોંચાડવાનું કામ કરે છે. આપણે જે ખોરાક લઈએ તેમાંથી લોહતત્વ મળે છે, અને હાડકા વચ્ચે રહેલી અસ્થિમજ્જા (બોનમેરો) આ લોહતત્વને હિમોગ્લોબીનમાં રૂપાંતર કરવાનું કામ કરે છે. થેલેસેમિયાગ્રસ્ત વ્યક્તિની અસ્થિમજ્જાથી લોહતત્વનું હિમોગ્લોબીનમાં રૂપાંતર થઈ શકતું નથી. જેના કારણે શરીરના અન્ય અવયવોને પૂરતા પ્રમાણમાં ઓક્સીજન મળી શકતો નથી, અને અવયવોની કાર્યક્ષમતા ઘટે છે. થેલેસેમિયાગ્રસ્ત વ્યક્તિના શરીરના અવયવો નબળા પડતા અંતમાં તેમણે અનેક સમસ્યાઓ અને બીમારીઓનો સામનો કરવો પડે છે.

થેલેસેમિયાના પ્રકાર : થેલેસેમિયા જાગૃતિ ફાઉન્ડેશનના જણાવ્યા અનુસાર થેલેસેમિયા સામાન્ય રીતે બે પ્રકારનો હોય છે, થેલેસેમિયા માઈનર અને થેલેસેમિયા મેજર. માતા-પિતામાંથી કોઈ એકના રંગસૂત્રોમાં રહેલી ખામી કે વિકૃતિ બાળકમાં આવે ત્યારે તે થેલેસેમિયા માઈનરનો શિકાર બને છે. જ્યારે માતા-પિતા બંનેના રંગસૂત્રોમાં રહેલી ખામી કે વિકૃતિ બાળકમાં આવે ત્યારે તે થેલેસેમિયા મેજરનો શિકાર બને છે. થેલેસેમિયા માઈનરને થેલેસેમિયા કેરિયર અથવા થેલેસેમિયા વાહક પણ કહેવામાં આવે છે. થેલેસેમિયા માઈનરના રંગસૂત્રોમાં ખામી કે વિકૃતિ હોય છે, પણ તેમાં કોઈ વિકાર નહોવાથી સામાન્યતઃ તેઓ સ્વસ્થ અને લક્ષણ મુક્ત હોય છે. એટલે કે, બહારથી તંદુરસ્ત દેખાતો કોઈપણ વ્યક્તિ થેલેસેમિયા માઈનર હોઈ શકે છે, તમે પણ. ભારતમાં આશરે ૪ થી ૫ કરોડ લોકો થેલેસેમિયા કેરિયર છે, અને ૧૦ માંથી ૮ લોકોને તો ખબર પણ નથી હોતી કે તેઓ થેલેસેમિયા કેરિયર છે. એટલા માટે જ થેલેસેમિયાનો ટેસ્ટ કરાવવો એ કોઈપણ વ્યક્તિના જીવન અને તેના પરિવારના ભવિષ્ય માટે સૌથી અગત્યનો નિર્ણય હોય છે. થેલેસેમિયા માઈનર એક રોગ નહિ પણ રંગસૂત્રોની વિકૃતિ છે, જ્યારે થેલેસેમિયા મેજર એક જીવલેણ રોગ છે. થેલેસેમિયા મેજરગ્રસ્ત વ્યક્તિ એનીમિયા જેવી અનેક ગંભીર સમસ્યાઓથી પીડિત હોય છે. જો પતિ-પત્ની બંને થેલેસેમિયા માઈનર હોય તો તેમના સંતાન થેલેસેમિયા મેજર હોવાની શક્યતાઓ ૨૫ ટકા જેટલી હોય છે. આ ઉપરાંત પતિ-પત્ની બંનેમાંથી કોઈ એક થેલેસેમિયા મેજર હોય તો પણ બાળક થેલેસેમિયા મેજર જન્મે તેની શક્યતાઓ વધી જાય છે. ભારતમાં દરવર્ષે આશરે ૧૦,૦૦૦ બાળકો થેલેસેમિયા મેજર સાથે જન્મે છે. સામાન્ય રીતે થેલેસેમિયા મેજરના શરીરમાં લોહીની ઉણપના કારણે તેમને દર ૨ અઠવાડિયાના અંતરે નિયમિત લોહી ચડાવવું પડે છે, તો જ તે બચી શકે છે.

થેલેસેમિયાને અટકાવવા શું કરી શકાય ? : હિમોગ્લોબીનોપેથેજીસ કમિટી ઓફ ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી ગુજરાત બ્રાન્ચના ચેરમેન ડો. અનિલ ખત્રી જણાવે છે કે, થેલેસેમિયા મેજરને નિવારવા માટે બોનમેરો ટ્રાન્સપ્લાન્ટ ઉપરાંત કોઈ કાયમી ઈલાજ નથી. થેલેસેમિયાને મૂળથી જ નાબૂદ કરવા માટે દરેક વ્યક્તિએ લગ્ન પહેલા અથવા ગર્ભધારણ કરે તે પહેલા થેલેસેમિયા માઈનરનો ટેસ્ટ કરાવવો જોઈએ. માઈનરે માઈનર સાથે લગ્ન ન કરવા જોઈએ. અજાણતા લગ્ન થઈ જાય તો પણ ગર્ભાવસ્થા દરમિયાન ગર્ભસ્ત શિશુનો ટેસ્ટ કરાવી લેવો જોઈએ. જો શિશુ મેજર હોય તો કાયદાકીય ગર્ભપાત કરાવવું હિતાવહ છે.

આંતરરાષ્ટ્રીય થેલેસેમિયા દિવસનું મહત્વ : થેલેસેમિયા જેવા જીવલેણ રોગ અંગે લોકોમાં જાગૃતિ ખૂબ જ ઓછી છે. થેલેસેમિયા અંગે લોકજાગૃતિ આવે તે માટે દરવર્ષે આંતરરાષ્ટ્રીય થેલેસેમિયા દિવસ ઉજવવામાં આવે છે. થેલેસેમિયા ઈન્ટરનેશનલ ફેડરેશન(TIF) દ્વારા વર્ષ ૧૯૯૪માં TIFના સ્થાપક પેનોસ એંગ્લેઝોસદ્વારા તેમના પુત્ર જ્યોર્જ એંગ્લેઝોસની યાદમાં પ્રથમવાર આ દિવસ ઉજવવામાં આવ્યો હતો. આ વર્ષે થેલેસેમિયા દિવસની થીમ “Strengthening Education to Bridge the Thalassemia Care Gap” રાખવામાં આવી છે.

થેલેસેમિયા નિવારણ માટે શ્રેષ્ઠ કામગીરી કરતું ગુજરાત રાજ્ય : ગુજરાતમાંથી થેલેસેમિયાને જળ-મૂળથી નાબૂદ કરવા માટે ગુજરાત સરકાર છેલ્લા ૧૫ વર્ષથી શ્રેષ્ઠ કામગીરી કરી રહી છે. આ ક્ષેત્રે ગુજરાત અનેક નવતર પહેલો અને વ્યવસ્થિત આયોજન સાથે અન્ય રાજ્યો માટે રોલ મોડલ બન્યું છે. રાજ્ય સરકારે તમામ સરકારી હોસ્પિટલો ખાતે આવતી ગર્ભવતી બહેનોના થેલેસેમિયા ટેસ્ટ કરવાનું શરૂ કર્યું છે. આજસુધીમાં ગુજરાતમાં આસરે સાત લાખ જેટલી ગર્ભવતી બહેનોના ટેસ્ટ કરવામાં આવ્યા છે, જેમાંથી થેલેસેમિયાગ્રસ્ત ૫૦૦થી વધુ ગર્ભસ્તશિશુનો જન્મ અટકાવવામાં આવ્યો છે. ગુજરાત સરકાર દ્વારા થેલેસેમિયા નિવારણ માટે અનેક વિશેષ પહેલ કરવામાં આવી છે. આવી જ એક વિશેષ પહેલ છે ૩ સ્તરે થેલેસેમિયા સ્ક્રીનીંગ. ભારત સરકાર, નેશનલ હેલ્થ મિશન અને વિવિધ સેવાભાવી સંસ્થાઓની મદદથી રાજ્ય સરકારે યુનીવર્સીટી લેવલે જ વિદ્યાર્થીઓનું થેલેસેમિયા સ્ક્રીનીંગ કરવાનું શરૂ કર્યું છે. ગુજરાતના કેટલાક સમાજ કે સમુદાયમાં થેલેસેમિયાનું પ્રમાણ વધુ જોવા મળતા રાજ્ય સરકારે કમ્યુનીટી સ્ક્રીનીંગ અમલમાં મૂકી વિવિધ સંસ્થાઓ થકી આ સમુદાયોને થેલેસેમિયા અંગે જાગૃત કરવાની વિશેષ પહેલ શરૂ કરી છે. ગુજરાતમાં દરવર્ષે ૨ થી ૩ લાખ લોકોના અને અત્યારસુધીમાં કુલ ૪૦ લાખથી પણ વધુ લોકોના થેલેસેમિયા ટેસ્ટ કરવામાં આવ્યા છે. ગુજરાત સરકાર સાથે રેડ ક્રોસ સોસાયટી, થેલેસેમિયા જાગૃતિ ફાઉન્ડેશન અને થેલેસેમિક ગુજરાત જેવી અનેક સંસ્થાઓ થેલેસેમિયાને નાબૂદ કરવા માટે લોકોને જાગૃત કરવાનું સરાહનીય કામ કરી રહી છે. આ ઉપરાંત થેલેસેમિયાગ્રસ્ત બાળકોને વાર્ષિક આશરે ૧૫ થી ૬૦ બોટલ જેટલા લોહીની જરૂર પડે છે. એટલા માટે જ આવા બાળકોને શ્રેષ્ઠ અને શુદ્ધ લોહી પૂરતા પ્રમાણમાં મળવું પણ ખુબ જ અગત્યનું છે. લોકો વધુમાં વધુ રક્તદાન કરે તો થેલેસેમિયાગ્રસ્ત બાળકોને સારું અને પ્રમાણમાં લોહી મળતું થશે. ગુજરાત સરકાર વિવિધ સંસ્થાઓના સહયોગથી સમગ્ર રાજ્યમાં રક્તદાન કેમ્પનું આયોજન કરી થેલેસેમિક બાળકો માટે રક્ત એકત્ર કરવા પણ મોખરે છે. જેથી રક્તદાનનું પણ મહત્વ ખૂબ જ વધારે છે. સાથે જ ગુજરાતમાં કેટલીક સંસ્થાઓ થેલેસેમિક બાળકોના બાકી રહેલા જીવનને આનંદમય બનાવવાનું નેક કામ કરે છે.

આજે થેલેસેમિયા દિવસ નિમિત્તે ગુજરાતને થેલેસેમિયા મુક્ત કરવા માટે સૌ સાથે મળી સંકલ્પ કરીએ. થેલેસેમિયા અંગે જાગૃત થઈ વહેલામાં વહેલી તકે થેલેસેમિયા ટેસ્ટ કરાવવો જોઈએ. આપણી આજુબાજુમાં પણ લોકોને થેલેસેમિયા અંગે માહિતગાર કરીએ. રક્તદાન કરીને થેલેસેમિક વ્યક્તિને મદદરૂપ થઈએ.

માંગરોળમાં તાલુકા ફરિયાદ સમીતીની બેઠક મળી

(નિલેશ રાજપરા દ્વારા) માંગરોળ તા.૮

માંગરોળમાં કાળઝાળ ગરમી વચ્ચે છેલ્લા કેટલાક સમયથી પાણીની સર્જાયેલી તીવ્ર અછત આગામી દિવસોમાં હળવી બને તેવા અણસાર વર્તાઈ રહ્યાં છે. આજે પ્રાંત અધિકારીની અધ્યક્ષતામાં મળેલી તાલુકા ફરીયાદ સમિતિની બેઠકમાં ત્રણ, ચાર દિવસમાં મહી પરીએજનો પાણીનો જથ્થો વધારી એકાંતરે ૬૦ થી ૭૦ લાખ લીટર આપવા પા.પુ.બોર્ડે સંમતિ દર્શાવી છે. શહેરને પાણી પુરૂ પાડતા ન.પા.ના ચાર કુવાઓ ડુકી જતા પાણીની ભયંકર સમસ્યા ઘેરી વળી છે. મોટા ભાગના વિસ્તારોમાં ભૂગર્ભ જળ મોળા અને ભાંભરા હોય તેમજ જરૂરીયાત કરતા મહીં પરીએજ યોજનામાંથી આવતો પાણીનો જથ્થો બિલકુલ ઓછો મળતા લોકોની હાલાકી વધવા પામી છે. દૈનિક ૬૦ લાખ લીટરની આવશ્યકતા સામે પા.પુ. બોર્ડ દ્વારા એકાંતરે ૪૦ થી ૫૦ લાખ લીટર પાણીનો જથ્થો ઉપલબ્ધ થતાં હાલમાં સાત, આઠ દિવસે પાણી વિતરણથી લોકોમાં દેકારો બોલી ગયો છે. પાણી સબંધે ઉચ્ચ કક્ષાએ અનેક રજુઆતો કરવામાં આવી હતી. મામલતદાર કચેરી ખાતે તાલુકા ફરીયાદ સમિતિની બેઠકમાં પ્રાંત અધિકારી કિશન ગલ જાગૃત અને ધારાસભ્ય રભગવાનજીભાઈ કરગઠીયા, ન.પા. ચિફ ઓફિસર, પા.પુ.બોર્ડના અધિકારીઓની ઉપસ્થિતિમાં વિકટ બનેલા પાણીના પ્રશ્ને ચર્ચા કરવામાં આવી હતી. આ તકે પા.પુ.બોર્ડના અધિકારીએ આગામી ત્રણ, ચાર દિવસમાં પાણીનો જથ્થો વધારી એકાંતરે ૬૦ થી ૭૦ લાખ લીટર આપવાની તૈયારી દર્શાવતા પાણીના પ્રશ્ને હાડમારી વેઠવી પ્રજાને રાહત મળશે તેવું હાલના તબક્કે જણાંઈ રહ્યું છે. પાણીના પ્રશ્નનો સુખદ ઉકેલ આવતા આપ પાર્ટીના મહાવીરસિંહ ચુડાસમાએ ઉપવાસ આંદોલન મુલતવી રાખવાની જાહેરાત કરી હતી.

(કુંજન રાડિયા દ્વારા) જામ ખંભાળિયા તા.૮

દેવભૂમિ દ્વારકા જિલ્લાના જુદા જુદા ચાર તાલુકાઓમાં રવિવારે રાજ્ય સરકારની તલાટી કમ મંત્રી અંગેની પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં નોંધાયેલા ૯૦૦૦ પરીક્ષાર્થીઓ પૈકી ૫૮૧૭ પરીક્ષાર્થીઓએ રવિવારે પરીક્ષા આપી હતી. અને ૩૧૮૩ પરીક્ષાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. કુલ ૩૩ સેન્ટરમાં ૩૦૦ રૂમોમાં આ પરીક્ષાઓ લેવામાં આવી હતી. જેમાં કોઈ પણ અનિચ્છનીય બનાવ બન્યો ન હતો. એકંદરે ૬૪.૬૩ ટકા પરીક્ષાર્થીઓએ પરીક્ષા આપી હતી. આ માટે જિલ્લા વિકાસ અધિકારી એસ.ડી. ધાનાણી તથા તેમની ટીમ દ્વારા તમામ જરૂરી વ્યવસ્થાઓ કરવામાં આવી હતી. આટલું જ નહીં, અહીંના ઈન્ચાર્જ જિલ્લા પોલીસ અધિક્ષક એમ.એમ. પરમારના વડપણ હેઠળ પોલીસ તંત્ર દ્વારા પણ પરીક્ષા કેન્દ્રોમાં જરૂરી બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. ખંભાળિયામાં આવતા-જતા પરીક્ષાર્થિઓ માટે પણ અહીંના એસ.ટી. ડેપો મેનેજર મિલન રાઠોડ દ્વારા આગોતરા આયોજન સાથે વિદ્યાર્થીઓની કુલ ૧૪ ટ્રીપ દોડાવવામાં આવી હતી. જેમાં મોરબી, જામનગર, રાજકોટ, પોરબંદર વિગેરે સ્થળોએ કુલ ૧૦૦૦ જેટલા વિદ્યાર્થીઓએ એસ.ટી. બસની સેવાનો લાભ લીધો હતો. એટલું જ નહીં, જરૂરિયાત મુજબ અહીંના એસ.ટી. તંત્ર દ્વારા સ્પેશિયલ રૂટ પણ દોડાવવામાં આવ્યા હતા. એકંદરે પરીક્ષાર્થીઓએ હાલાકી વગર પરીક્ષાઓ આપી હતી.

ઉના : ૩૬માં સમુહ જનોઈનો કાર્યક્રમ યોજાયો

(પ્રતિનિધિ દ્વારા) ઉના તા.૮

ઉના તાલુકા સમસ્ત બ્રહ્મ સમાજ અને સમૂહ લગ્ન અને યજ્ઞોપવિતસમિતિ દ્વારા આયોજિત ૩૧માં સમુહ જનોઈ ઉનામાં આવેલ સુવર્ણ બાગના સંકુલમાં યોજવામાં આવેલ હતું. આચાર્ય દ્વારા સમાજના નવબટુકોને વિધિ પૂર્વક યજ્ઞોપવિત સંસ્કારો આપી દીક્ષિત કરાયા હતા અને તમામ બટુકોને બ્રહ્મ સમાજના આગેવાનો ઉપિયોગી ભેટ આપી શુભેચ્છાઓ આપી હતી. તેમજ આ પ્રસંગે અખિલ ભારતીય સાધુ સમાજના પ્રમુખ પુ. મુક્તાનંદ બાપુના ૬૫માં જન્મ દિવસનિમિતે મેગા રક્ત દાન કેમ્પ યોજાયો હતો. જેમાં સમાજના ૯ ભાઈઓ અને ૩ બહેનોએ કુલ ૧૨ બોટલ રક્ત દાન કરી માનવ ધર્મ નિભાવેલ હતો. તેમજ સમહુ ભોજનમાં ઉના તાલુકાના તમામ સમસ્ત બ્રહ્મ પરિવારોએ સમુહ ભોજન લઈ ધન્ય બન્યા હતા.

માંડવી ચેક પોસ્ટ નજીકથી ૪૨૮ બોટલ ઈંગ્લીશ દારૂ ઝડપાયો

(પ્રતિનિધિ દ્વારા) ઉના તા.૮

ગીર સોમનાથ જિલ્લા ની લોકલ ક્રાઈમ બ્રાન્ચે પોલીસ હેડ કોન્સ્ટેબલ પ્રવીણભાઈ બી. મોરી, પ્રફુલભાઈ વાઢેર, આર.વી. ગઢીયા, પોલીસ કોન્સ્ટેબલ સંદીપ ઝણકાટ, મહિલા પોલીસ દેવિબેન રામએ ઉનાના અહેમદ પુર માંડવી ચેક પોસ્ટ આગળ ઘોઘલાથી બુલેટ મોટરસાયકલ નંબર જીજે-૦૩-એલપી-૯૬૨૭ અને મેસ્ટટરો મોટરસાયકલ નંબર જીજે-૩૨-કે-૨૭૯૯ ઉપર આવતા ધર્મેશ નાનજી બાબરીયા રહે.ઊના, ઋત્વિક વિરજીભાઈ વાજા રહે.ઊના, મંજુબેન મંગાભાઈ પરમાર રહે.ગાંગડા વાળાને રોકી તેની પાસે રહેલ પ્લાસ્ટિકના બાચકા અને મોટર સાયકલના ચોર ખાના બનાવી તેમાં રાખેલ વિદેશી દારૂનીની બોટલો નંગ ૪૨૮, બે મોબાઈલ ફોન, બે મોટર સાયકલ મળી કુલ રૂપિયા ૧ લાખ ૬૧ હજાર ૪૫૦ના મુદા માલ સાથે પકડી ઊના પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરી પૂછપરછ કરતા આ દારૂનો જથ્થો ઘોઘલાના જય અંબે બારના ધર્મેન્દ્ર જેઠાભાઈ બારીયાએ આપેલ હતો તેની સામે ગુનો દાખલ કરીને તપાસ હાથ ધરી છે.

વેરાવળ : મોટરકારે બાઈકને હડફેટે લેતા ચાલકનું મૃત્યુ

(રાકેશ પરડવા દ્વારા) વેરાવળ તા.૮

વેરાવળમાં રહેતા નોમાન યાકુબભાઈ ચૌહાણ (ઉ.વ.૨૬) ગત તા.૧૧ ના મોટર સાયકલ નં. જી.જે. ૧૧ સી.જે. ૬૪૬૫ માં ઝડકા ગામેથી વેરાવળ આવી રહેલ તે વખતે બાયપાસ રોડ ઉપર આવેલ હોટલપાર્ક નજીક મોટર કાર નં. જી.જે. ૧૫ ડી.ડી. ૮૪૫૬ ના ચાલકે બેફીકરાઈથી ચલાવી નોમાન ની મોટર સાયકલને હડફેટે લેતા ગંભીર ઈજાઓ સાથે વેરાવળ તથા જૂનાગઢ અને ત્યાંથી વધુ સારવાર માટે અમદાવાદ લઈ જઈ રહેલ તે વખતે રસ્તામાં તેમનું મૃત્યુ નીપજેલ હતું. આ અકસ્માત અંગે મૃતકના બનેવી મહમદ અકીલ હારૂન ચૌહાણ એ મોટર કારના ચાલક સામે પોલીસમાં ફરીયાદ નોંધાવતા વધુ તપાસ પી.એસ.આઈ. કાગડાએ હાથ ધરેલ છે.

રાજકોટની ૪૨ સહિત ગુજરાતમાં ૮૦૦ એમ્બ્યુલન્સ થકી કાર્ડિયાક સંબંધિત રાજકોટમાં ૪૭,૧૯૦ સહિત ગુજરાતમાં ૬.૮૨ લાખથી વધુ લોકોને જીવતદાન

રાજ્યમાં એમ્બ્યુલન્સ સેવાઓની ક્ષમતામાં વધારો કરવા નવી ૧૯૮ એમ્બ્યુલન્સ માટે ૨૦૨૩-૨૪ના બજેટમાં ૫૫ કરોડની જોગવાઈ : ગુજરાતમાં અત્યાર સુધીમાં ૧.૪૭ કરોડથી વધુ, રાજકોટમાં ૭.૧૯ લાખ લોકોને તાત્કાલિક આરોગ્ય સેવા પ્રદાન કરતી “૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ” સેવા

રાજયમાં અકસ્માત કે આપત્તિના સમયે અસરગ્રસ્ત વ્યક્તિઓને તાત્કાલિક સારવાર પૂરી પાડતી ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાનો પ્રારંભ વર્ષ ૨૦૦૭ થી થયો હતો. ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા દ્વારા ૨૦૦૭ થી એપ્રિલ - ૨૦૨૩ સુધીમાં રાજ્યભરમાંથી લગભગ ૧ કરોડ ૪૭ લાખ ૫૪ હજાર ૫૨૦ થી પણ વધુ કેસીઝ(પોલીસ, ફાયર, મેડીકલ જેવા ઈમરજન્સી કેસ)માં તાત્કાલિક આરોગ્ય સેવા પુરી પાડવામાં આવી છે. આજે ટેકનોલોજીનાં માધ્યમથી રાજયભરમાં આરોગ્ય સેવાને વધુ સુદ્રઢ બનાવવા માટે ગુજરાત અગ્રેસર છે ત્યારે રાજયભરમાં કાર્યરત ૮૦૦ એમ્બ્યુલન્સ વાહનોએ રાજ્યના ખૂણે-ખૂણે ગણતરીની સરેરાશ ૧૬ મિનિટમાં જ ઉપલબ્ધ બની અત્યંત કટોકટીની પળોમાં ૧૩,૬૫,૯૫૦ લાખથી વધુ લોકોને સારવાર આપી છે. દરિયામાં બીમારી અથવા અકસ્માત સમયે મેડિકલની ઈમરજન્સીમાં તાત્કાલિક સારવાર મળી રહે તે માટે પણ રાજ્ય સરકારે નવતર અભિગમ અપનાવી ૧૦૮ બોટ એમ્બ્યુલન્સ સેવા હેઠળ રાજ્યમાં ૦૨ બોટ એમ્બ્યુલન્સ પણ ઉપલબ્ધ કરાવી છે. સમગ્ર રાજયમાં ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા જુદી જુદી મેડીકલ ઈમરજન્સી જેવી કે પ્રેગ્નન્સી સંબંધિત કેસમાં એપ્રિલ માસમાં ૨૮,૮૫૪ સહીત અત્યાર સુધીમાં ૪૯,૯૪,૯૮૮ થી વધુ ઈમરજન્સી કેસ, રોડ અકસ્માત સંબંધિત એપ્રિલ માસમાં ૧૩,૨૦૨ સહીત અત્યાર સુધીમાં ૧૮,૨૩,૯૧૭ થી વધુ ઈમરજન્સી કેસ, કાર્ડિયાક સંબંધિત એપ્રિલ માસમાં ૫,૧૬૮ સહીત ૬,૮૨,૭૫૯ ઈમરજન્સી કેસ, શ્વસન સંબંધિત એપ્રિલ માસમાં ૬૭૬૮ સહીત ૭,૭૪,૬૩૭ થી વધુ ઈમરજન્સી કેસમાં લોકોને તાત્કાલિક સારવાર આપીને જીવ બચાવાયા છે. ગુજરાત રાજ્યમાં એપ્રિલ માસમાં ૬૯૨ સહીત અત્યાર સુધીમાં ૧,૨૮,૪૭૬ અને રાજકોટ જિલ્લામાં એપ્રિલ માસમાં ૫૬ સહીત અત્યાર સુધીમાં ૬૭૩૫ બાળકોનો જન્મ એમ્બ્યુલન્સમાં થયો છે. જેમાં ૧૦૮ એમ્બ્યુલન્સમાં કાર્યરત ઈમરજન્સી મેડીકલ ટેક્નીશીયન દ્વારા મહિલાઓની એમ્બ્યુલન્સ વાનમાં સ્થળ પર જ સલામત પ્રસૂતિ કરાવવામાં આવી છે. રાજકોટ જિલ્લાની વિગતો આપતાં પ્રોગ્રામ મેનેજર અભિષેક ઠાકર અને જિલ્લા સુપરવાઈઝર શ્રી દર્શિત પટેલએ જણાવ્યું હતું કે, ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા રાજકોટમાં જુદી જુદી મેડીકલ ઈમરજન્સી જેવી કે પ્રેગ્નન્સી સંબંધિત કેસમાં એપ્રિલ માસમાં ૧,૧૨૬ સહીત અત્યાર સુધીમાં ૧,૯૭,૩૯૫ થી વધુ ઈમરજન્સી કેસ, રોડ અકસ્માત સંબંધિત એપ્રિલ માસમાં ૬૪૭ સહીત અત્યાર સુધીમાં ૧,૦૬,૦૬૪ થી વધુ ઈમરજન્સી કેસ, કાર્ડિયાક સંબંધિત એપ્રિલ માસમાં ૩૬૪ સહીત ૪૭,૧૯૦ ઈમરજન્સી કેસ, શ્વસન સંબંધિત એપ્રિલ માસમાં ૩૫૬ સહીત ૩૭,૪૯૩ થી વધુ ઈમરજન્સી કેસમાં લોકોને તાત્કાલિક સારવાર આપીને નવજીવન આપવામાં આવ્યું છે. ગુજરાત રાજ્યમાં એપ્રિલ માસમાં ૭૮૪ સહીત અત્યાર સુધીમાં ૧,૨૯,૨૬૦ અને રાજકોટ જિલ્લામાં એપ્રિલ માસમાં ૪૮ સહીત અત્યાર સુધીમાં ૬૭૮૩ બાળકોનો જન્મ એમ્બ્યુલન્સમાં કરાવી ૧૦૮ એમ્બ્યુલન્સમાં કાર્યરત ઈમરજન્સી મેડીકલ ટેકનીશીયન્સએ મહિલાઓની એમ્બ્યુલન્સ વાનમાં સ્થળ ઉપર જ સલામત પ્રસૂતિ કરાવીને ઉત્તમ આરોગ્ય સેવાનો દાખલો પ્રસ્થાપિત કર્યો છે. ટેકનોલોજીનાં આ યુગમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનાં ડિજિટલ ઈન્ડિયાના સ્વપ્નને સાકાર કરવા ૧૦૮ ઈમરજન્સી સેવાનું પણ ડિજિટાઈઝેશન કરી ૧૦૮ ઈમરજન્સી સેવાનો લાભ નાગરિકોને ઝડપથી આંગળીના ટેરવે જ મળે તે માટે રાજ્ય સરકાર દ્વારા “૧૦૮ સીટીઝન” નામની મોબાઈલ એપ્લીકેશનનું નવું વર્ઝન આરોગ્યમંત્રી ઋષિકેશભાઈ પટેલનાં હસ્તે લોન્ચ કરવામાં આવ્યું હતું. રાજ્યમાં એમ્બ્યુલન્સ સેવાઓની ક્ષમતામાં વધારો કરવા માટે નવી ૧૯૮ એમ્બ્યુલન્સ માટે ૨૦૨૩-૨૪ના બજેટમાં ૫૫ કરોડની જોગવાઈ પણ કરવામાં આવી છે. ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ આજે માત્ર દર્દીઓને હોસ્પિટલે લઈ જવા પૂરતી જ મર્યાદિત રહી નથી. લાઈફ સેવિંગ અદ્યતન સાધનોથી સુસજ્જ ૧૦૮ ખરા અર્થમાં મીની હોસ્પિટલ બની ચુકી છે. જેમાં ઈમરજન્સી સારવાર માટેની દવાઓથી માંડીને ઈમરજન્સી લાઈફ સેવિંગ મેડિસિન, મેડિકલ ઈક્વિપમેન્ટ્સ, અલગ અલગ ચાર પ્રકારના સ્ટ્રેચર, એક્સિડન્ટ કિટ, ઓક્સિજન કિટ, હાર્ટએટેકના દર્દી માટે ઈ.સી.જી. મશીન, વેન્ટિલેટર, નાનાં બાળકો માટે હેન્ડ પંપ, ઈમરજન્સી ફ્રેક્ચર કિટ સહિત નાની મોટી થઈને ૨૭૪ જેટલી ઈમરજન્સી સારવારની સુવિધાઓનો સમાવેશ થાય છે. અદ્યતન હોસ્પિટલમાં જે રીતે નવીનતમ સાધનોની મદદથી દર્દીનો જીવ બચાવવામાં આવે છે તેવી જ રીતે તમામ સુવિધા ધરાવતી ૧૦૮ની મદદથી ગોલ્ડન અવરમાં રસ્તામાં જ પ્રાથમિક સારવાર મળી જતાં દર્દીનાં જીવનું જોખમ મહદ્ અંશે ટળી જતાં બચવાની શક્યતાઓ વધી જાય છે.

સંકલન:- ભાવિકા લીંબાસીયા

વેરાવળમાં ચેક રિટર્ન થતા કોર્ટે એક વર્ષની સજા ફટકારી

(રાકેશ પરડવા દ્વારા) વેરાવળ તા.૮

વેરાવળની કોર્ટમાં ચેક રીટર્ન અંગેનો કેસ ચાલેલ જેમાં આરોપીને એક વર્ષની સાદી કેદની સજા તથા ચેકની રકમ રૂા.૪,૧૨,૧૦૫ ચુકવવા હુકમ કરેલ છે.

આ કેસની વિગતો આપતા એડવોકેટ પ્રવિણચંદ્ર ડાંગોદરાએ જણાવેલ કે, વેરાવળના વિશાલ જેસાભાઈ રામ પાસેથી નરેશભાઈ દેવશીભાઈ સોલંકી રહે.ભાલપરા એ રૂા.૧૦,૦૮,૧૦૫/- નો ઉધાર જીંગા માટેનો ખોરાક ખરીદ કરેલ હતો. ત્યારબાદ રૂા.૫,૯૬,૦૦૦/- ચુકવી આપેલ અને બાકી રહેતી રૂા.૪,૧૨,૧૦૫/- રકમનો ચેક આપેલ જે ચેક બેંકમાં રજુ કરતા વગર વસુલાતે પરત ફર્યો હતો.

જેથી વિશાલભાઈએ એડવોકેટ પ્રવિણચંદ્ર ડાંગોદરા, દિલીપ આર. વ્યાસ, ધર્મેન્દ્ર (ધવલ) ચાવડા મારફત ડીમાન્ડ નોટીસ મોકલેલ તેમ છતાં નાણા પરત આપેલ નહી જેથી વેરાવળનાં ચિફ જ્યુડી. મેજી.ની કોર્ટમાં ધી નેગો.ઈન્સ્યુ. એકટની કલમ-૧૩૮ હેઠળ કેસ કરેલ જે ચાલી જતા ચિફ જ્યુડી. મેજી. એ.એ.ઝા આરોપી નરેશભાઈ સોલકીને એક વર્ષની સાદી કેદની સજા તથા રૂા.૪,૧૨,૧૦૫/- ચુકવવા હુકમ કરેલ અને જો નાણા ચુકવવામાં કસુર કરે તો વધુ એક માસની સજા ભોગવવા હુકમ કરેલ હોવાનું જણાવેલ છે.

મેંદરડા અને માણાવદર તાલુકાના ગામડાઓમાં પીજીવીસીએલના દરોડા

જૂનાગઢ જીલ્લામાં ત્રાટકેલી ટીમોએ લાખોની વીજચોરી પકડી

જૂનાગઢ, તા.૮

છેલ્લાં કેટલાંક સમયથી સૌરાષ્ટ્ર-કચ્છમાં વીજચોરીનું દૂષણ એટલું વ્યાપક બની ગયું છે કે, પીજીવીસીએલને વર્ષે દહાડે કરોડો રૂપિયાનું નુકસાન ભોગવવાનો વારો આવે છે. નિયમિત ગ્રાહકોને ગુણવત્તાયુક્ત અને સાતત્યપૂર્ણ વીજપુરવઠો પૂરી પાડવાની કટિબદ્ધતા આડે આવા વીજચોરો અંતરાય બનીને ઊભા રહી જાય છે. પરિણામે વીજતંત્રને તેની રોજિંદી કામગીરી ઉપરાંત આવા તત્વો સામે ઝઝૂમવામાં સમય આપવો પડે છે. સરવાળે, નિયમિત ગ્રાહકોને પણ ક્યારેક તેમના કામોમાં સમયનો વિલંબ થતો હોવાનું અનુભવાયા વગર રહેતું નથી. વીજચોરીના આ સામાજિક દૂષણને ડામવા પીજીવીસીએલ દ્વારા સતત આકરી કામગીરી કરવામાં આવી રહી છે. એટલું જ નહિ, વધુ વીજલોસ ધરાવતા ફીડરો પર આયોજનબદ્ધ ચેકિંગ કરવામાં આવી રહ્યું છે.

પીજીવીસીએલને કરોડોનો ચૂનો લગાવતા આવા વીજચોરો સામે વીજતંત્રે હવે લાલ આંખ કરી છે અને વિવિધ વર્તુળ કચેરીઓના અધિક્ષક ઈજનેરો તેમજ વિભાગીય કચેરીઓના કાર્યપાલક ઈજનેરોની સીધી દેખરેખ હેઠળ સૌરાષ્ટ્ર-કચ્છના અનેક વિસ્તારો-જિલ્લાઓમાં ઈજનેરોની સંખ્યાબંધ ટુકડીઓ દ્વારા સામૂહિક વીજચેકિંગ ડ્રાઈવનું આયોજન કરીને આવા તત્વોને સબક શીખવવામાં આવે છે. ગત તા.૫-૫-૨૦૨૩ના રોજ આવી જ ઈન્સ્ટોલેશન ચેકિંગ ડ્રાઈવના અનુસંધાને જૂનાગઢ જિલ્લાની જૂનાગઢ વિભાગીય કચેરી- ૨ હેઠળની મેંદરડા, મણાવદર અને વંથલી પેટા વિભાગીય કચેરીઓ હેઠળના વિવિધ વિસ્તારોમાં એસ.આર.પી. સ્ટાફ તથા અન્ય સ્ટાફના ચુસ્ત બંદોબસ્ત હેઠળ ઈજનેરોની કુલ ૨૨ જેટલી વીજચેકિંગ ટીમો દ્વારા વીજચેકિંગની કામગીરી કરવામાં આવી હતી. આ દરમ્યાન રહેણાંક, વાણિજ્યિક, ખેતીવાડી વગેરે મળીને કુલ ૨૧૯ જેટલા વીજ જોડાણો ચકાસવામાં આવ્યાં હતા, જેપૈકી ૫૯ વીજ જોડાણોમાં જુદા જુદા પ્રકારની ગેરરીતિ માલૂમ પડતાં કુલરૂ.૧૫.૦૫ લાખની દંડનીય આકારણીના બિલ ફટકારવામાં આવ્યાં હતા. નોંધનીય છે કે એપ્રિલ-૨૩ના સમયગાળા દરમ્યાન જૂનાગઢ વર્તુળ કચેરી હેઠળ કુલ ૫૧૩ વીજ જોડાણો ચકાસવામાં આવ્યાં છે, જેમાંથી કુલ૪૧૫ વીજ જોડાણોમાં વિવિધ ગેરરીતિ સબબ કુલ રૂા.૧૯૬.૬૩ લાખની દંડનીય આકારણીના બિલ આપવામાં આવ્યાં છે. ઉલ્લેખનીય છે કે પીજીવીસીએલ દ્વારા તાજેતરમાં જ ભુજ અને અંજાર ઉપરાંત સૌરાષ્ટ્ર-કચ્છના અનેક સ્થળોએથી ખાનગી ટ્રાન્સફોર્મર દ્વારા થતી વીજચોરી પકડી પાડવામાં આવેલ છે અને સુરેન્દ્રનગર પંથકમાં આવેલી લાઈમસ્ટોન્સની અનેક ખાણોમાં ઓચિંતું ચેકિંગ કરીને કરોડો રૂપિયાની વીજચોરી પકડી પાડવામાં આવેલ છે. ઉપરાંત, મીઠાના અગરિયાઓ દ્વારા પણ મોટાપાયે વીજચોરી થતું હોવાનું ધ્યાને આવતા આવા તત્વો પર પણ લગામ કસવામાં આવી છે. આગામી દિવસોમાં ચેકિંગની આ ઝુંબેશને વધુ વ્યાપક અને ગતિશીલ બનાવાશે તેવું વીજતંત્રના સૂત્રોએ જણાવ્યું છે. પીજીવીસીએલની આ કામગીરીને લીધે વીજચોરોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

જૂનાગઢ શ્રી મયારામ દાસજી આશ્રમ ખાતે

નવી ગૌશાળા માટે મોટી હવેલી દ્વારા મનસુખભાઈ વાજાને ચેક અર્પણ કરતા પૂજ્ય ગોસ્વમી પિયુષબાવાશ્રી

જૂનાગઢ, તા.૮

જૂનાગઢ શહેરમાં ગિરનાર રોડ ઉપર આવેલ શ્રી મયારામદાસજી આશ્રમ ખાતે ચાલતી ગૌશાળા માટે મોટી હવેલીના પૂજ્ય ગોસ્વામી પિયુષબાવાશ્રી દ્વારા મનસુખભાઈ વાજાને ગૌશાળા માટે રૂપિયા એક લાખ અગિયાર હજારનો ચેક અર્પણ કરેલ. આ ગૌશાળા કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલ ભરતભાઈ લાખાણી તથા હસમુખભાઈ ત્રિવેદીએ આ દાન આપવા બદલ મયરામદાસજી આશ્રમના સર્વે ટ્રસ્ટીઓ અને કાર્યકર્તા દ્વારા હદય પૂર્વક જૂનાગઢ મોટી હવેલીનો તેમજ પૂજ્ય ગોસ્વામી પિયુષબાવાશ્રીનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

ધારાસભ્ય ભગવાનજીભાઈ કરગઠિયાના હસ્તે ભાખરવડ ગામે પ્લોટની સનદનું વિતરણ કરાયું

જૂનાગઢ તા.૬

માળીયાહાટીના અને માંગરોળ વિસ્તારના ધારાસભ્ય ભગવાનજીભાઈ કરગઠિયાના હસ્તે ભાખરવડ ગામે ૧૯૯ પ્લોટના સનદ વિતરણ તેમજ જનહિતના વિકાસ કામોનું ખાતમુહૂર્તનો કાર્યક્રમયોજાયો હતો. સિંચાઈ વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવેલ માળિયાહાટીના તાલુકાના ભાખરવડ પુનઃ પ્રભારણ યોજનામાં ડુબમાં ગયેલ ભાખરવડના રહેવાસીઓને સિંચાઈ વિભાગના ઠરાવ અનુસાર ગામતળમાં રહેણાંકના ઘર માટે જમીન આપવાનું ઠરાવેલ હતુ. જે બાબતે જૂનાગઢ સિંચાઈ વિભાગ અને મામલતદાર કચેરી માળીયાના સંકલીત પ્રયાસો દ્વારા પ્લોટોની સનદો તૈયાર કરવામાં આવેલ હતી. તા.૫ મેના રોજ લાભાર્થીઓને ધારાસભ્ય ભગવાનજીભાઈ કરગઠીયા હસ્તે, નાયબ કાર્યપાલક ઈજનેર ક્ષાર અંકુશ પેટા વિભાગ, ચોરવાડ વી.પી.સુત્રેજા, તાલુકા વિકાસ અધિકારી-માળીયા, મદદનીશ ઈજનેર આર.એન.કાથડ તેમજ અન્ય આગેવાનોની અને ગ્રામજનોની ઉપસ્થિતિમાં ૧૯૯ સનદોનું વિતરણ કરવામાં આવ્યું હતું. તેમજ અન્ય જનહિતના કામોમાં ભાખરવડથી કિષ્નાપરાને જોડતો ડામર રોડ અને વ્રજમી ડેમની કાલિમ્ભડા ગામતરફની રીચાર્જ કેનાલના કામનું ખાતમુર્હુત ધારાસભ્યના હસ્તે કરવામાં આવ્યું હતું.

નરસિંહ મહેતા જન્મજયંતી ઉપર ગિરનારી સાધક રતીદાદા જોશીના નામે અપાયો ગોલ્ડ મેડલ



જૂનાગઢ, તા.૮

ભકત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના ઈતિહાસ વિભાગમાં વર્ષ ૨૦૨૧-૨૨માં પ્રથમ આવનાર ભાવિકાબેન ભરડાને સાંદીપની પોરબંદર ખાતે યોજાયેલ દિક્ષાંત સમારોહમાં કેશોદ જગન્નાથ આશ્રમના પ્રણેતા અને ગિરનારી સાધક રતીદાદા જોષીના નામથી ગોલ્ડ મેડલ આપવામાં આવ્યો હતો. ઈતિહાસના સનિષ્ઠ શિક્ષક તરીકે આશરે ચાર દાયકા સુધી ઘેડ વિસ્તારમાં શ્રેષ્ઠતમ કામગીરી કરી અનેક વિદ્યાર્થીઓની કારકીર્દી ઘડવામાં રતીદાદા જોષીનું બહુ મોટું યોગદાન રહ્યું છે. ભાઈશ્રી રમેશભાઈ ઓઝાની નિશ્રામાં અપાયેલ આ એવોર્ડ સમયે કેશોદ આશ્રમના હિમાંશુભાઈ જોશી, પોરબંદરના સાંસદ રમેશભાઈ ધડુક ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આજે ૮ મે-આંતરરાષ્ટ્રીય રેડ ક્રોસ દિવસ

World
Red Cross
Day

રેડ ક્રોસની આંતરરાષ્ટ્રીય સમિતિના સ્થાપક હેનરી ડ્યુનાન્ટની જન્મજયંતિ છે. પ્રથમ 'આંતરરાષ્ટ્રીય રેડ ક્રોસ દિવસ', જેમ કે તે જાણીતો હતો, ૮ મે ૧૯૪૮ના રોજ ઉજવવામાં આવ્યો હતો. ચળવળના બે સૂત્ર - "ઈન્ટર આર્મા કેરિટાસ" ("યુદ્ધમાં, ચેરિટી") અને "પ્રતિ માનવીયતામ એડ પેસેમ" ("શાંતિ માટે માનવતા દ્વારા") - રેડ ક્રોસ અને રેડ ક્રેસન્ટના આદર્શોનેવ્યક્ત કરે છે. રેડક્રોસ હેનરી ડ્યુનાન્ટ નામના વ્યક્તિની પહેલથી અસ્તિત્વમાં આવ્યો, જેણે ૧૮૫૯માં સોલ્ફેરીનોની લડાઈમાં ઘાયલ સૈનિકોને મદદ કરી અને પછી યુદ્ધ પીડિતોના રક્ષણ માટે વધુ પગલાંલેવા રાજકીયનેતાઓને લોબિંગ કર્યું. રેડ ક્રોસનો જન્મ ૧૮૬૩માં થયો હતો. જ્યારે ડુનાન્ટ સહિત જીનીવાના પાંચ માણસોએ ઈન્ટરનેશનલ કમિટી ફોર રિલીફ ટુ ધ વેન્ડેડની સ્થાપના કરી હતી, જે પાછળથી રેડ ક્રોસની ઈન્ટરનેશનલ કમિટી બની હતી. તેનુંપ્રતીક સફેદ પૃષ્ઠભૂમિ ઉપર લાલ ક્રોસ હતુંઃ સ્વિસ ધ્વજનુંઊલટું. ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી (IRCS)ની સ્થાપના ૧૯૨૦માં ભારતીય રેડ ક્રોસ સોસાયટી એક્ટ હેઠળ કરવામાં આવી હતી અને ૧૯૨૦ના સંસદ અધિનિયમ ૧૫ હેઠળ સમાવિષ્ટ કરવામાં આવી હતી. આ અધિનિયમમાં છેલ્લે ૧૯૯૨ માં સુધારો કરવામાં આવ્યો હતો અને નિયમોની રચના ૧૯૯૪માં કરવામાં આવી હતી. તેઓ ભારતના રાષ્ટ્રપતિ ભારતીય રેડ ક્રોસ સોસાયટીના અધ્યક્ષ છે. તે એક સ્વૈચ્છિક માનવતાવાદી સંસ્થા છે જે માનવ જીવન અને આરોગ્યનું રક્ષણ કરે છે. જનરલ સેક્રેટરી / સીઈઓ - ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીનાં બાલાસુબ્રમણ્ય એચએસ છે. પ્રથમ વિશ્વયુદ્ધ પછી, રેડ ક્રોસને શાંતિમાં મુખ્ય યોગદાન તરીકે રજૂ કરવામાં આવ્યું હતું અને રેડ ક્રોસ ટૂસનો અભ્યાસ કરવા માટે રેડ ક્રોસની ૧૪મી આંતરરાષ્ટ્રીય પરિષદમાં આંતરરાષ્ટ્રીય કમિશનની સ્થાપના કરવામાં આવી હતી. ૧૯૩૪માં રેડ ક્રોસ ટૂસનો અહેવાલ રજૂ કરવામાં આવ્યો હતો અને ટોક્યોમાં ૧૫મી આંતરરાષ્ટ્રીય પરિષદમાં તેના સિદ્ધાંતોને મંજૂરી આપવામાં આવી હતી જેથી તેસમગ્રવિશ્વમાં વિવિધ પ્રદેશોમાં લાગુ થાય. ૧૯૪૬માં બીજા વિશ્વયુદ્ધમાં, ટોક્યો પ્રસ્તાવ અમલમાં મૂકવામાં આવ્યો હતો. વાર્ષિક ઉજવણીની શક્યતા "લીગ ઓફ ધ રેડ ક્રોસ સોસાયટીઝ (એલઓઆરસીએસ)" ના બોર્ડ ઓફ ગવર્નર્સ દ્વારા પૂછવામાં આવી હતી, જેને પાછળથી ઈન્ટરનેશનલ ફેડરેશન ઓફ રેડ ક્રોસ સોસાયટીઝની જનરલ એસેમ્બલી તરીકે ઓળખવામાં આવી હતી. બે વર્ષ પછી વાર્ષિક વિશ્વ રેડક્રોસ દિવસની ઉજવણીનો પ્રસ્તાવ ૮ મે, ૧૯૪૮ના રોજ, રેડ ક્રોસના સ્થાપક હેનરી ડ્યુનાન્ટની જન્મજયંતિએ અપનાવવામાં આવ્યો. ૧૯૮૪ માં સત્તાવાર રીતે તેને "વર્લ્ડ રેડ ક્રોસ અને રેડ ક્રેસન્ટ ડે" નામ આપવામાં આવ્યું હતું.

- ડો.જી.આર.ગોહિલ

કોડીનાર જીવનદીપ ટ્રસ્ટના ૨૦માં સ્થાપના દિવસની થયેલ ઉજવણી

(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર, તા.૮

જીવનદિપ હેલ્થ એજયૂકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સંસ્થાનો ૨૦ સ્થાપના દિવસ તથા માનો દિવ્યાંગ બાળકોના ડેકેર સેન્ટરના વાર્ષિકોત્સવની ઉજવણી મનોદિવ્યાંગ બાળકોના દિશા કમ વિકાસ ડે કેર સેન્ટર, ચોરવાડી હનુમાન મંદિરની બાજુમાં, બાયપાસ રોડ, કોડીનાર ખાતે કરવામાં આવી હતી. વાર્ષિકોત્સવની ઉજવણીના ભાગરૂપે દિશા કમ વિકાસ સેન્ટરના મનોદિવ્યાંગ બાળકોના વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા જેમાં મનોદિવ્યાંગ બાળકોએ વિવિધ દેશ ભક્તિ અને લોકગીતો ઉપર ડાન્સ પર્ફોરમન્સ કરી ઉપસ્થિત તમામને મંત્રમુગ્ધ કરેલ ત્યારબાદ વર્ષ દરમ્યાન સંસ્થામાં મદદ કરનાર તમામ દાતાઓ તથા કાર્યકર્તાઓનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. વાર્ષિકોત્સવ કાર્યક્રમમાં ગુપ્ત પ્રયાગ વ્રુધ્ધા આશ્રમના મહંત પૂજનીય વિવેકાનંદબાપુ, કોડીનારના ફૈજે મહમદ એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ પીર સૈયદ રફીકબાપુ કાદરી, કોડીનાર નગરપાલિકાના પૂર્વ પ્રમુખ સમીમબેન હાલાઈ, વેરાવળ નગરપાલિકાના કાઉન્સેલર ચંદ્રિકાબેન સીકોતરીયા, સેજલ કલીનીકના ડો. વિજયભાઈ બારડ, તથા કોડીનાર તાલુકાના તમામ નામાંકિત ડોકટરો તથા કોડીનારની આર.એન વાળા સ્મારક ટ્રસ્ટના ડોકટરો, કોડીનાર તાલુકા સરપંચ સંઘના પ્રમુખ અને શેઢાયા ગ્રામ પંચાયતના સરપંચ કનુભાઈ લાખણોત્રા, રામનગર પે સેન્ટર શાળાના આચાર્ય અભેસિંહભાઈ ડોડીયા, કોડીનાર પત્રકાર સંઘના પ્રમુખ દિનેશભાઈ જોષી તથા અલ્તાફભાઈ મુગલ, સત્યમ સેવક યુવક મંડળના પ્રમુખ ભાવેશભાઈ રૂપારેલ, કોડીનાર આર્ટ ઓફ લીવીંગના જયેશભાઈ અજબીયા, હાર્દિકભાઈ કામળીયા, રાષ્ટ્રીય સ્વયમ સેવક સંઘના નરસિંહભાઈ જાદવ, વિજયભાઈ ગટેચા, ગોપાલભાઈ વાળા, સાગર ખેડું ફાઉન્ડેશનના પ્રમુખ ફિરોજભાઈ લુચાણી, મૂળ દ્વારકા માચ્છીમાર સમાજના અગ્રણી ઈશાભાઈ ભેસલીયા, ગાયત્રી સ્કુલના સંચાલક અલ્પેશભાઈ ડોડીયા, ભગવતી સેવા મંડળ કોડીનાર સોનલબેન ભટ્ટ તથા કાર્યકરતા મિત્રો, દાદા દાદી મંડળના જયંતીલાલ ભટ્ટ તથા ચંપાબેન ભટ્ટ, પ્રગતિ મહિલા મંડળના પ્રતિમાબેન ત્રિવેદી, સામાજિક અગ્રણી પ્રો.ડો. રામભાઈ વાઢેળ, ભીમ સેનાના પ્રમુખ વિજયભાઈ વાઢેળ તથા કોડીનાર તાલુકાની જનતાએ બહોળી સંખ્યામાં હાજર રહી દિવ્યાંગ બાળકોનો ઉત્સાહ વધારેલ હતો. કાર્યક્રમની શરૂઆત સંસ્થાના મનોદિવ્યાંગ બાળકોએ પ્રાર્થનાથી કરવામાં આવેલ તથા મનો દિવ્યાંગ બાળકોએ સ્વાગત ગીત સાથે ડાન્સથી ઉપસ્થિત મહેમાનોનું સ્વાગત કરેલ, સંસ્થા પરિચય અને મહેમાનોનું શબ્દોથી સ્વાગત સંસ્થાના મંત્રી આરીફભાઈ ચાવડાએ કરેલ હતું તથા કાર્યક્રમમાં આશિર વચન પૂજનીય વિવેકાનંદ બાપુએ આપતા જણાવેલ કે જીવનદીપ સંસ્થાના મનો દિવ્યાંગ બાળકો માટે ખુબ સારૂ કામ કરી રહી છે તેમજ સંસ્થામાં જે તાલીમ થકી ઉત્થાન થઈ રહ્યું છે તે આપણે અહી સ્ટેજ ઉપર બાળકો દ્વારા રજુ કરેલ કૃતિઓથી અંદાજ લગાવી શકીએ અને જો મનો દિવ્યાંગ બાળકોને તાલીમ આપવામાં આવે તો તે પણ સમાજમાં હળી મળી શકે છે જેથી વધુમાં વધુ મનો દિવ્યાંગ બાળકોને તાલીમ બદ્ધ કરવા અનુરોધ કરૂ છું તથા આ સંસ્થામાં વધુને વધુ સહયોગ આપવા અનુરોધ કરૂ છું, સંપૂર્ણ કાર્યક્રમનું સંચાલન ઓરકેસ્ટ્રા દીપકભાઈ ગોહિલએ કર્યુ હતું. કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ માટે પ્રસાદી વ્યવસ્થા ઈન્ડિયા બેકરી વાળા ફારૂકભાઈ જુણેજા, ગણેશ વેજીટેબલ વાળા રમેશભાઈ સોલંકી તથા ભાવેશભાઈ સોલંકી તરફથી કરવામાં આવેલ હતી. સાઉન્ડ સીસ્ટમની સેવા આર્ટ ઓફ લીવીંગ કોડીનાર તરફથી આપવામાં આવેલ હતી. પાયલ મંડપ સર્વિસ કોડીનાર તરફથી લાઈટ, મંડપ અને સ્ટેજની સેવા આપેલ તથા પાણીની વ્યવસ્થા ભાવેશભાઈ ગંભીર બ્રાઈટ મિનરલ્સ તરફથી કરવામાં આવેલ, વિડીયોગ્રાફી અને ફોટોગ્રાફી માટે જયેશભાઈ રાધિકા સ્ટુડિયો તરફથી સેવા આપેલ તેમજ કાર્યક્રમ દરીયાન સંસ્થામાં દિવ્યાંગ બાળકોના લાભાર્થે અનેક દાતાઓ તરફથી અનેક જરૂરિયાત મુજબની વસ્તુઓ દાન પેટે આપવામાં આવેલ હતી. વાર્ષિકોત્સવ કાર્યક્રમને સફળ બનાવવા જીવનદિપ હેલ્થ એજયૂકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ કોડીનારની સમગ્ર ટીમે જહેમત ઉઠાવી હતી.

ખંભાળિયાની મહિલા સંસ્થાઓ દ્વારા હસ્ત નિર્મિત ચીજ વસ્તુઓની પ્રદર્શની યોજાઈ

(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૮

ખંભાળિયાની મહિલા સેવા સંસ્થાઓ મહિલા મંડળ તથા લેડીઝ ચેમ્બર ઓફ કોમર્સના ઉપક્રમે અહીંના પાળેશ્વર મંદિર પાસે આવેલા એક હોલ ખાતે મહિલાઓ નિર્મિત હેરિટેજ હેન્ડ મેડ (ભરત ગુંથણ)ની ચીજ વસ્તુઓના એક્ઝિબિશનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જુદી જુદી પ્રકારની ચીજ વસ્તુઓ પ્રદર્શનમાં મૂકવામાં આવી હતી. જેમાં ચટાઈ, શાલ, ચાદર, ચોપાટ (રમત), તોરણ, રંગોળી, પર્સ વિગેરે જેવી ચીજ વસ્તુઓ આકર્ષણરૂપ બની રહી હતી. આ સમગ્ર આયોજન માટે સંસ્થાના હોદ્દેદારો નિમિષાબેન નકુમ, હેતલબેન સવજાણી, રેખાબેન નકુમ, ચંદ્રિકાબેન નકુમ, વિગેરે દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી. આ કાર્યક્રમનું સંચાલન પ્રોજેક્ટ ચેરમેન રેખાબેન નકુમ દ્વારા કરવામાં આવ્યું હતું.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

તંત્રી લેખ

નકસલીઓનાં ખાત્મા માટે કેન્દ્ર - રાજય સરકારે રણનીતિ ઘડવી પડશે

છત્તીસગઢનો દંતેવાડા જિલ્લો નકસલીઓની ગતિવિધિઓ માટે કુખ્યાત છે, તેમાં ગતરોજ જે રીતે ડિસ્ટ્રીક્ટ રિઝર્વ ફોર્સના એક વાહનને બારુદી સુરંગથી ઉડાવી દેવામાં આવ્યું અને જેને કારણે ૧૦ જવાનો અને એક વાહન ચાલકે પોતાના જીવ ગુમાવવા પડ્યા, તેનાથી ખબર પડે છે કે નક્સલીઓ હજુ પણ બેલગામ છે. આ ઘટના એટલા માટે વધુ ચિંતાજનક છે, કારણ કે છેલ્લા કેટલાક સમયથી એક તો નક્સલીઓની સક્રિયતા ઘટતી દેખાઈ રહી હતી અને બીજું, એવા દાવા પણ કરાઈ રહ્યા હતા કે તેમના દુસ્સાહસનું દમન કરવામાં સફળતા મળી છે. દંતેવાડાની ઘટના એ જ સ્પષ્ટ કરે છે કે નક્સલી ન માત્ર આંતરિક સુરક્ષા માટે પડકાર બનેલા છે, બલ્કે એમના સુધી અત્યાધુનિક હથિયારો પણ પહોંચી રહ્યા છે. એ પણ સ્પષ્ટ છે કે તેમના દુસ્સાહસનું દમન કરવા માટે હજુ ઘણું બધું કરવું બાકી છે. આ બાકી ક્રમ પ્રાથમિકતાના આધાર પર કરવું જોઈએ. તેમાં કેન્દ્ર અને રાજ્ય સરકારોએ દરેક સ્તર પર સહયોગ અને સમન્વય સ્થાપવો જોઈએ. એની સાથે જ એ સવાલનો જવાબ પણ શોધવો જોઈએ કે નક્સલી ફરી એક વાર એવી જ ઘટનાને અંજામ આપવામાં કેવી રીતે સફળ થઈ ગયા, જેવી તેઓ આ ઘટના પહેલાં પણ કેટલીય વાર કરી ચૂક્યા છે?

એ કઈ રીતે શક્ય બન્યું કે નક્સલીઓએ દંતેવાડા જિલ્લાના અરનપુર થાણાથી માત્ર બે કિમી દૂર એક સડક પર બેહદ શક્તિશાળી બારુદી સુરંગ લગાવી દીધી? એ તથ્ય એટલા માટે વધુ ચિંતા પેદા કરનારું છે, કારણ કે જે સડક પર બારુદી સુરંગ લગાવવામાં આવી, તે કોઈ નિર્જન રસ્તો નથી. સ્પષ્ટ છે કે ક્યાંકને ક્યાંક સુરક્ષા અને ચોક્સાઈમાં કોઈ ચૂક થઈ છે. આ દુર્ભાગ્યપૂર્ણ છે કે ભૂતકાળમાં પણ આ પ્રકારની ચૂકથી કેટલીય ઘટનાઓ ઘટવા છતાં પણ જરૂરી બોધ લેવામાં નથી આવતો. તેના મૂળ સુધી જવાની જરૂર છે કે શું નક્સલ વિરોધી અભિયાન માટે નક્કી કરવામાં આવેલ સુરક્ષા સંબંધી માપદંડોનું પાલન કરવામાં આવ્યું? એ જ રીતે એ જૂના સવાલનો પણ જવાબ શોધવો પડશે કે નક્સલીઓ દરેક પ્રકારના ઘાતક હથિયાર અને વિસ્ફોટકો મેળવી લેવામાં કઈ રીતે સમર્થ છે અને તેમને સ્થાનિક સ્તર પર સમર્થન મળવાનું કારણ શું છે? આ કારણોનું નિવારણ કર્યા વગર વાત બનવાની નથી. નક્સલીઓની સાથે સાથે તેમના છૂપા સમર્થકો અને તેમને વૈચારિક ખોરાક આપનારા લોકો પ્રત્યે પણ કઠોરતાનો પરિચય આપવો પડશે. નક્સલીઓ એટલા માટે દયાને પાત્ર ન હોઈ શકે, કારણ કે તેઓ એવા ઘાતક શક્તુ છે, જેનો ઉદ્દેશ્ય બંદૂકના જોરે મનમાની કરવાનો છે. તેઓ નક્સલવાદી વિચારધારાની આડમાં લૂંટ, હત્યા અને ખંડણીનો ધંધો કરનારી ટોળકીઓ સિવાય બીજું કશું જ નથી. તેમની સાથે વાતચીત કરીને તેમને યોગ્ય રસ્તા પર લાવવાની કોશિશ કરવી સમયની બરબાદી છે. સારું રહેશે કે કેન્દ્ર અને રાજ્ય સરકારો તેમના સંપૂર્ણ સફાયાની કોઈ ઠોસ રણનીતિ બનાવે.

માત્ર ૭૦ રૂપિયામાં ડુપ્લીકેટ આઈકાર્ડ બનાવી આપતો

માધવપુરામાં TRB જવાનના નકલી આઈકાર્ડ બનાવવાના કૌભાંડનો પર્દાફાશ થયો

અમદાવાદ, તા.૮

પોલીસ કસ્ટડીમાં જોવા મળતા આ શખ્સનું નામ રિતેશ સોલંકીછે. માધવપુરામાં માનવ પ્રિન્ટ નામથી પ્રિન્ટિંગ પ્રેસ ચલાવતા આરોપી રિતેશ સોલંકીએ ગેરકાયદેસર TRB જવાનના આઈકાર્ડ બનાવ્યા હતા. TRB જવાનને સરકાર કે ટ્રાફિક વિભાગ દ્વારા કોઈ આઈ કાર્ડ ઈસ્યુ કર્યા નથી અને આઈકાર્ડ બનાવવાની કોઈ મંજૂરી પણ નથી. તેમ છતાં આરોપી રિતેશ સોલંકીએ TRB જવાન વિશાલ પટણીનું આઈકાર્ડ બનાવ્યું.

TRB જવાન મોટેરા આઈપીએલ મેચ જોવા TRBના આઈકાર્ડથી એન્ટ્રી કરી ત્યારે ટ્રાફિકના ઉચ્ચ અધિકારીના ધ્યાનમાં આવ્યું હતું અને આઈકાર્ડની તપાસ દરમ્યાન ગેરકાયદેસર નકલી આઈકાર્ડ બનાવવાનું રેકેટ ઝડપાયું હતું. આરોપીએ ૨૦૦૦થી વધુ TRB જવાનને આઈકાર્ડ બનાવીને આપ્યા છે. માધવપુરા પોલીસે નકલી આઈકાર્ડ બનાવવાના કૌભાંડમાં આરોપીની ધરપકડ કરીને વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ તપાસમા સામે આવ્યુ કે આરોપી રિતેષ સોલંકી પ્રિન્ટીંગ પ્રેસમા લગ્નની કંકોત્રી છાપતો હતો. ૨૦૧૯માં પોતાના મિત્રનો ભાઈ લલીત પરમાર ટ્રાફિક બ્રિગેડ વિભાગમા જોડાયો હતો. ત્યારે તેના નિમણુક પત્રના આધારે TRBનું આઈકાર્ડ તૈયાર કર્યુ હતુ. રૂ ૨૦થી આઈકાર્ડ

ગેરકાયદેસર આઈકાર્ડ બનાવવાના રેકેટ કેસમાં પોલીસે ડેટા મેળવીને વધુ તપાસ શરૂ કરી છે

બનાવવાની શરૂઆત કર્યા બાદ અત્યારે ૭૦થી ૧૦૦ રૂપિયામાં આઈકાર્ડ બનાવે છે. આઈકાર્ડ પર ડમી સહિઓ અને ટ્રાફિક બ્રિગેડના સિમ્બોલનો ઉપયોગ કરવામાં આવી છે. કોમ્પુયટર પર આઈકાર્ડ બનાવીને તેની કલર પ્રિન્ટ કાઢીને લેમીનેશન કરીને TRB જવાનને આપવામા આવે છે. માધવપુરા પોલીસે આઈકાર્ડ કૌંભાંડમા આરોપીએ કોને કોને આઈકાર્ડ બનાવીને આપ્યા છે તે મુદ્દે તપાસ શરૂ કરી છે.

TRB જવાનના આઈકાર્ડ કૌભાંડમા માધવપુરા પોલીસે કોમ્પ્યુટર અને પ્રિન્ટર જપ્ત કર્યુ છે. અમદાવાદ શહેરમા ૨૩૦૦ જેટલા TRB જવાન ફરજ બજાવે છે. જેમાંથી ૨૦૦૦થી વધુ જવાનોએ આઈકાર્ડ બનાવ્યા છે. દેખાદેખીમાં બનાવેલા આઈકાર્ડનો જવાનો દ્વારા જો કોઈ દૂર ઉપયોગ કરવામા આવ્યો હશે તો તેમની વિરૂધ્ધ કડક કાર્યવાહી કરવામા આવશે.

રૂ.૧૫ પાછા માગતા ડ્રાઇવર કંડક્ટરે ૬૯ વર્ષીય વૃદ્ધને માર માર્યો

રાજકોટની સીટી બસના ડ્રાઈવર તેમજ કંડકટર વધુ એક વખત વિવાદમાં સપડાયા

રાજકોટ, તા.૮

રાજકોટ શહેરની સીટી બસના ડ્રાઈવર તેમજ કંડકટર વધુ એક વખત વિવાદમાં સપડાયા છે. રાજકોટ શહેરના સાધુવાસવાણી રોડ પર આવેલા ગુરુજીનગર આરએમસી ક્વાર્ટરમાં રહેતા નંદલાલભાઈ ઠક્કર નામના ૬૯ વર્ષીય વ્યક્તિ દ્વારા આરએમટીએસ બસના કંડકટર તેમજ ડ્રાઈવર વિરુદ્ધ આઈપીસીની કલમ ૩૨૩, ૩૨૪, ૫૦૪, ૧૧૪ હેઠળ ફરિયાદ નોંધાવી છે.

પોલીસને આપેલી ફરિયાદમાં વૃદ્ધ નંદલાલભાઈ ઠક્કરે જણાવ્યું છે કે, તેઓ ડ્રાઈવિંગનો ધંધો કરે છે. ગત ચોથી મેના રોજ સવારના પોણા ૧૧ વાગ્યાના અરસામાં ઈન્દિરા સર્કલથી તેઓ ત્રિકોણબાગ જવા માટે આરએમટીએસ બસમાં બેઠા હતા. જે દરમિયાન બસના કંડકટરને ફુલ ડે ની ટિકિટ આપી ૪૦ રૂપિયા આપ્યા હતા. ત્યારબાદ ટિકિટ કંડકટર ફરી મારી પાસે આવી પરત આવતા મેં તેમને બાકીના વધતા રૂપિયા આપવા માટે કહ્યું હતું. જોકે તે રૂપિયા તેમને મને પરત આપ્યા નહોતા. જેથી મેં મારા વધતા રૂ.૧૫ પરત માગતા કંડકટર મારી સાથે ગાળાગાળી કરવા લાગ્યો હતો તેમજ ઉશ્કેરાઈ જઈ મારી સાથે ઝપાઝપી કરવા લાગ્યો હતો. તેટલામાં ડ્રાઈવર એ ત્રિકોણ બાગ ખાતે બસ રોડ પર સાઈડમાં ઉભી રાખી તેને પણ મને ઢિકા પાટુનો માર માર્યો હતો. આ દરમિયાન તેની પાસે રહેલ ટિકિટ ફાળવાનું મશીન મને માથામાં મારતા મને લોહી નીકળવા માંડ્યું હતું. જેના કારણે સારવાર માટે હું આરએમટીએસની બીજી બસમાં બેસીને સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે ગયો હતો.

તો બીજી તરફ આજરોજ

આરએમટીએસ બસના કંડકટર તેમજ ડ્રાઈવર વિરુદ્ધ આઈપીસીની કલમ ૩૨૩, ૩૨૪, ૫૦૪, ૧૧૪ હેઠળ ફરિયાદ નોંધાવી છે

રાજકોટના સીટી બસમાં રાજકોટ ટ્રાફિક શાખા દ્વારા તેમજ આરટીઓ દ્વારા ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. ચેકિંગ દરમિયાન જે તે સીટી બસનું પીયુસી છે કે કેમ? જે તે બસનો રોડ ટેક્સ ભરવામાં આવ્યો છે કે કેમ તે સહિતની બાબતો અંગે તપાસ હાથ ધરવામાં આવી હતી. જે તપાસ દરમિયાન ત્રણ જેટલી સીટી બસ આરટીઓ દ્વારા ડીટેઈન કરવામાં આવી છે.

ટ્રાફિક વિભાગની માહિતી મળી હતી કે કેટલીક બસમાં ઈન્સ્યોરન્સ લેવામાં નથી આવ્યો. પરંતુ તમામ બસમાં ઈન્સ્યોરન્સ લેવામાં આવ્યો હતો પરંતુ ત્રણ જેટલી બસમાં રોડ ટેક્સ તેમજ પીયુસી વગરની હોવાના કારણે ડીટેઈન કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે સીટી બસના અવારનવાર વિડીયો વાયરલ થાય છે જેમાં સીટી બસમાં ક્ષમતા કરતા વધુ મુસાફરોને ભરવામાં આવે છે. તેમજ સીટી બસ ધુમાડા કાઢતી હોય તે પ્રકારના વિડીયો પણ અગાઉ વાઈરલ થઈ ચૂક્યા છે.

ધો.૧૧ માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની સ્કૂલેથી ઘરે પરત આવી રહી હતી

સુરતમાં હિટ એન્ડ રનઃ ટ્રકે વિદ્યાર્થીનીને અડફેટે લેતા કરૂણ મોત

વિદ્યાર્થીનીના મૃતદેહને પીએમ અર્થે સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં મોકલી આપવામાં આવ્યો હતો

સુરત, તા.૮

સુરત શહેરમાં ફરી એક વખત હિટ એન્ડ રનની ઘટનામાં એક માસુમ વિદ્યાર્થીનીનું કરુણ મોત નીપજ્યું છે. ખાસ કરીને જે ઘટના છે તે સુરતના પાલ વિસ્તારની છે, જ્યાં ધોરણ ૧૧ માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની સ્કૂલેથી ઘરે પરત આવી રહી હતી. તે દરમિયાન ટ્રક ચાલકે આ વિદ્યાર્થીને અડફેટે લીધી હતી. જેમાં ઘટના સ્થળે જ આ વિદ્યાર્થીનીનું કરુણ મોત નીપજ્યું હતું.

સુરતના પાલ વિસ્તારમાં આવેલા ગેલેક્સી સર્કલ પાસે રહેતી દિયા અઠવા ગેટ સ્થિત સેવન ડે સ્કૂલમાં ધોરણ ૧૧ માં અભ્યાસ કરે છે. દિયા પોતાની સ્કૂલથી ઘરે પરત આવી રહી હતી. તે દરમિયાન પૂરપાટ ઝડપે દોડી રહેલી ટ્રકે દિયાની ગાડીને અડફેટે લીધી હતી. જેમાં દિયા ધડાકાભેર રસ્તા ઉપર પટકાઈ હતી અને તેના ઉપરથી જ ટ્રકના પૈડા ફળી વળ્યાં હતા. જ્યાં ઘટના સ્થળે જ દિયાનુ કમ કમાટી ભર્યું મોત નીપજયું હતું. આ ઘટનાને લઈને સ્થાનિક લોકોમાં પણ અફરાતફરીનો માહોલ છવાઈ ગયો હતો. બીજી તરફ આ ઘટના બાદ ટ્રક ચાલક ટ્રક મૂકીને ત્યાંથી ફરાર થઈ ગયો હતો. ઘટનાની જાણ થતા જ પાલ પોલીસ મથકના પીઆઈ સહિતના કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને વિદ્યાર્થીનીના મૃતદેહને પીએમ અર્થે સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં મોકલી આપવામાં આવ્યો હતો.

સુરતમાં હત્યાના આરોપીનું ખૂનના બદલવામાં ખૂન કરવામાં આવ્યું

પોલીસે આ મામલે હત્યાનો ગુનો નોંધી હુમલો કરનાર બંને શખ્સોની શોધખોળ હાથ ધરી છે

સુરત, તા.૮

સુરતમાં સરાજાહેર કોર્ટની બહાર જ હત્યાના આરોપીનું ખૂનના બદલવામાં ખૂન કરવામાં આવ્યુંછે. પાર્લે પોઇન્ટ વિસ્તારમાં ધોળે દિવસે હત્યાનો ચકચારી બનાવ સામે આવ્યો છે. કોર્ટ પરિસરથી માત્ર ૧૦૦ મીટરના અંતરે હત્યાના આરોપીનું જ ઢીમ ઢાળી દેવાયું. હત્યાના ગુનામાં મુદત ભરવા આવેલા આરોપી સુરજ યાદવની અઠવાલાઈન્સ કોર્ટ બહાર જ હત્યા થઈ. સચિન વિસ્તારમાં રહેતો સુરજ યાદવ કોર્ટમાં તારીખ માટે આવ્યો હતો. ત્યારે કોર્ટ પરિસરના ૧૦૦ મીટરના અંતરમાં જ જાહેરમાં છરીના ઘા મારી હત્યા કરાઈ હતી. અજાણ્યા બે યુવકોએ હુમલો કરાતા કોર્ટની બહાર જ સૂરજ યાદવ લોહીલૂહાણ થઈ ગયો હતો. હુમલો કરી બે શખસ ફરાર થઈ ગયા હતા.

બાદમાં ગંભીર રીતે ઘાયલ સૂરજને સારવાર માટે હોસ્પિટલ ખસેડાયો હતો. જ્યા સારવાર દરમિયાન મોત થયું. સૂરજ યાદવ પર હત્યાનો કેસ ચાલી રહ્યો છે. તેની ઉઠક બેઠક પણ માથાભારે શખસો સાથે હતી. જેને લઈ સૂરજની હત્યા અંગત અદાવતમાં કરાઈ હોવાની શંકા વ્યક્ત કરાઈ રહી છે. જો કે, હાલ તો પોલીસે આ મામલે હત્યાનો ગુનો નોંધી હુમલો કરનાર બંને શખ્સોની શોધખોળ હાથ ધરી છે.

પાલનપુરના બાદરપુરામાંઆરોગ્ય વિભાગની ટીમે ચેકિંગ હાથ ધર્યું

બનાસકાંઠા, તા.૮ : બનાસકાંઠાના પાલનપુરના બાદરપુરામાં પણ આરોગ્ય વિભાગની ટીમે ચેકિંગ હાથ ધર્યું. બાદરપુરા ગામમાં આવેલી બેકરીની દુકાનમાં અખાદ્ય ચીજવસ્તુને લઈ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. તપાસ દરમિયાન આરોગ્ય વિભાગની ટીમને લાલ ચટણીનો અખાદ્ય જથ્થો મળી આવ્યો હતો. જેથી લાલ ચટણીના ૧૨૩૦ કિલોના જથ્થાને સીઝ કરાયો છે. સાથે સાથે ૬૪ હજારનો મુદ્દામાલ જપ્ત કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી. બીજી તરફ ગામીત પાર્લરમાં ગંદકીને લઈ ફૂડ વિભાગે નોટિસ આપશે. ફૂડ વિભાગની ટીમ પાર્લર માલિકને ઈમ્પ્રુમવેટ નોટિસ આપશે. બાદરપુરામાં આવેલ પાર્લરમાં ફુડ વિભાગે ચેકિંગ હાથ ધર્યુ હતુ. જેમા ફુડ વિભાગે લાલ ચટણીના સેમ્પલ લીધા હતા. ફુડ વિભાગની તપાસમાં આ સેમ્પલ અનસેફ જણાયા છે. આ ચેકિંગ દરમિયાન કુલ ૧૨૩૦ કિલોના જથ્થા સાથે કુલ ૬૪ હજારનો મુદ્દામાલ જપ્ત કરાયો છે. હાલ ફુડ વિભાગે ચટણીના સેમ્પલ FSLમાં મોકલ્યા છે. આ સેમ્પલની ચકાસણી થશે ત્યારબાદ વધુ કાર્યવાહી થશે.

અરવલ્લી જિલ્લામાં સતત પાંચમા દિવસે ગાજવીજ સાથે કમોસમી વરસાદ

મોડાસા અને આસપાસના વિસ્તારમાં આવેલા ઝાલોદર, માથાસૂલિયા, અણદાપૂર સહિતના ગ્રામ્ય વિસ્તારમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો

અરવલ્લી, તા.૮

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકામાં સતત પાંચમાં દિવસે કમોસમી વરસાદ વરસ્યો છે. ગુરુવારે મોડાસા જિલ્લામાં કરા અને ભારે પવન સાથે અનેક વિસ્તારમાં કમોસમી વરસાદ વરસ્યો હતો. આજે શુક્રવારે પણ કમોસમી વરસાદ વરસવાને લઈ ખેડૂતો પરેશાન બન્યા છે. શુક્રવારે મોડાસા અને આસપાસના વિસ્તારમાં કમોસમી વરસાદ વરસવાના સમાચાર સામે આવ્યા છે. ભારે પવન આ દરમિયાન અનેક વિસ્તારમાં ફૂંકાયો હતો. મોડાસા અને આસપાસના વિસ્તારમાં આવેલા ઝાલોદર, માથાસૂલિયા, અણદાપૂર સહિતના ગ્રામ્ય વિસ્તારમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. વિસ્તારમાં કમોસમી વરસાદને લઈ ખેડૂતો સતત એક સપ્તાહથી માર સહન કરી રહ્યા છે.

આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

જીવનમાં કંઈક મેળવવા માટે તપ કરવું
સૌથી વધારે જરૂરી છે...

- ઋગ્વેદ

: આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.આદર-૧૩૯૨, મુ. શવ્વાલ-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૭૯, વૈશાખ વદ-૩ સંકષ્ટી ચતુર્થી (ચંદ્રોદય રાત્રે ૧૦:૨૦ ક.) તા.૮ મે ૨૦૨૩, સોમવાર, પારસી તા.૨૬, મુસ્લિમ તા.૧૭, જયેષ્ઠા નક્ષત્ર, શિવ યોગ, વણિજ કરણ, સૂ.ઉ.૬:૧૪, સૂ.અ.૭:૨૧

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી વૃશ્ચિક (ન ય), સાંજે ૭:૧૦ ક. પછી જન્મેલા બાળકની રાશી ધન (ભ ધ ફ ઢ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

સાપ્તાહિક રાશી ભવિષ્ય

તા.૦૮-૦૫-૨૦૨૩ થી ૧૪-૦૫-૨૦૨૩ સુધીનું આપનું સાપ્તાહિક રાશિ ભવિષ્ય

મેષ : અ.લ.ઈ.
સ્વામિ - મંગળ

કૌટુંબિક કાર્યમાં વિઘ્ન સૂચવતું આ સપ્તાહ વેપાર-ધંધાના ક્ષેત્રમાં પ્રગત્તિ કરાવે. નોકરાયીત વર્ગને ઉપરી અધિકારી તરફથી લાભ પ્રાપ્ત થાય. વાદ-વિવાદમાં ન ઉતરવું હિતાવહ. મહત્વના કાર્યો પાર પડે તેમજ રોકાયેલા નાણાં છૂટા થાય. મોજ-શોખમાં વધારો કરનારી વસ્તુની ખરીદી થાય. પ્રવાસ ટાળવો હિતાવહ.

વૃષભ : બ.વ.ઉ.
સ્વામિ - શુક્ર

સૌ પ્રથમ તો ખાવા-પીવામાં આ સપ્તાહ દરમિયાન ખૂબ જ કાળજી રાખવી નહિતર આરોગ્ય બાબતની સમસ્યા ઊભી થાય. આ સપ્તાહ દરમિયાન કાર્ય સફળતા માટે મહેનાત વધારવી અત્યંત જરૂરી બની જાય છે. આ સમય દરમિયાન પ્રવાસ લાભદાયી નીવડે. ધંધાકીય ભાગીદાર સાથે મનદઃખ થાય.

મિથુન : ક.છ.ઘ.
સ્વામિ - બુધ

આર્થિક લાભની તક અપાવનારું આ સપ્તાહ આપની પાસે કઠોર પરિશ્રમ કરાવે. વ્યવસાયિક ક્ષેત્રે નવિન ફેરફારો થાય તેવી શક્યતા છે. નોકરીયાત વર્ગને ગુપ્ત શત્રુઓથી સાવધ રહેવું. કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં વિલંબ બાદ સફળતા મળે. આ સપ્તાહ દરમિયાન જમીન-વાહનને લગતા કાર્યોમાં સાવધાની રાખવી હિતાવહ છે.

કર્ક : ડ.હ.
સ્વામિ - ચંદ્ર

આ સપ્તાહ દરમિયાન સાહસભર્યા કાર્યોથી દૂર રહેવું. જીવનસાથી સાથે વાદ-વિવાદ કે મનદુઃખના પ્રસંગ ઉદભવે, માનસિક અસ્વસ્થતા પણ અનુભવાય. અણધાર્યા કાર્યો આવી પડે જેથી અત્યંત વ્યસ્ત રહેવાય. મનના ધાર્યા પ્રમાણે કાર્યો ન થાય. નાણાંભીડનો અનુભવ થાય. જૂના મિત્રો દ્વારા મદદ મળે. સંતાનસંબંધિ ચિંતા અનુભવાય.

સિંહ : મ.ટ.
સ્વામિ - સૂર્ય

આ સપ્તાહ દરમિયાન હરવા-ફરવાનો પ્રસંગ બને. અણધાર્યો લાભ મળે. કસોટીમાં પાર ઉતરશો. મહત્વના કાર્યોમાં સિધ્ધિ મળે. ધંધાકીય વિકાસના કાર્યોમાં વિલંબથી લાભ થાય. કેટલાક કાર્યોમાં પ્રેક્ટીકલ થવું પડે માટે બહુ લાગણીશીલ ન બનવું. વિશ્વાસે વહાણ ચલાવવા જતા દગાના ભોગ બનવાનો વખત આવે. ધાર્મિક કાર્યનું આયોજન થાય.

કન્યા : પ.ઠ.ણ.
સ્વામિ - બુધ

નવિન ભાગ્યોદયની તક ખુલે. સ્વજનોથી મદદ મેળવી ભવિષ્યના આયોજનો સફળતાથી પાર પાડી શકશો પરંતુ ગુપ્ત શત્રુઓથી સાવધ રહેવું પડે. ઉચ્ચ અધિકારીવર્ગ કે વડીલવર્ગની કૃપાદ્રષ્ટિ રહે. પરિવારને લગતા કાર્યો વિશેષ રહે. નિર્ણયશક્તિમાં ચંચળતા રહે તે બાબતે સાવધ રહેવું. મિલ્કત સંબંધી કાર્યો મહેનત બાદ સરળ બને.

તુલા : ર.ત.
સ્વામિ - શુક્ર

આર્થિક વ્યય બાબતે સાવધાની વર્તવા જગૃત રહેવાથી આ સપ્તાહમાં નુકશાનીમાંથી બચી શકશો. મહત્વની જવાબદારીમાંથી મુક્તિ મેળવી શકશો. વાહનપર સવારી ટાળવી હિતાવહ છે. પરોપકારી કાર્યમાં સફળતા મળે. મનની મુંઝવણ દૂર કરનારા પ્રસંગોનું આયોજન થાય. રાજકીય કે સામાજિક ક્ષેત્રે સંભાળવું હિતાવહ.

વૃશ્ચિક : ન.ય.
સ્વામિ - મંગળ

ભૌતિક સુખમાં વધારો કરનારું આ સમય કેટલીક નવિનતા સભર નીવડે. રચનાત્મક કાર્યમાં સફળતા મેળવી શકશો. અટકી પડેલું કાર્ય આકસ્મિક પૂર્ણ થઈ જાય. જોખમી કાર્યોમાં સફળતા અપાવનાર આ અઠવાડિયું જૂના વિવાદોનું અંત આણનારું હશે. મનમાં પ્રફુલિતતા અને આનંદ આપનારું આ સપ્તાહ પારિવારીક જીવનમાં પણ ઉલ્લાસ ભરી દેશે.

ધન : ભ.ધ.ફ.ઢ.
સ્વામિ - ગુરૂ

પારિવારીક કે સામાજિક કાર્યોની અધિક્તા રહે. મોસાળ પક્ષથી લાભ થાય. વડિલવર્ગ સાથેના મતભેદો દૂર થાય. માનસિક વ્યથા દૂર થાય. મનની મુરાદ બર આવે. પ્રિયજન સાથે મિલન મુલાકાત સફળ નીવડે. સ્વજનોના સહયોગથી મહત્વની ચિંતા દૂર કરી શકશો. સર્જનાત્મક પ્રવૃત્તિમાં વેગ આવે.

મકર : ખ.જ.
સ્વામિ - શની

નાણાંકીય બાબતોમાં સુધારો લાવનારું આ સપ્તાહ સમસ્યાઓનું સમાધાન કરાવી દે. નજીકના મિત્ર-વર્તુળ દ્વારા આર્થિક લાભ મળે. અધ્યાત્મિક અભિરૂચીમાં વધારો થાય. પ્રવાસ-પર્યટનની મજા માણી શકશો. સામાજિક માન-પ્રતિષ્ઠામાં વધારો થાય. કાર્યબોજમાં હળવાશ અનુભવી શકશો.

કુંભ : ગ.શ.ષ.સ.
સ્વામિ -શની

કાર્યબોજની અધિક્તાને લીધે મન તનાવગ્રસ્ત રહે તેમ છતાં પણ આયોજનો સફળતાથી પાર પાડી શકશો. કોર્ટ-કચેરીને લગતા કાર્યો ધીમી ગતિએ આગળ વધશે. રોકાયેલા નાણા છૂટા થવામાં વિલંબ થાય. વાણીમાં ઉગ્રતાનો પ્રભાવ રહે. શરીરમાં સુસ્તી અનુભવાય.

મીન : દ.ચ.ઝ.થ.
સ્વામિ - ગુરૂ

આ સપ્તાહ દરમિયાન નોકરી-ધંધામાં સખત પરિશ્રમ કરવો પડે. અપયશના ભાગીદાર બનવું પડે. જો કે, નાણાંકીય ચિંતા દૂર થાય. રોકાયેલા નાણાં છૂટા થાય. વાણીઘર્ષણ ન થાય તેની તકેદારી રાખવી. ખટપટ્ટા કાર્યથી દૂર રહી આરોગ્યની કાળજી રાખવી.

મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન યોજના : ભારતીય એન્જિનિયરોને જાપાનમાં તાલીમ આપવામાં આવશે

૨૦ જાપાનીઝ નિષ્ણાંતોદ્વારા ૧૦૦૦થી વધુ ભારતીય ટેકનિશિયનને તાલીમ આપવામાં આવશે

અમદાવાદ, તા.૮

ભારતમાં છેલ્લા ઘણા સમયથી બુલેટ ટ્રેન ઉપર કામ ચાલી રહ્યું છે. આ પ્રોજેક્ટ માટે જાપાનની રેલવે ટેકનિકલ સર્વિસિસ મદદ કરી રહી છે. જાપાન રેલ્વે ટેક્નિકલ સર્વિસિસના ૨૦ નિષ્ણાંતોની ટીમ મુંબઈ-અમદાવાદ HSR કોરિડોરના T-2 237 કિમી વાપી-વડોદરા પેકેજ માટે હાઈસ્પીડ રેલ ટ્રેક તૈયાર કરવા માટે ૧૦૦૦ ભારતીય એન્જિનિયરોઅને ટેકનિશિયનને તાલીમઆપી રહી છે. જાપાનની કંપની બુલેટ ટ્રેન પ્રોજેક્ટ હેઠળ લાંબા સમય સુધી ટ્રેકને કાર્યક્ષમ બનાવવા માટે બેલાસ્ટ વિના સ્લેબ ટ્રેક બનાવવાની ટેક્નોલોજીઉપર કામ કરી રહી છે. ટ્રેક બનાવવા માટે જાપાનના અધિકારીઓએ જણાવ્યું હતું કે, ટ્રેક બનાવવાની જગ્યાએ માત્ર પ્રશિક્ષિત અને પ્રમાણિત એન્જિનિયરો/ટેકનિશિયન જ કામ કરશે. જાપાન રેલ્વે ટેકનિકલ સર્વિસીસ શિંકનસેન એચએસઆર ટેક્નોલોજીના ટ્રાન્સફરમાં પણ મદદ કરશે. રેલ્વે ટ્રેક HSR ટેક્નોલોજી સિસ્ટમથી જ બનાવી શકાય છે. આને બનાવવા માટે, ઉચ્ચસ્તરની સાથે, ચોકસાઈપણ જરૂરી છે, જે શિંકનસેનને જ આપવામાં મદદ કરશે. જાપાની કંપની ૧૫ અલગ-અલગ ટ્રેક ઉપર કામ કરી રહી છે. આ માટે, લોકોને સાઈટ ઉપર મેનેજમેન્ટની પદ્ધતિઓ વિશે તાલીમ આપવામાં આવશે. આ સાઈટ્સ ઉપર ટ્રેક સ્લેબ બનાવવાના કાર્યોમાં કોંક્રિટ ટ્રેક-બેડ બનાવવાની પદ્ધતિઓનો સમાવેશ થાય છે. આ તમામ બાબતો માટે જરૂરી તાલીમ અને આઈડિયા આપવાનું કામ જાપાનીઝ કંપની કરશે. આ માટે સુરત ડેપો ખાતે ત્રણ ટ્રેઈલ લાઈન સાથેની તાલીમની સુવિધા પણ ખાસ શરૂ કરવામાં આવી છે. નેશનલ હાઈ-સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર રાજેન્દ્ર પ્રસાદે જાપાની કંપની વતી જણાવ્યું હતું કે, ભારતીય એન્જિનિયરો અને ટેકનિશિયનો માટે જાપાનીઝ હાઈ સ્પીડ રેલ ટ્રેક સ્લેબ સિસ્ટમ ટેક્નોલોજી શીખવાની આ એક સુવર્ણ તક છે. આ પ્રોજેક્ટમાં ૨૦ જાપાનીઝ નિષ્ણાતો દ્વારા ૧૦૦૦થી વધુ ભારતીય એન્જિનિયરો અને ટેકનિશિયનને તાલીમ આપવામાં આવશે. નોંધનીય છે કે, અમદાવાદ મુંબઈ વચ્ચે દોડનારી બુલેટ ટ્રેનનું કામ ઝડપથી ચાલી રહ્યું છે. અમદાવાદથી મુંબઈ ૮ને બદલે ૩ કલાકમાં પહોંચી જવાશે. જ્યારે મુંબઈ, થાણે, વિરાર, વાપી, બીલીમોરા, સુરત, ભરૂચ, વડોદરા, આણંદ, નડિયાદ, કાલુપુર, અમદાવાદ અનેસાબરમતી ૧૨ સ્ટેશનહશે. અમદાવાદ-મુંબઈ વચ્ચે ૫૦૮ કિલોમીટરનું અંતર રહેશે, જેમાંથી ૧૩૩ કિલોમીટર થાંભલાઓ ઉભા કરવામાં આવી રહ્યા છે. જેના ઉપર બુલેટટ્રેન દોડશે. ૨૧ કિમી અંડરગ્રાઉન્ડ અને ૭ કિમી અંડર વોટર ટ્રેક પણ હશે.

નાલાયક અને વિષકન્યાવાળી ટિપ્પણીઓ મામલે ચૂંટણી પંચે કોંગ્રેસના પ્રિયાંક ખડગે અને ભાજપના યતનાલને નોટિસ ફટકારી

નવી દિલ્હી તા.૮

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેના પુત્ર પ્રિયાંક ખડગેને ચૂંટણી પંચે નોટિસ ફટકારી છે. પ્રિયાંક ખડગેએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપર અપમાનજનક ટિપ્પણી કરતા ચૂંટણી પંચે કારણદર્શક નોટિસ પાઠવી છે. પ્રિયાંકના નિવેદનને ‘અપમાનજનક’ અને પ્રથમ દૃષ્ટિએ આદર્શ આચાર્ય સંહિતાનું ઉલ્લંઘન ગણાવી ચૂંટણી પંચે કહ્યું કે, જો તેમની તરફથી કોઈપણ જવાબ નહીં મળે તો યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે. પ્રિયાંક ખડગેને ગત પહેલી મેના રોજ વડાપ્રધાન મોદી વિરુદ્ધ અપમાનજનક શબ્દો બોલ્યા હતા તેમના માટે નાલાયક શબ્દનો પ્રયોગ કર્યો હતો. ત્યારબાદ ભાજપના દિગ્ગજ નેતાઓએ તેમના ઉપર આકરા પ્રહારો કર્યા હતા. જો કે, કોંગ્રેસે દાવો કર્યો હતો કે, તેમણે (પ્રિયાંક) આવી કોઈપણ પ્રકારની ટિપ્પણી કરી નથી. પ્રિયાંક ખડગે કલબુર્ગી જિલ્લાના ચિત્તપુર બેઠક પરથી ચૂંટણી લડી રહ્યા છે. કર્ણાટક વિધાનસભાની ચૂંટણી ૧૦ મેના રોજ યોજાવાની છે અને મતગણતરી ૧૩ મેના રોજ થશે. આ અગાઉ ભાજપે ચૂંટણી પંચ સમક્ષ કોંગ્રેસ નેતા પ્રિયાંક ખડગે દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિરુદ્ધ અપમાનજનક શબ્દો કહ્યા હોવાનો મુદ્દો ઉઠાવ્યો હતો. ચૂંટણી પંચમાં ભાજપ તરફથી પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરનારા કેન્દ્રીય મંત્રી પિયૂષ ગોયલે કોંગ્રેસ નિશાન સાધતા કહ્યું હતું કે, પહેલા તેમના અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ PM મોદીને ‘ઝેરીલા સાપ’ કહ્યા અને હવે તેમના ધારાસભ્ય પુત્રે PM મોદી વિરુદ્ધ અપમાનજનક ટિપ્પણી કરી છે. તેમણે કહ્યું હતું કે, ‘અમે ચૂંટણી પંચને માંગ કરી છે કે, તેઓ આ તમામ મામલામાં કડક કાર્યવાહી કરે.’ બીજી બાજુ ચૂંટણીપંચે બસનગૌડા આર. પાટિલ (યતનાલ)ને પણ નોટિસ ફટકારી હતી. જેણે કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ સોનિયા ગાંધીને વિષકન્યા ગણાવ્યા હતા. બંને સામે ચૂંટણીપંચે આચારસંહિતાના ઉલ્લંઘનનો મામલો નોંધ્યો હતો. ૨ મેના રોજ ચૂંટણીપંચે બંનેને નોટિસ ફટકારી દીધી હતી. જ્યારે ભાજપ નેતા અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ઉપર કોંગ્રેસે શત્રુતા ફેલાવવાનો આરોપ મૂકીને ફરિયાદ દાખલ કરાવાઈ હતી. ત્યારે અમિત શાહે રાજ્યમાં રમખાણો કરાવવાનો કોંગ્રેસ ઉપર આરોપ મૂક્યો હતો. જો કે, હજુ સુધી એ મામલે કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી.

અમેરિકા સાથે ટેક્નોલોજી યુદ્ધમાં ચીન વિજ્ઞાન અને નવીન શોધોમાં મહત્ત્વના પગલાં લઈ રહ્યું છે

(એજન્સી) તા.૮

ભારત સાથે ઘાતક ગાલવાન ખીણની અથડામણના ત્રણ વર્ષ પછી, ચાઈનીઝ કમ્યુનિસ્ટ પાર્ટી (સીસીપી) કેન્દ્રમાં સત્તાને એકીકૃત કરવા માટે સૂક્ષ્મ પરંતુ મક્કમ પગલાં લઈ રહી છે, માત્ર પ્રાદેશિક લશ્કરી સંઘર્ષોને નિયંત્રિત કરવા માટે જ નહીં, પરંતુ તે સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય પડકારોનો પણ સામનો કરવા માટે તૈયાર છે. ગત વર્ષે CCPની ૨૦મી રાષ્ટ્રીય કોંગ્રેસ પછી શરૂ કરાયેલી સુધારાની આ પ્રક્રિયા અર્ધ-માર્ગે પહોંચી ગઈ છે અને ૨૦૨૪ સુધીમાં ચીનની વૈશ્વિક તકનીકી પ્રાધાન્યતા અને વૈજ્ઞાનિક સંશોધનમાં સર્વોચ્ચ સ્થાને જવા માટે નજર રાખી રહ્યું છે. રાજ્ય કાઉન્સિલે તાજેતરમાં એવા સુધારા અપનાવ્યા છે જે CCPને પક્ષ સાથે મુખ્ય સંસ્થાઓની કામગીરીમાં સહાય કરે છે. ચીનની સ્ટેટ કાઉન્સિલમાં ફેરફાર સામાન્ય રીતે પાર્ટી કોંગ્રેસના દરેક પાંચ વર્ષના સત્રની શરૂઆતમાં થાય છે. છેલ્લું પુનર્ગઠન ૨૦૧૮માં થયું હતું, જેમાં ઘણા નવા મંત્રાલયો અને એજન્સીઓ બનાવવામાં આવી હતી અને તેનું પુર્નઃગઠન કરવામાં આવ્યું હતું. આ વખતે, શી જિનપિંગે ત્રીજી મુદત સાથે સત્તા ઉપર પોતાની પકડ મજબૂત કરીને અને પાર્ટી કોંગ્રેસમાં પોલિટબ્યુરો અને કેન્દ્રીય સમિતિની ટોચની સંસ્થાઓમાં ચૂંટાયેલા મુખ્ય સહાયકોને રાજ્ય સંસ્થાઓમાંથી સત્તા સ્થાનાંતરિત કરવાની પ્રક્રિયામાં પ્રવેશ કર્યો છે. વિજ્ઞાન અને ટેકનોલોજી, નાણાકીય નિયમનકારી મિકેનિઝમ્સ, સામાજિક કાર્ય, ડેટા સ્ટોરેજ અને હોંગકોંગ અને મકાઉના વિશેષ વહીવટી પ્રદેશોની કામગીરી જેવા ક્ષેત્રોમાં મુખ્ય ફેરફારો થઈ રહ્યા છે. સુરક્ષા નિષ્ણાતોના મતે, CCP યુનાઈટેડ સ્ટેટ્સ સાથે લાંબા ગાળાના મુકાબલા માટે તૈયારી કરી રહ્યું છે, ખાસ કરીને વિજ્ઞાન અને ટેક્નોલોજીના ક્ષેત્રમાં ચીન નવીનતા અને આત્મનિર્ભરતા ઉપર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે, ખાસ કરીને ચિપ્સ અને વિજ્ઞાનના ક્ષેત્રોમાં સ્થાનિક સંશોધન અને સેમિકન્ડક્ટર્સના ઉત્પાદનને વેગ આપવા માટે કાયદો પસાર કરવામાં આવ્યો હતો. આ સુધારાઓ વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રાલયમાં કરવામાં આવશે અને આ કાર્યોનું પુર્નઃગઠન કેન્દ્રીય વિજ્ઞાન અને ટેકનોલોજી કમિશન કરશે જે CCPની સંકલન સંસ્થા છે. આ સંસ્થા પાસે વધુ સત્તા હોવાની એવી અપેક્ષા છે કે આ પગલાના પરિણામે પક્ષને વધુ સારૂ નિયંત્રણ મળશે. CCP આર્થિક મંદી અને વધતી જતી બેરોજગારીના પડકારોનો સામનો કરી રહી હોવાથી, તેણે નાણાકીય અને નાણાકીય નિયમોને મજબૂત અને સુવ્યવસ્થિત કરવાનો પણ નિર્ણય લીધો છે. રાજ્ય પરિષદના સુધારા અંગેના અહેવાલોનું વિશ્લેષણ કરી રહેલા સુરક્ષા અધિકારીઓએ જણાવ્યું હતું કે રાજ્ય પરિષદની નાણાકીય સ્થિરતા અને વિકાસ સમિતિના કાર્યોને કેન્દ્રીય કમિશન હેઠળના કેન્દ્રીય નાણાકીય કાર્ય પંચના કાર્યાલયમાં સ્થાનાંતરિત કરવામાં આવશે. સેન્ટ્રલ સોશિયલ વર્ક ડિપાર્ટમેન્ટમાં પાર્ટીના કાર્યકારી વિભાગમાં સુધારાની પણ અપેક્ષા છે. સેન્ટ્રલ હોંગકોંગ અને મકાઉ વર્ક ઓફિસ HK અને મકાઉની બાબતો પર પક્ષની કાર્યકારી સંસ્થા કાર્ય કરે તેવી અપેક્ષા છે. આ વર્ષે *CCP*માં વધુ ફેરફારો થઈ રહ્યા છે, નવી દિલ્હી પણ વિશ્વ મંચ ઉપર પોતાનું સ્થાન સુરક્ષિત કરવાના ચીનના પ્રયાસો ઉપર નજર રાખી રહ્યું છે. એક વરિષ્ઠ સુરક્ષા અધિકારીએ જણાવ્યું હતું કે, ચીનનો કેન્દ્રિય અને એકીકૃત અભિગમ વૈજ્ઞાનિક અને તકનીકી પ્રણાલીમાં સુધારાનો હોય કે નાણાકીય પ્રણાલીમાં સુધારો કરવાનું હોય, ચીન ભારત પ્રત્યે મૈત્રીપૂર્ણ રહે તેવી શક્યતાઓ ઓછી છે.

સમગ્ર વિશ્વમાં જુલાઈમાં આકરી ગરમીની આગાહી

અલ નીનોની અસરથી વિશ્વમાં તાપમાનમાં વધારાનાં સંકેત

સમગ્ર વિશ્વને આગામી જુલાઈ મહિનામાં આકરી ગરમીનો સામનો કરવો પડી શકે છે. અલનીનોની અસરને કારણે વિશ્વભરમાં તાપમાનમાં વધારો થવાના સંકેત દેખાઈ રહ્યા છે. વિશ્વ હવામાન સંગઠનએ અહેવાલ આપ્યો છે કે અલ નીનો હવે જુલાઈના અંત સુધીમાં આવી શકે છે. અલનીનોને કારણે ગરમી સમગ્ર વિશ્વમાં પાયમાલીનું કારણ બનશે. વિષુવવૃત્તીય પેસિફિક મહાસાગરના ગરમ થવાની સંભાવના વધી રહી છે જેને ‘અલ નીનો’ ગતિવિધિ કહેવામાં આવે છે અને તે ઉચ્ચ વૈશ્વિક તાપમાન સાથે સંકળાયેલ છે. જે ભારત સહિત સમગ્ર વિશ્વ ઉપર તેની અસર પડશે. આબોહવા વિજ્ઞાનીઓનું કહેવું છે કે ફરી એકવાર અલ નીનો આવવાને કારણે વૈશ્વિક તાપમાનમાં રેકોર્ડ વધારો થશે. ભારતમાં ચોમાસા ઉપર પણ તેની અસર થવાની શક્યતા છે.

રતન ટાટાની પેઢીના સમર્થન સાથે રૂા. ૬૨૪૭ કરોડની કંપની બનાવનાર IIM, IITના શિક્ષક જયતીર્થ રાવ

(એજન્સી) તા.૮

પ્રાઈવેટ ઈક્વિટી ફર્મ હોમ ફર્સ્ટ ફાઈનાન્સ કંપનીએ છેલ્લા નાણાંકીય વર્ષનો તેનો નાણાંકીય અહેવાલ જાહેર કર્યો છે. આ કંપનીના વાર્ષિક નફામાં ૩૩ ટકાનો વધારો થયો છે. તેમનો ચોખ્ખો નફો રૂા. ૪૮ કરોડથી વધીને રૂા. ૬૪ કરોડ થયો છે. આ કંપનીનું માર્કેટ કેપ ૬૨૪૭ કરોડ રૂપિયા છે. આ કંપનીની સહ-સ્થાપના ભારતીય ઉદ્યોગપતિ જયતીર્થ “જેરી” રાવ દ્વારા કરવામાં આવી હતી, જેમણે એમફેસિસ નામની સોફ્ટવેર કંપનીની સ્થાપના કરી હતી અને તેનું વેચાણ કર્યું હતું. તેમણે વેલ્યુ એન્ડ બજેટ હાઉસિંગકોર્પોરેશન (VBHC)નીપણ સ્થાપના કરી હતી, જે એક એવી કંપની છે જેણે સસ્તા મકાનો બનાવવાનું શરૂ કર્યું હતું અને તેને ‘રિયલ એસ્ટેટની મારૂતિ’ કહેવામાં આવે છે. તેમણે ૧૯૯૮માં કેલિફોર્નિયામાં સોફ્ટવેર કંપની શરૂ કરી હતી જે ભારતની ટોચની 10 IT/BPO કંપનીઓમાંની એક બની હતી. તે EDS દ્વારા હસ્તગત કરવામાં આવી હતી. આ પહેલા તેમણે બે દાયકા બેંકિંગ ક્ષેત્રમાં વિતાવ્યા હતા. તેમણે સિટી બેંક માટે ઘણા વર્ષો સુધી કામ કર્યું હતું. રાવે ચેન્નાઈની લોયોલા કોલેજમાંથી ગ્રેજ્યુએશન કર્યું હતું. બાદમાં તેમણે IIM અમદાવાદમાંથી MBA કર્યું અને શિકાગો યુનિવર્સિટીમાંથી પણ આ જ કોર્સ કર્યો હતો. તેઓ IIM અમદાવાદ, IIT બોમ્બે અને LIBA ચેન્નાઈમાં શિક્ષક છે. અહેવાલો અનુસાર, તેમણે ૧૯૯૮માં પોતાની કંપની ૩૮૦ મિલિયન ડોલર (૩૧૦૦ કરોડ રૂપિયા)માં વેચી દીધી હતી. તેમની રિયલ એસ્ટેટ કંપની ગ્રામ્ય વિસ્તારોમાંએપાર્ટમેન્ટ બનાવે છે. તેમણે નોંધ્યું હતું કે મોટાભાગની બેંકો ઓછી આવક ધરાવતા જૂથોના ઘરોને ધિરાણ આપવા તૈયાર નથી. જો કે, રાવે નાસકોમના ચેરમેન તરીકે પણ સેવા આપી હતી. તે IIT બોમ્બેમાં પણ ભણાવે છે. હોમ ફર્સ્ટ ફાઈનાન્સ કંપનીની સ્થાપના ૨૦૧૦માં કરવામાં આવી હતી. તે હોમલોન, પ્રોપર્ટી સામે લોન આપે છે. તે મકાનો બનાવવા માટે લોન પણ આપે છે. આ કંપનીના સહ-સ્થાપક પી એસ જયકુમાર અને મનોજ વિશ્વનાથન છે. ૨૦૧૩માં, ટાટા કેપિટલ ગ્રોથ ફંડે પણ આ કંપનીમાં હિસ્સો લીધો હતો. આ ટાટા કંપનીની સ્થાપના રતન ટાટા દ્વારા કરવામાં આવી હતી ત્યારે તેઓ આ જૂથના અધ્યક્ષ હતા. ઓછી આવક ધરાવતા જૂથોને ધિરાણ પૂરૂ પાડવાની સમસ્યાને ઉકેલવા માટે હોમ ફર્સ્ટ ફાઈનાન્સ કંપનીની સ્થાપના કરવામાં આવી હતી. નાણાંકીય વર્ષ ૨૦૨૦માં, કંપનીના ૫૦,૦૦૦ ગ્રાહકો અને ૮૦૦ કર્મચારીઓ હતા.

ધીસ ઈઝ નોટ ‘ઓલ ઈન્ડિયા રેડિયો’ હવે આ ‘આકાશવાણી’ કેન્દ્ર છે

નવી દિલ્હી તા.૮

જાહેર પ્રસારક પ્રસાર ભારતીએ પોતાની રેડિયો સેવાના સંદર્ભમાં ઓલ ઈન્ડિયા રેડિયો નામનો ઉપયોગ ના કરવા અને તેનો આકાશવાણી કરવાનો નિર્ણય કર્યો છે, જેવું કે કાયદામાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આકાશવાણીના મહાનિર્દેશક વસુધા ગુપ્તા દ્વારા જારી એક આંતરિક આદેશમાં એક વૈધાનિક જોગવાઈને તાત્કાલિક રીતે લાગુ કરવાનો આગ્રહ કર્યો છે. જેના દ્વારા એઆઈઆરનું નામ બદલીને આકાશવાણી કરી દેવામાં આવ્યું હતું. પ્રસાર ભારતીના મુખ્ય કાર્યકારી અધિકારી ગૌરવ દ્વિવેદીએ જણાવ્યું કે આ સરકારનો ઘણો જૂનો નિર્ણય છે જે પહેલા લાગુ કરવામાં આવ્યો ન હતો. હવે અમે તેને લાગુ કરી રહ્યા છીએ. પ્રસાર ભારતી કાયદા ૧૯૯૦માં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે આકાશવાણીનો અર્થ ઓફિસો, સ્ટેશનો અને અન્ય પ્રતિષ્ઠાનોથી છે પછી તેમને કોઈ પણ નામથી બોલાવવામાં આવે, જે નિયત દિવસથી પહેલા કેન્દ્રીય સુચના તેમજ પ્રસારણ મંત્રાલયના ઓલ ઈન્ડિયા રેડિયોના મહાનિર્દેશકનો ભાગ બન્યા અથવા તેની હેઠળ હતા. પ્રસાર ભારતી કાયદો ૧૫ નવેમ્બર ૧૯૯૭એ લાગુ થયો હતો. આંતરિક આદેશમાં જણાવવામાં આવ્યું છે તે વૈધાનિક જોગવાઈ જેના દ્વારા એઆઈઆરના નામને બદલીને આકાશવાણી કરી દીધું છે અને આ વાત બધાના ધ્યાનમાં લાવવામાં આવે જેથી નામ અને શીર્ષક સંસદ દ્વારા પારિત પ્રસાર ભારતી કાયદા ૧૯૯૦ની જોગવાઈઓ મુજબ હોય, વર્ષ ૧૯૩૯માં કલકતા શોર્ટવેવ સેવાના ઉદઘાટન માટે લખેલી એક કવિતામાં પ્રસિદ્ધ કવિ રવિન્દ્રનાથ ટાગોર દ્વારા ઓલ ઈન્ડિયા રેડિયોને આકાશવાણી તરીકે સંદર્ભિત કર્યા હતા.

ભારતમાં નવી દવાઓની વૈશ્વિક ક્લિનિકલ ટ્રાયલ માટે સાનુકૂળ સ્થાન અને તકો છે : રિપોર્ટ



વોશિંગ્ટન, તા.૮

ભારતમાં આગામી વર્ષોમાં વૈશ્વિક ક્લિનિકલ ટ્રાયલ્સ પાંચ ગણી વધવાની ક્ષમતા છે. નિષ્ણાંતો નવીન સારવાર વિકસાવવા માટે ભારતની સમૃદ્ધ વિવિધતા અને મજબૂત હેલ્થકેર ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો લાભ ઉઠાવવા માટે બાયોફાર્મા કંપનીઓ માટે નોંધપાત્ર તકો દર્શાવી રહ્યા છે. "ભારતમાં ક્લિનિકલ ટ્રાયલ તકો" શીર્ષક હેઠળ યુએસએ ઈન્ડિયા ચેમ્બર ઓફ કોમર્સ અને પીડબ્લ્યુસી ઈન્ડિયાના સંયુક્ત અહેવાલ સૂચવે છે કે ભારત ક્લિનિકલ ટ્રાયલ કરવા માટે અનુકૂળ સ્થળ તરીકે ઉભરી રહ્યું છે. આ અહેવાલ મુજબ, ખાનગી ક્ષેત્ર એ ટોચના બાયોફાર્મા માટે વધુ કાર્યક્ષમ ક્લિનિકલ ટ્રાયલ કરવા માટે સારી રીતે અનુકૂળ ચેનલ છે જે તપાસકર્તાઓ અને દર્દીઓ સુધી સરળ અને ઝડપી એક્સેસ ધરાવે છે. આ રિપોર્ટ અનુસાર, ભારતમાં આવનારા વર્ષોમાં ભારતમાં વૈશ્વિક ક્લિનિકલ ટ્રાયલ્સ પાંચ ગણી વધારવાની શક્યતા છે.

અદ્યતન મેડિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને તપાસકર્તાઓની ઉપલબ્ધતા સાથે, ગંભીર રોગ (ઉદાહરણ તરીકે, કેન્સર) ધરાવતા ભારતીય રાજ્યોમાં સૌથી વધુ સંખ્યામાં છે. આ રાજ્યોને ટાર્ગેટ કરવાથી બાયોફાર્મા કંપનીઓને દર્દીઓ, સાઈટ્સ અને તપાસકર્તાઓને ઝડપી એક્સેસ મળી શકે છે. ૨૦૧૫ અને ૨૦૨૦ની વચ્ચે તપાસકર્તાઓની કુલ સંખ્યામાં બમણો વધારો થયો છે, જેમાં મોટાભાગનો વધારો આંતરિક દવા અને ઓન્કોલોજી વિશેષજ્ઞોમાં છે. જો કે, તપાસકર્તાઓની આ સંખ્યામાં વૃદ્ધિ મોટાભાગે ટાયર-૧ અને ૨ શહેરો સુધી મર્યાદિત છે.

છેલ્લા દાયકામાં ભારતમાં મુખ્ય ઉપચાર માટેની ટોચની ૨૦ ફાર્મા પ્રવૃત્તિ મોટાભાગે સ્થિર રહી છે, ત્યારે મુખ્ય રોગો (દા.ત., પીડા, એપીલેપ્સી, સર્વાઈકલ કેન્સર) અને (જ-થેલેસેમિયા, ડ્યુચેન મસ્ક્યુલર ડિસ્ટ્રોફી)માં વૃદ્ધિની તકો છે. ભારતમાં એકંદરે ક્લિનિકલ ટ્રાયલ સહભાગિતા ત્રણ ટકા છે પરંતુ તે સૌથી વધુ પ્રચલિત રોગો (દા.ત., શ્વસન ચેપ, કાર્ડિયોવેસ્ક્યુલર, ડાયાબિટીસ, સર્વાઈકલ કેન્સર)માં ૧૫ ટકાથી વધુનું યોગદાન આપે છે. ટોચની બાયોફાર્મા કંપનીઓએ ટાયર-૧ શહેરો (દા.ત. મુંબઈ, દિલ્હી, બેંગલુરુ, ચેન્નાઈ)માં તેમની વ્યૂહરચના ગોઠવવી જોઈએ જ્યાં વધુ બેડની ક્ષમતા, ડોકટરોની સંખ્યા અને મલ્ટીસિટી હોસ્પિટલો છે. આ વર્ષે, ભારત વિશ્વનો સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ બન્યો છે, માનવ સ્વાસ્થ્યની નવીનતાઓથી લોકોને લાભ મળે તે સુનિશ્ચિત કરવાની જવાબદારી છે. યુએસએઆઈસીના પ્રમુખ કરુણ ઋષિએ જણાવ્યું હતું કે ભારતમાં ક્લિનિકલ ટ્રાયલ્સમાં વધતી જતી રુચિ બાયોફાર્મા કંપનીઓ માટે દેશની સમૃદ્ધ વિવિધતા અને મજબૂત હેલ્થકેર ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો લાભ લેવાની નોંધપાત્ર તક આપે છે. વિશાળ અને વૈવિધ્યસભર દર્દીઓ, સુવ્યવસ્થિત નિયમનકારી પ્રક્રિયાઓ અને ઉચ્ચ કુશળ કર્મચારીઓ સાથે, ભારત બાયોફાર્મા કંપનીઓ માટે કાર્યક્ષમ ક્લિનિકલ ટ્રાયલ કરવા માટે અનુકૂળ વાતાવરણ પ્રદાન કરે છે. આ તકનો ઉપયોગ કરીને, કંપનીઓ તેમની દવાના વિકાસને વેગ આપી શકે છે, તેમના સંશોધનની કાર્યક્ષમતા વધારી શકે છે અને જરૂરિયાતમંદ દર્દીઓ માટે નવીન સારવાર લાવી શકે છે, અને વૈશ્વિક આરોગ્ય સંભાળને આગળ વધારી શકે છે. હાલમાં વૈશ્વિક ક્લિનિકલ ટ્રાયલ્સમાં ભારતનો હિસ્સો ૩.૨ ટકાથી ઓછો છે. વૈશ્વિક બાયોફાર્મા કંપનીઓએ આ પરિસ્થિતિને વિજ્ઞાન અને નૈતિક દૃષ્ટિકોણથી સુધારવા માટે વધુ કામ કરવાની જરૂર છે.

પ્રાયોજકો અને CROs તરફથી પ્રતિસાદ ખૂબ જ પ્રોત્સાહક રહ્યો છે અને તેઓ ભારતમાં વધુ ટ્રાયલ કરવા માંગે છે. આવનારા વર્ષોમાં ભારતમાં વૈશ્વિક ટ્રાયલ ૫ ગણી વધારવાની સંભાવના છે. આ ભારત માટે એક તકની ક્ષણ છે. વૈવિધ્યતા, સમાનતા, ક્લિનિકલ ટ્રાયલ્સમાં એક્સેસ અને સર્વસમાવેશકતા સાથે ભારત એક અનન્ય સ્થળ બની શકે છે. ભારતે ક્લિનિકલ ટ્રાયલ્સ નિયમનકારી પ્રક્રિયાઓને સુવ્યવસ્થિત કરવામાં સારી પ્રગતિ કરી છે. ભારત ઈન્ટરનેશનલ કાઉન્સિલ ફોર હાર્મોનાઈઝેશન (આઈસીએચ) માર્ગદર્શિકા હેઠળ ભારતમાં ક્લિનિકલ ટ્રાયલ એક્ઝિક્યુશન સાથે સંકળાયેલા સ્થિર અને પારદર્શક ક્લિનિકલ ટ્રાયલ નિયમો ઉપર ધ્યાન કેન્દ્રિત કરે અને ટ્રાયલ માટે પ્રોત્સાહિત કરે તે જરૂરી છે. આ ઉચ્ચ-ગુણવત્તાવાળા ડેટા સાથેની નૈતિક ક્લિનિકલ ટ્રાયલ્સ ભારતને સહયોગ, રોકાણ, કૌશલ્ય વિકાસ, અનુવાદ સંશોધન, સ્ટાર્ટઅપ્સ, ઉચ્ચ પગારવાળી નોકરીઓનું રોજગાર સર્જન તરફ દોરી જશે જે GDP વૃદ્ધિ તરફ દોરી જશે.

PwC ખાતે પાર્ટનર અને ગ્લોબલ હેલ્થ ઈન્ડસ્ટ્રીઝ લીડર સુજય શેટ્ટીએ જણાવ્યું હતું કે, ભારતમાં ક્લિનિકલ ટ્રાયલની એક્સેસને સક્ષમ કરીને વૈશ્વિક સુમેળને ધ્યાનમાં રાખીને કરવામાં આવેલા કેટલાક મુખ્ય નિયમનકારી સુધારાઓને કારણે ભારતમાં ક્લિનિકલ ટ્રાયલ પ્રવૃત્તિ ૨૦૧૪થી સતત વધી રહી છે. દેશની વૈવિધ્યસભર વસ્તી, તેના ઝડપથી આગળ વધી રહેલા હેલ્થકેર ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે, ક્લિનિકલ ટ્રાયલ્સ માટે અનુકૂળ વાતાવરણ પૂરું પાડે છે. ટોચની બાયોફાર્મા કંપનીઓ માટે લાંબા ગાળાની વ્યૂહરચના વિકસાવવાની આ તક છે. સીએમડી મેદાન્તા અને યુએસએઆઈસી સલાહકાર બોર્ડના સભ્ય ડો. નરેશ ત્રેહાન માને છે કે ભારતનું હેલ્થકેર ક્ષેત્ર આ પરિવર્તન માટે તૈયાર છે, તેની વિશાળ અને વૈવિધ્યસભર વસ્તી માટે સ્વાસ્થ્ય પડકારોની શ્રેણી માટે નવીન ઉકેલોની જરૂર છે. સહયોગી અને ગતિશીલ ઈકોસિસ્ટમને પ્રોત્સાહન આપીને, ભારત સૌના લાભ માટે આરોગ્યસંભાળના ભાવિને આકાર આપવામાં સહાયતા કરી શકે છે.

CCTV કેમેરામાં તમામ ક્રિમિનલનો ડેટા રખાશે

કાલુપુર રેલવે સ્ટેશનને ગુનાખોરીથી મુક્ત કરવા પોલીસ એલર્ટ મોડમા

હવે કોઈપણ ગુનેગાર રેલવે સ્ટેશન ઉપર એન્ટ્રી મારશે તો તેની જાણકારી સીધી પોલીસ અને આરપીએફને થઇ જશે

અમદાવાદ,તા.૮

અમદાવાદના કાલુપુર રેલવે સ્ટેશનને ગુનાખોરીથી મુકત કરવા માટે પોલીસ અનેક પ્રોજેક્ટ પર કામ કરી રહી છે. કાલુપુર રેલવે સ્ટેશનમાં ચોરી, સ્નેચિંગ, લૂંટ તેમજ તસ્કરીના કિસ્સા વધી રહ્યા છે. જેને રોકવા માટે પોલીસ એડીચોટીનું જોર લગાવી રહી છે. ગુનેગારો રેલવે સ્ટેશનને ગુનાખોરીનો અડ્ડો સમજી રહ્યા છે, ત્યારે તેમને શબક શીખવાડવા માટે પોલીસ મેદાનમાં ઊતરી છે. રેલવે સ્ટેશનમાં હવે કોઇ પણ ગુનેગાર એન્ટ્રી મારશે તો તેની જાણકારી સીધી પોલીસ અને આરપીએફ (રેલવે પ્રોટેક્શન ફોર્સ)ને થઇ જશે. રેલવે સ્ટેશન ફેસ રેકગ્નિશન કેમેરાથી સજ્જ છે. જેમાં ખાસ પ્રકારનું સોફ્ટવેર અપલોડ કરવાનુંછે. જેના આધારે કોઇ પણ ક્રિમિનલ રેલવે સ્ટેશનમાં આવે તો સીધી જાણકારી પોલીસને થઇ જાય.

ગુજરાતનું સૌથી મોટું રેલવે સ્ટેશન અમદાવાદના કાલુપુર ખાતે આવેલું છે જ્યાં રોજ બે લાખ કરતાં વધુ પેસેન્જરોની અવરજવર થાય છે. ૧૯ ફેબ્રુઆરી ૨૦૦૬માં રેલવે સ્ટેશન પર બોમ્બ બ્લાસ્ટ થયા બાદ તેને હાઈસિક્યોરિટી ઝોન ગણવામાંઆવે છે. રેલવેસ્ટેશન પરઆરપીએફ (રેલવે પ્રોટેક્શન ફોર્સ) તેમજ ગુજરાત પોલીસ હોવા છતાંય હજુ પણ ગુનાખોરી અટકવાનું નામ નથી લઈ રહી. ગુનાખોરીને રોકવા માટે સીસીટીવી મહત્વની ભૂમિકા ભજવી રહ્યા છે. કાલુપુર રેલવે સ્ટેશનને હાઈફ્રિકવન્સી તેમજ ફેસ રેકગ્નિશન કેમેરાથી સજ્જ કરવામાં આવ્યા છે. સીસીટીવી કેમેરાનો કંટ્રોલ આરપીએફના હાથમાં છે પરંતુ હવે પોલીસ પણ સીસીટીવીમાં રસ દાખવી રહી છે. ફેસરેકગ્નિશન કેમેરા હોવા છતાંય ક્રિમિનલની ઓળખ કરવામાં આરપીએફને મુશ્કેલીઓ ઊભી થાય છે. સંખ્યાબંધ ક્રિમિનલનો ડેટા ચેક કર્યા બાદ હકીકતની જાણ થાય છે.

એક સમયે કાલુપુર રેલવે સ્ટેશન ગુનેગારોને અડ્ડો કહેવામાં આવતું હતું, પરંતુ જેમ જેમ પોલીસ અને આરપીએફની ધોંસ વધી તેમ તેમ ગુનેગારો ભૂગર્ભમાં ઊતરી ગયા હતા. જોકે હજુ પણ કેટલાક એવા ગુનેગારો છે જે ગુનાને અંજામ આપતાં એક મિનિટ પણ ખચકાતા નથી. કાલુપુરરેલવે સ્ટેશન દારૂ તેમજ ડ્રગ્સની હેરફેર માટે પંકાયેલું છે.

અવારનવાર રેલવે સ્ટેશન પરથી ડ્રગ્સ તેમજ દેશી અને વિદેશી દારૂનો જથ્થો રેલવે પોલીસ જપ્ત કરે છે. દારૂ અને ડ્રગ્સની હેરફેર સિવાય રેલવે સ્ટેશન પર મારામારી, ચોરી, લૂંટ, ચેઈન સ્નેચિંગ જેવા અનેક બનાવો બની રહ્યા છે. પેસેન્જરોના સ્વાંગમાં આવતી ચોર ટોળકી ટ્રેનમાં પેસેન્જરોના સરસામાનની ચોરી કરીને નાસી જાય છે, જ્યારે ચાલુ ટ્રેનમાં ચેઈન સ્નેચિંગની ઘટનાઓ પણ બને છે. સ્ટેશન જ્યારે ગુનાખોરીનું હબ બની રહ્યું છે. તેમને રોકવા માટે સીસીટીવી કેમેરાની મદદ લેવાઈ છે.

પ્લેટફોર્મ નંબર ૧ થી ૧૦ સુધી તેમજ સ્ટેશનના એન્ટ્રી અને એક્ઝિટ પોઈન્ટ ઉપર કુલ ૫૯ હાઈફ્રિવન્સીવાળા કેમેરા લગાવેલા હતા ત્યારે હવે તેમાં ઉમેરો કરવામાં આવ્યો છે. આરપીએફએ વધુ ૫૦ સીસીટીવી કેમેરા રેલવે સ્ટેશન પર લગાવ્યા છે. જેમાં ૧૨ ફેસ રેકગ્નિશન કેમેરા છે. આ કેમેરાની ખાસિયત એ છે કે પોલીસચોપડે નોંધાયેલો કોઈપણ ગુનોગાર જ્યારે રેલવે સ્ટેશનપર એન્ટ્રી મારે ત્યારે આરપીએફને તરત જ તેની જાણ થઈ જાય છે. ચોરી, લૂંટ, મારામારી સહિત અનેક ગુનાઓમાં સંડોવાયેલા પાંચ હજાર કરતાં વધુઆરોપીનો ડેટા રેલવે પોલીસ પાસે છે. વર્ષોથી રેલવે પોલીસ સ્ટેશનમાં જે ગુના દાખલ થાય છે તેમાં ઝડપાયેલા આરોપીની તમામ વિગતો ફોટોગ્રાફસ સાથે ફેસ રેકગ્નિશન કેમેરાના સોફ્ટવેરમાં નાખવામાંઆવશે. જેનાથી કોઈ પણ આરોપી જ્યારે આવે ત્યારે પોલીસ તેના પર વોચ રાખશે.

કાલુપુર રેલવે સ્ટેશનનો પ્રોજેક્ટ સફળ થઇ ગયા બાદ સુરત, વડોદરા તેમજ રાજ્યનાં તમામ રેલવે સ્ટેશનમાં આ પ્રોજેક્ટનો અમલ કરવામાં આવશે. અમદાવાદ વેસ્ટન રેલવે ડિવિઝનના ઈન્ચાર્જ એસપી રાજેશપરમારેજણાવ્યું છેકે હાલ રેલવે સ્ટેશનમાં નોંધાયેલા ક્રિમિનલનો ડેટા અપલોડ કરવામાં આવશે અને બાદમાં બીજા ક્રિમિનલનો ડેટા પણ સોફ્ટવેરમાં અપલોડ કરવામાં આવશે.

સરકારી વિનયન કોલેજ ભેંસાણમાં આસી.પ્રોફેસર તરીકે ફરજ બજાવતા વિશ્વજીત અરૂણભાઈ પીએચ.ડી થયા

ભેંસાણ, તા.૮

સરકારી વિનયન કોલેજ ભેસાણમાં આસી.પ્રોફેસર તરીકે ફરજ બજાવતા વિશ્વજીત અરૂણભાઈ કવાએ શ્રી ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના ઈતિહાસ વિભાગના વડા ડો.વિશાલ આર.જોષીનાં માર્ગદર્શનહેઠળ વિનયન વિદ્યાશાખાના ઈતિહાસ વિષયમાં "જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લાના પ્રખ્યાત યાત્રાધામો : એક ઐતિહાસિક અધ્યયન (ઈ.સ.૧૮૫૦ થી ૨૦૦૦)" વિષય ઉપર મહાશોધ નિબંધ તૈયાર કરી ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીને રજૂ કરતાં યુનિવર્સિટીએ આ મહાશોધ નિબંધ માન્ય રાખી તેઓને તા.૫/૫/૨૦૨૩નાં રોજ સાંદિપની વિદ્યાનિકેતન પોરબંદર મુકામે દ્વિતીય પદવીદાન સમારંભમાં પીએચ.ડીની ડિગ્રી એનાયત કરી છે. તેમણે ભેંસાણ કોલેજ અને પરિવારનું ગૌરવ વધાર્યું છે.

સુરતમાં ફરી એક વખત શર્મશાર ઘટના સામે આવી

૧૩ વર્ષની દત્તક દીકરી સાથે સાવકા પિતા સહિત પાંચ નરાધમોએ દુષ્કર્મ આચર્યુ

પોલીસ દ્વારા આ ઘટનાને લઈ ત્રણ આરોપીની ધરપકડ કરી એક બાળ કિશોરની અટકાયત કરી છે

સુરત,તા.૮

સુરતમાં ફરી એક વખત શર્મશાર ઘટના સામે આવી છે. એક ૧૩ વર્ષની સગીરા સાથે સાવકા પિતા, કાકા, બે ભાઈ અને અન્ય એક ઈસમે દુષ્કર્મ કર્યુ હોવાનો મામલો સામે આવ્યો છે. આ સમગ્ર મામલે સગીરાની માતા દ્વારા અડાજણ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી અને પોલીસ દ્વારા આ ઘટનાને લઈ ત્રણ આરોપીની ધરપકડ કરી એક બાળ કિશોરની અટકાયત કરી છે.

અડાજણ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ અનુસાર ઓગસ્ટ ૨૦૨૧થી ડિસેમ્બર ૨૦૨૧ દરમ્યાન સગીરા સાથે દુષ્કર્મની ઘટના બની હતી. આ ઘટનામાં આરોપી વત્સલ મહેતા, નીરજ મહેતા, નિકુંજ ગામીત અને પ્રજ્ઞેશ મહેતા ઉપરાંત પંદર વર્ષના એક બાળ કિશોર આમ કુલ પાંચે આરોપીએ અવારનવાર સગીરા સાથે તેની મરજી વિરુદ્ધ ઘરના પહેલા માળે લઈ જઈ દુષ્કર્મ આચાર્ય હતું. સગીરા દ્વારા આ ઘટનાની જાણ તેની માતાને કરવામાં આવી હતી. ત્યારબાદ સગીરાની માતા દ્વારા સમગ્ર મામલે અડાજણ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. મહત્વની વાત છે કે ઘટનામાં સગીરાના સાવકા પિતા, કાકા, બે પિતરાઈ ભાઈઓ અને અન્ય એક સામે દુષ્કર્મનો આરોપ છે. ત્યારે પોલીસની તપાસમાં એવી પણ માહિતી સામે આવી છે કે, આ બાળકી જ્યારે ૫ મહિનાની હતી તે સમયે તેને નારી સંરક્ષણ ગૃહમાંથી દત્તક લેવામાં આવી હતી. સુરતના ઘોડદોડ રોડ વિસ્તારમાં આવેલા નારી સંરક્ષણ ગૃહમાંથી આ કિશોરીને દત્તક લેવામાં આવી હતી. ત્યારબાદ પરિવાર બાળકીને પોતાની સાથે જ રાખતા હતા. દત્તક લીધેલી આ બાળકી જ્યારે મોટી થઈ ત્યારે સાવકા પિતા, ભાઈ અને કાકાએ જ તેને હવસનો શિકાર બનાવી હતી. આ સમગ્ર મામલે અડાજણ પોલીસે કુલ પાંચ ઈસમો સામે ગુનો દાખલ કર્યો છે. જેમાંથી ત્રણ આરોપીની ધરપકડ કરવામાં આવી છે. એક બાળક કિશોરની અટકાયત કરવામાં આવી છે અને અન્ય એક આરોપી ફરાર છે. ત્યારે આગામી દિવસોમાં પોલીસદ્વારા ધરપકડ કરવામાં આવેલા આરોપીઓની પૂછપરછ કરવામાં આવશે. એવી પણ માહિતી સામે આવી રહી છે કે, આ સગીરા સાથે તેના પિતા અને કાકાએ તો અવારનવાર શારીરિક સંબંધ બાંધ્યા હતા પરંતુ કાકાએ જે મહિલા સાથે લગ્ન કર્યાહતા તે મહિલાના પુત્ર એપણ આ બાળકી સાથે સંબંધ જબરદસ્તીથી બાંધ્યા હતા. તો જ્યારે બાળકીની માતાએ બાળકીના સાવકા પિતાને દીકરી સાથે આ પ્રકારનું કૃત્ય કરવાની ના કહી પ્રતિકાર કર્યો ત્યારે સાવકા પિતાએ જણાવ્યું હતું કે દીકરીને આપણે ક્યાં જન્મ આપ્યો છે એટલે ચિંતા સાની. આ બાબતે પતિ પત્નીને અવારનવાર ઝઘડો પણ થતો હોવાની વિગતો સામે આવી છે. પતિની આ પ્રકારની હરકતોથી કંટાળી મહિલા દ્વારા જ બાળકીને ન્યાય અપાવવા માટે પતિ અને અન્ય પરિવારના સભ્યો સામે અડાજણ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. એવું પણ જાણવા મળ્યું છે કે અગાઉ આ બાબતે પતિ-પત્નીઓને ઝઘડો થયો હોવાના કારણે આ સગીરાને ભણવા માટે સાપુતારાની એક હોસ્ટેલમાં પણ મોકલી દેવામાં આવી હતી પરંતુ ત્યારબાદ બાળકીનો સાવકો પિતા તેને ફરીથી સુરત લાવ્યો હતો અને સુરતની સ્કૂલમાં એડમિશન કરાવી ફરી તેની સાથે ફરીથી શારીરિક સંબંધો જબરદસ્તીથી બાંધવામાં આવતા હતા અને અંતે આ સમગ્ર મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો હતો.

નકલી પોલીસ અધિકારી બની રોફ જમાવવા કેસમાં ત્રણ વર્ષની સજા યથાવત

કેશોદની ચિફ જયુ.કોર્ટના હુકમને સેશન્સ કોર્ટે ગ્રાહ્ય રાખ્યો

જૂનાગઢ, તા.૮

વર્ષ ૨૦૧૪માં નકલી પોલીસ અધિકારી બનીને લોકોમાં રોફ જમાવવા માટેનો પ્રયાસ કરનાર જૂનાગઢના શખ્સને કેશોદ નજીકથી પકડી પાડી પોલીસે કાર્યવાહી કરી હતી. એ કિસ્સામાં કેશોદની ચીફ જયુડીશ્યલ કોર્ટે આરોપીને ૩ વર્ષની સજા અને દંડ ફટકાર્યો હતો જેની સામે આરોપીએ કેશોદ સેશન્સ કોર્ટમાં અપીલ કરી હતી. એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેસન્સ જજે તે અપીલને ફગાવી દઈને નીચેની કોર્ટે આપેલ સજા માન્ય રાખી છે.

જૂનાગઢ શહેરમાં રહેતો યજ્ઞેશ ઉર્ફે રાજેન્દ્ર ઉર્ફે આશીષ હસમુખ લોઢીયા વર્ષ ૨૦૧૪માં જૂનાગઢથી કેશોદ તરફ જઈ રહ્યો હતો ત્યારે રસ્તામાં કેશોદ પોલીસે તેને રોકી તપાસ કરતા આશીષ પાસેથી એર ગન, પોલીસ ઈન્સ્પેકટર તરીકેનું નકલી કાર્ડ, પોલીસનો ગણવેશ, લાઠી મળી આવ્યા હતા જે પોલીસે કબ્જે કર્યા હતા.

આ અંગે પોલીસે આશીષ વિરૂધ્ધ કેશોદ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કર્યો હતો તે અંગેનો કેસ કેશોદની ચીફ જયુડીશ્યલ કોર્ટમાં ચાલી જતા કોર્ટે વર્ષ ૨૦૧૯માં યજ્ઞેશ ઉર્ફે આશીષને ગુનેગાર ઠેરવી ત્રણ વર્ષની સજા અને દંડ ફટકારેલો હતો. એ આદેશ સામે આરોપી યજ્ઞેશે કેશોદની સેશન્સ કોર્ટમાં અપીલ કરતા એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ મિલનકુમાર ગિરીશચંદ્ર દવે દ્વારા સરકારી વકિલની દલીલો સાંભળી, કેશોદની ચીફ જયુડીશ્યલ કોર્ટે આપેલા ચુકાદાને માન્ય રાખીને ત્રણ વર્ષની સજાનો હુકમને ગ્રાહ્ય રાખ્યો છે.

સજા ફરમાવેલ તે સમયે આરોપી કોર્ટમાં હાજર ન હોવાથી સજાની અમલવારી માટે નીચેની કોર્ટને પકડ વોરંટ જારી કરી સજાની અમલવારી કરવાનો આદેશ કર્યો છે.

એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેસન્સ જજ મિલનકુમાર દવેએ સરકારી વકીલ એ.એમ. પારેખની દલીલને માન્ય રાખી પોતાના ચૂકાદામાં ટાંક્યું છે કે આરોપીએ સરકારી કર્મચારી નહીં હોવા છતાં સરકારી કર્મચારી હોવાનો ખોટો દેખાવ કરીને તથા સરકારી યુનિફોર્મ ધારણ કરવાની છૂટ નહીં હોવા છતાં તે રાખી સરકારી કર્મચારી હોવા અંગે અને તે પણ રાષ્ટ્રની સુરક્ષા વ્યવસ્થા સાથે સંકળાયેલા કર્મચારીના ખોટા આઈકાર્ડ બનાવી તેને સાથે રાખીને જે ગુનો કર્યો છે તે વડી અદાલતના સાઈટેશન દ્વારા સિદ્ધ થતા હોવાથી તેમાં હસ્તક્ષેપ કરી શકાય નહીં. આરોપીને જે સજા કરેલ છે તે યોગ્યછે તેમાંહસ્તક્ષેપ કરવા પાત્ર નથી.

હાસ્ય એ ઈશ્વર દત્ત નિઃશુલ્ક નૈસર્ગીક ટૉનિક છે

‘હાસ્ય એ તમારી આંતરિક સ્વસ્થતા, બુદ્ધિ પ્રતિભાને ચકાસવાનો માપ દંડ અને તમારા ભીતરના ભાવોની મુખાર્વિંદ આરસી છે -’ સંકેત ચક્રધારી

આજના યુગમાં વિશ્વમાં પ્રસરેલી નિઃશુલ્ક હાસ્ય ક્લબો સિદ્ધ કરે છે કે હાસ્ય એ અસરકારક ટોનિક છે. જગતભરના ડૉકટર્સ, સંશોધનકારો અને અભ્યાસુ તજ્જ્ઞો એ નિષ્કર્ષ ઉપર એકી મતે સર્વ સ્વીકૃત સંમતિ જાહેર કરી છે કે -હાસ્ય એ માનવ જીવન માટે અનેક રીતે લાભદાયી છે. પ્રાચીન ભારતમાં વેદોમાં ઋષિમુનિઓએ હજારો વર્ષો અગાઉ આ વાત નોંધી છે.જે વાત આપણને ખ્યાલમાં નથી, અર્થવવેદ માં ૧૨/૨/૨૨ માં ઉલ્લેખ છે ’’આ જીંદગી હસતા-ખેલતાં જીવવા માટે છે, ચિંતા, ભય , શોક, ક્રોધ ,નિરાશા ?ઈર્ષસા અને વાસનામાં અથડાતાં રહેવું મૂર્ખતા છે ’. માનવી બોલતું પ્રાણી છે તેથી તે વાણી,અભિનય અને અવાજ દ્વારા હાસ્ય, આનંદ વ્યક્ત કરે છે. અર્થાત દરેક જીવમાં હાસ્ય અનિવાર્ય ઘટક છે.તેની ઉપયોગિતાને લાભો થકી જીવનને ગતિ મળે છે .હાસ્ય માનવીનો નિખાલસ વિશ્વ મિત્ર છે .

હાસ્ય, સ્મિત અને વિનોદ વચ્ચે તફાવત જે જલ્દીથી ધ્યાનમાં આવતો નથી. હાસ્ય મંદ, મધ્ય અને અતિ હાસ્ય -૩ પ્રકારના છે -તેમાં મોટાં અવાજ સાથે ખડખડાટ -અટ્ટહાસ્ય એક વ્યકિત કે સમુહમાં સાર્વજનિક બગીચાઓમાં ,પદ્ધતિસર કરવું તે હાસ્ય યોગ ગણાય.મોં મલકાવવું, પ્રફુલ્લ મંદ મંદ હસમુખી છાપ ઉપસાવવી તે સ્મિત,જેમાં અવાજ નહિ માત્ર અભિનય હોય ,ખુશી વ્યક્ત કરવાના હાવભાવ હોય -અમેરિકામાં રસ્તે કે કોઈપણ જગાએ મળતી અજાણી વ્યક્તિ ને પણ સ્મિત સાથે આવકારવાનો શિષ્ટાચાર ,છે જે બંને દિલોમાં પ્રેમની લાગણી દર્શાવતું પ્રતિક છે.સ્મિતની પ્રસન્નતા વિવેકીપણાનું પ્રત્યક્ષ દર્શન (ઓળખ)છે એમ માન્ટેન ચિંતક કહે છે.શાસ્ત્રોમાં જે નવ રસો ગણાવ્યા છે તેમાં હાસ્યને સ્થાન છે. કરૂણ,રૌદ્ર,ભયાનક,વીર ,શૃંગાર,અદભુત,હાસ્ય અને બીભત્સ. જગતના કોઈપણ સાહિત્ય,કલામાં કોઈને કોઈ રસ હોય જ છે .હાસ્ય નું વિશ્વભરમાં મહત્વ છે ; વ્યકિતના રૂપ રંગ,જાત ,દેશ,પ્રાંત ,ધર્મ ,રીત રિવાજ,પ્રણાલિકા વગેરેમાં ભૌગોલિક,રાજકીય કે સામાજિક ભિન્નતા હોવાની ,પરંતુ હાસ્યની સર્વોપરિતા,સાર્વભૌમિકતા એક જ છે ,હાસ્ય ને કોઈ સીમાડાના બંધન નથી .

ડોકટર્સ, વૈજ્ઞાનિકો, સંશોધનકારો , હાસ્ય યુનિવર્સિટીઓ, આજના યુગમાં હાસ્યની અનિવાર્યતા તેમજ મહતા સાથે ઉપયોગીતા સ્વીકારી છે, એકનું હોય કે સામુહિક હેતુ ;હસો અને તંદુરસ્ત રહો ,સંસારમાં ભાઈચારો ,સદ્ભાવ સ્થપાય તેવો છે . વિશ્વ બંધુત્વ જાગે અને માનસિક સંતુલન સાથે શારીરિક રોગ નિવારણ લાભદાયી જનસેવા બને તેવો બહુ ઉદ્દેશી હેતુ ધરાવે છે. મુક્ત મનથી ખડખડાટ આનંદથી હસ ,ખીલો.આના જેવી કુદરતી નિઃશુલ્ક બીજી કોઈ દવા કે ઔષધિ નથી.એવો વિશ્વ હાસ્ય યોગા ઝુંબેશના પ્રણેતા મુંબઈના ડૉ ,કટારિયાનો મત છે. વિશ્વમાં સર્વસ્વીકૃત હાસ્ય થેરેપીથી થી તંદુરસ્તીની સારવાર જાણે આજની માંગ બની છે ; મહાનવિચારકઓશો (આચાર્યરજનીશ) પોતે હાસ્યને પ્રેમ ,પ્રકાશ અને આનંદ ત્રિવિધ ફાયદા સાથે જીવનમાં જરૂરી ગણાવે છે અને તે માટે થોડી સાવધગીરી સાથે જાગૃત રહેવાનો ઈશારો આપે છે. આજના વિકાસશીલ યુગમાં માનવી જાણવા છતાં હસવાથી સાવ બેધ્યાન બની ગયો છે -યંત્રવત આજીવિકા અને સાંસારિક સંબંધો, સામાજિક વ્યવહારો ,ધાર્મિક ક્રિયાઓ વચ્ચે પીસાઈ,અટવાઈ ગયો છે -હસવું ભૂલી ગયો છે અને તેથી જાણે અજાણે તે રોગ વ્યાધિની લપેટમાં આવી ગયો છે -માનસિક શાંતિ ની ખોજ માં પ્રસન્નતા અને આનંદ ઝંખે છે . છેલ્લી બે સદીમાં હાસ્ય ને લગતા ’લાફિંગ હિલીંગ ’;’’હાસ્ય થેરેપથી ’કલબો ગમ્મત ,ટીખળ ,રમુજી મજાક વાળા હાસ્ય કાર્યક્રમો ,પુસ્તકો અને કયાંક તો તેના વર્ગોનો વ્યાપ વધ્યો છે,તેમાં ખુલ્લાં બગીચાઓમાં સામુહિક નિઃશુલ્ક કલબો પણ જીવન જરૂરિયાત જાદુઈ અસર સાથે વિદ્યુત ગતિએ પ્રસરી છે .ભારત નું એકે ગામ એવું નહિ હોય જ્યાં હાસ્ય મંડળ ન હોય !!

હાસ્ય શારીરિક, માનસિક, સામાજિક, સામુહિક આધ્યત્મિક કલ્યાણકારક પ્રભાવી ઉપાય, સહાનુભૂતિ, બિનશરતી પ્રેમાળ હૂંફ આપે છે. એક બીજામાં આત્મીય નાતો જોડે છે. રવીન્દ્રનાથ ટાગોરે કહેલું કે ’હું મારી જાત ઉપર હસું છું ત્યારે મનનો બોજ હળવો થઈ જાય છે .’હાસ્ય અને પ્રસન્નતા તમારામાં વિવેક જગવે છે બીજાં ના દુઃખ કે વિટમ્બણાઓ ઉપર હસાય નહિ. કોઈની મજબૂરી ઉપર હસવું તે મૂર્ખામી છે .’તુંડે તુંડે માટી ભિન્ન હોવા છતાં એક સામાન્ય ગુણ તે હાસ્ય,હસવું,સ્મિત વહેતુ કરવું તે સર્વ સામાન્ય સાર્વભૌમિક ભાષા છે .તે સમર્ગ ચૈતન્ય આનંદના સ્પંદન માંથી પ્રસરે છે ,જ્યાં કશુંક ચેતનવંતુ છે તે સ્થળે આનંદ,હાસ્ય,પ્રસન્નતા જન્મ લે છે .હાસ્ય ની ખૂબી એ છે કે તેને સંતાડી કે દાબી ન રખાય ,કારણ એ તો વહેતુ ઝરણું છે. શારીરિક અભિનય, ચાળા ,હાવભાવ ,અવાજ ગમે તે રીતે અભિવ્યક્તિનું આકાશ શોધી ને પ્રસરવું તે તેનો ગુણ છે. હાસ્ય ના થનગનાટ માટે કોઈ ખાસ આંગણની જરૂર નથી ,કે કોઈ ચોક્કસ કારણ પણ જરૂર નથી .હાસ્ય એ સહજતા અને સરળતા નો સાથી છે. કરુણા નેહળવાશમાં પલટનાર કીમિયાગર છે હાસ્ય એ એક માટે નહિ પણ સર્વ માટે ફેલાતી સુગંધની લહેરખી છે તેથી જ અમેરિકાના યુએસએ ના ગ્રુસો માર્કસ -હાસ્ય ફિલ્મ નિર્માતા ,કલાકાર કહે છે ’વીતેલો કાલ મરી ચૂક્યો છે,આવનારી કાલ હજુ આવેલી નથી ,મારી પાસે બસ આજનો એક જ દિવસ છે,હું તેમાં ખુશ રહીશ ’અર્થાત આજના દિવસે મન ભરી ને હસી લો તણાવ ને દૂર કરી લો .

વ્યક્તિ બુદ્ધિ જીવી અને શક્તિ,પરાક્રમ,પુરુષાર્થ સાથે ભલે ચન્દ્રમાં સુધી પહોંચ્યો છતાં તેની રોજિંદી ઉર્જા ,જોશ અને જુસ્સો દિવસે દિવસે દુનિયાભરમાં દરેક સંસારમાંથી ઘટી રહ્યાં છે, તે ચિંતનશીલ વ્યથા છે ; અબ્રાહમ લિંકન અને મહાત્મા ગાંધી,જવાહરલાલ નેહરુ પોતે સખત કામના બોજામાં ચિંતા,તણાવમાં રહેતા અને તેમાંથી મુકત થવા હાસ્યવૃત્તિ અપનાવતા એમ તેઓએ પોતાના લખાણોમાં કબુલ્યું છે. દરેક ભાષામાં હાસ્ય સાહિત્ય પ્રકાર ખેડાયો છે અને લોકજીભે વખાણાયો છે પરંતુ ગુજરાતી ભાષામાં બૌદ્ધિક ,કટાક્ષયુક્ત સાહિત્ય પ્રકાર બહુ ખેડાયો નથી તેમ છતાં .દિગ્ગજ લેખકોમાં જ્યોતીન્દ્ર દવે, તારક મહેતા,મધુસુદન પારેખ,બકુલ ત્રિપાઠી,રતિલાલ ’અનિલ’,વિનોદ ભટ્ટ, બધિર અમદાવાદી અમેરિકાના હરનિશ જાની વગેરે અનેક નામી અનામી, સદગત કે હયાત સર્વ સર્જકોની લાંબી યાદી જોવા મળે.આવા ગુર્જરભાષી હાસ્ય લેખકો,કવિઓ ,હાસ્ય નાટ્યકારો પી ખરસાણી ,કટાક્ષકારો, કલાકારો, ફિલ્મઅભિનેતાઓ સૌની બહુમૂલ્ય સેવા ને બિરદાવી આ લેખ સમાપન કરૂ.

અમરેલી જીલ્લાનાં બગસરા ખાતે

ભીમજીયાણી, જીવરાજાણી અને નાગ્રેચા પરીવારનાં સુરાપુરાબાપાનું સ્થાનક આવેલું છે

દર્શન કરવા આવતાં પરીવારોને દિવ્ય અનુભૂતિ સાથે સુરાપુરા બાપાનાં આર્શિવાદ મળે છે

ભીમજીયાણી પરિવારના સુરાપુરાબાપા
વજુબાપા ની વાડી

સમસ્ત ભીમજીયાણી - જીવરાજાણી - નાગ્રેચા પરિવાર આયોજીત
નવચંડી મહાયજ્ઞ

(જગડુશા ડી. નાગ્રેચા દ્વારા)

જૂનાગઢ તા. ૮

લોહાણા રઘુવંશી સમાજનાં ભીમજીયાણી, જીવરાજાણી અને નાગ્રેચા પરીવારનાં પૂજનીય સુરાપુરાબાપાનું સ્થાનક અમરેલી જીલ્લાનાં બગસરા ખાતે આવેલું છે. પૂ. સુરાપુરાબાપાનાં દર્શને આવનાર પરીવારોનો દિવ્ય અનુભૂતિ સાથે પૂ. બાપાનાં આર્શિવાદ પણ મળે છે અને જીવન સુખમય બને છે.

અમરેલી જીલ્લાનાં બગસરા ખાતે કુંકાવાવરોડ ઉપર વૃજલાલ કેશવજી બાપાની વાડી આવેલી છે. જે વજુબાપાની વાડી તરીકે ઓળખાય છે. આ વાડીમાં પ્રવેશ કરો એટલે મીઠો આવકાર મળે છે. અને સાથે જ ભીમજીયાણી, જીવરાજાણી અને નાગ્રેચા પરીવારનાં સુરાપુરાબાપાનું સ્થાનક આવેલું છે. જેમાં સાક્ષાત અને હાજરા હજુર સુરાપુરાબાપા બીરાજે છે. થાપાની દેવી ખોડીયાર માતાજી, કુળદેવી રાંદલ માતાજી પણ દર્શન આપી રહયા છે. પૂ. સુરાપુરાબાપાનું પૂજન, અર્ચન, આરતી સહિતનાં ધાર્મિક કાર્યક્રમ યોજવામાં આવે છે. વૃજલાલ કેશવજી બાપા (વજુબાપા)નાં પુત્ર અને સેવાભાવી કિશોરભાઈ વૃજલાલ ભીમજીયાણી (કેસરી) પૂ. સુરાબાપાની સેવા કરે છે. તેમજ પૂ. સુરાપુરાબાપાનાં દર્શને આવનાર પરીવારજનોને માટે સુંદર વ્યવસ્થા કરી આપે છે અને માર્ગદર્શન પણ પુરૂ પાડે છે.

વજુબાપાની વાડી ખાતે બિરાજતા સુરાપુરાબાપાની વાત કરતાં કિશોરભાઈએ જણાવ્યું હતું કે સુરાપુરાબાપા પૂ. દેવજીબાપા કલ્યાણજી ભીમજીયાણી આપણે પૂજાય છે. પૂ. બાપાએ ગૌરક્ષા માટે પોતાનાં પ્રાણનું બલીદાન આપેલ છે. જેઓનું ઘડધિંગાણામાં લડયુંહતું. આવા મહાનપરાક્રમી દેવબાપા એટલે કે સુરાપુરા પૂ. દેવજીબાપા કલ્યાણજી ભીમજીયાણી અહીં બીરાજે છે. અહીં પૂ. બાપાનો દર ચૈત્ર માસ દરમ્યાન નવચંડી મહાયજ્ઞનો કાર્યક્રમ યોજાઈ છે. અને ભાવિકો લાભ લે છે. વિશેષમાં કિશોરભાઈએ જણાવ્યું હતું કે પૂ. સુરાપુરાબાપા હાજરા હજુર છે. અહીં દર્શને આવનાર પરીવારોનાં દુઃખ દર્દ દૂર કરી તેઓનું જીવન સુખમયી બનાવે છે. અનેક પરચા પૂ. બાપાએ પુર્યા છે. આ તકે આ લખનારને પણ પૂ. સુરાપુરાબાપા એટલે કે દેવજીબાપાએ આર્શિવાદ સાથે પરચો આપી દીધો છે. અને પૂ. સુરાપુરાબાપા હાજરા હજુર છે તેની પ્રતિતિ કરાવી છે.

વિશેષમાં કિશોરભાઈએ જણાવ્યું હતું કે ભીમજીયાણી, જીવરાજાણી અને નાગ્રેચા પરીવારનાં સુરાપુરાબાપા દેવજીબાપા અહીં બિરાજે છે. જયારે થાપાની દેવી તરીકે ખોડીયાર માતાજી પુજાય છે. અને કુળદેવી તરીકે રાંદલ માતાજીપડધરી બિરાજે છે અને ત્યાં ચૈત્ર માસમાં નવચંડી મહાયજ્ઞ થાય છે. વિશેષમાં બાવાપીપળવા ગામે રીધેશ્વર મહાદેવ બિરાજે છે અને જયાં દશેરાનો હવન થાય છે.

ભીમજીયાણી, જીવરાજાણી અને નાગ્રેચા પરીવારજનો પૂ. સુરાપુરા બાપાનાં સ્થાનકે પધારવા અને પૂ. સુરાપુરા બાપાનાં આર્શિવાદ મેળવવા આમંત્રણ પાઠવેલ છે. આ સાથે જ વધુ વિગત માટે કિશોરભાઈ ભીમજીયાણી (કેસરી) મો. ૯૭૨૫૩ ૫૩૬૫૩નો સંપર્ક સાધવા જણાવેલ છે.

માનવાધિકાર અને મહિલા બાળ વિકાસ સંગઠનના ગુજરાત સેક્રેટરી રિતેશભાઈ દ્વારા શૈક્ષણિક સહાય

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૮

માનવઅધિકાર અને મહિલા બાલ વિકાસ સંગઠનના રાષ્ટ્રીય અધ્યક્ષ નીલેશભાઈ જોશીના માર્ગદર્શન મુજબ ગુજરાત સેક્રેટરી રીતેશકુમાર ભરતભાઈ પરમાર દ્વારા પાંચ ગામ સઈ સુથાર જ્ઞાતિ અમદાવાદના પાંચેય ગામ પાટડી, માંડલ, કડી, દેત્રોજ તથા વિરમગામના વિદ્યાર્થીઓને તેમજ અમદાવાદમાં પાંચે ગામના રહેતા સમાજ વિદ્યાર્થી ઓને વિદ્યા સહાયરૂપે તેમજ શૈક્ષણિક સહાયરૂપે એકતા યુવક મંડળના કમિટી સભ્યોને ૮૫૦ ડઝન ચોપડાનું યોગદાન આપેલ છે. તેમજ એકતા યુવક મંડળના કમિટી સભ્યો તેમ જ પાંચ ગામના કમિટેડ સભ્યો દ્વારા સાથે મળી દરેકે દરેક વિદ્યાર્થીઓને શૈક્ષણિક લાભ આપેલ છે એ બદલ એકતા યુવક મંડળ કમિટી રીતેશકુમાર ભરતભાઈ પરમાર તેમજ માનવાધિકાર અને મહિલા બાલવિકાસસંગઠનનો ખુબખુબ આભાર વ્યક્ત કર્યો હતો. આ કાર્યને ગુજરાત રાજ્ય મીડિયા ઈન્ચાર્જ પાર્થ પંડ્યાએ દ્વારા બિરદાવવામાંઆવ્યું હતું.

ધારાસભ્ય ભગવાનજીભાઈ કરગઠિયાના હસ્તે ભાખરવડ ગામે પ્લોટની સનદ વિતરણ કરવામાં આવી

(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૮

જૂનાગઢ તા.૬ માળીયાહાટીના અને માંગરોળ વિસ્તારના ધારાસભ્ય ભગવાનજીભાઈ કરગઠિયાના હસ્તે ભાખરવડ ગામે ૧૯૯ પ્લોટના સનદ વિતરણ તેમજ જનહિતના વિકાસ કામોનું ખાતમુહૂર્તનો કાર્યક્રમ યોજાયો હતો. સિંચાઈ વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવેલ માળિયાહાટીના તાલુકાના ભાખરવડ પુનઃ પ્રભારણ યોજનામાં ડુબમાં ગયેલ ભાખરવડના રહેવાસીઓને સિંચાઈ વિભાગના ઠરાવ અનુસાર ગામતળમાં રહેણાંકના ઘર માટે જમીન આપવાનું ઠરાવેલહતું. જે બાબતે જૂનાગઢ સિંચાઈ વિભાગ અને મામલતદાર કચેરી માળીયાના સંકલીત પ્રયાસો દ્વારા પ્લોટોની સનદો તૈયાર કરવામાં આવેલ હતી. તા.૫ મેના રોજ લાભાર્થીઓને ધારાસભ્ય ભગવાનજીભાઈ કરગઠીયા હસ્તે, નાયબ કાર્યપાલક ઈજનેર ક્ષાર અંકુશ પેટા વિભાગ, ચોરવાડ વી.પી.સુત્રેજા, તાલુકા વિકાસ અધિકારી-માળીયા, મદદનીશ ઈજનેર આર.એન.કાથડ તેમજ અન્ય આગેવાનોની અને ગ્રામજનોની ઉપસ્થિતિમાં ૧૯૯ સનદોનું વિતરણ કરવામાં આવ્યું હતું. તેમજ અન્ય જનહિતના કામોમાં ભાખરવડથી કિષ્નાપરાને જોડતો ડામર રોડ અને વ્રજમી ડેમની કાલિમ્ભડા ગામ તરફની રીચાર્જ કેનાલના કામનું ખાતમુર્હુત ધારાસભ્યના હસ્તે કરવામાં આવ્યું હતું.

સોમનાથ ખાતે મુકબધીરો માટે ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૮

સોમનાથ મહાદેવના સાનિધ્યમાં બે દિવસ સુધી મુક બધિરો માટેની ક્રીકેટ ટુર્નામેન્ટ યોજાઈ હતી. આ ટુર્નામેન્ટમાં સૌરાષ્ટ્ર-કચ્છના ખેલાડીઓ ભાગ લીધેલ હતો. સોમનાથ ખાતે બાયપાસ રોડ ઉપર આવેલ સદભાવના મેદાનમાં સૌરાષ્ટ્ર-કચ્છના મુક-બધિર ક્રીકેટ ખેલાડીઓ માટે ટુર્નામેન્ટનો પ્રારંભ આજે તા.૬ ના થયેલ છે. આ ટુર્નામેન્ટનું આયોજન બધિર મંડળ ગીર સોમનાથ દ્વારા કરવામાં આવેલ છે જેમાં ગીર સોમનાથ, જામનગર, ભાવનગર, રાજકોટ, સુરેન્દ્રનગર સહીતના ગામોની ટીમોએ ભાગ લીધેલ હતો. આ ખેલાડીઓ મુક બધિર હોવા છતાં ક્રીકેટના નિયમો અને રમતથી વાકેફ હોય છે તેમ છતાં તેઓની મદદ માટે એડવાઈઝર અને થર્ડ અમ્પાયર તરીકે જીત કાનાબાર અને સેકન્ડ અમ્પાયર સંજય ચુડાસમા સેવા આપી રહેલ છે. આ ટુર્નામેન્ટમાં મેચ દસ ઓવરની હોય આ ટુર્નામેન્ટમાં સોમનાથ ટ્રસ્ટના સચિવ યોગેન્દ્ર દેસાઈના માર્ગદર્શન હેઠળ ટ્રસ્ટના જનરલ મેનેજર વિજયસિંહ ચાવડા સહીતના નિઃશુલ્કતા દાખવી સેવા-સહયોગ આપેલ હતો.

:: અવસાન નોંધ ::

લોઢવા : નાથળીયા ઉનેવાળ બ્રાહ્મણ વ્રજલાલ વિરજીભાઈ ઓઝા (ઉ.વ. ૯૮) તે ભરતભાઈ, જયોત્સનાબેન ભગવતીપ્રસાદ મહેતા, રેખાબેન બિપીનભાઈ જોષીનાં પિતા તથા હાર્દિકપ્રવીણચંદ્ર ઓઝા, કુલદીપ ભરતભાઈ ઓઝા, નેહા ભરતભાઈ ઓઝાનાં દાદાનું તા. ૪-૫-૨૩નાં રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૮-૫-૨૩ને સોમવારનાં રોજ બપોરનાં ૧ થી ૫ કલાકે લોઢવા મુકામે રાખેલ છે.

જૂનાગઢમાં વાલ્મિકી સમાજના ત્રીજા સમુહ લગ્ન સંપન્ન

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૮

ત્રીસા સ્વસહાય જુથ દ્વારા વાલ્મિકી સમાજનાં ત્રીજા સમુહ લગ્નનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વાલ્મિકી સમાજની સાત દીકરીઓએ પ્રભુતામાં પગલાં પાડયાં હતાં. આ રૂડા અવસરને દિપાવવા સંત મહેશગીરી બાપુ, મુક્તાનંદગીરી બાપુ, તુલસીનાથ બાપુ, મેયર ગીતાબેન પરમાર ડેપ્યુટી મેયર ગીરીશભાઈ કોટેચા ભારતીય જનતા પાર્ટી જૂનાગઢ મહાનગર મિડીયા વિભાગનાં સંજય પંડ્યા તથા અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ત્રીસા સ્વસહાય જૂથના પ્રમુખ રેખાબેન ઝાલાના માર્ગદર્શન તથા હરેશભાઈ વાળા, બીપીનભાઈ ચૌહાણ, વિજયભાઈ ઝાલા તથા વિજયભાઈ સોલંકીનાં સુચારૂ આયોજન દ્વારા તેજલબેન, બિદીયાબેન, લતાબેન તથા ત્રીસા સ્વસહાય જૂથના તમામ કાર્યકરોએ આ આયોજનને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

ગીર-સોમનાથ : ટ્રેનમાંથી ચોરી થયેલ મોબાઈલ સાથે એક ઝડપાયો

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૮

ગીર સોમનાથ એલ.સી.બી. બ્રાન્ચે રેલ્વેમાં ટ્રેનમાંથી ચોરી કરેલા સાત મોબાઈલ કીં.રૂા.૨૭,૦૦૦ના મુદામાલ સાથે વેરાવળના એક શખ્સને પકડી પાડેલ છે. વેરાવળ રેલ્વે સ્ટેશનથી ટ્રેનમાં મુસાફરી દરમ્યાન પેસેન્જર રાતના ચાર્જીંગમાં ફોન મુકી સુઈ જતા હોય ત્યારે ટ્રેનના ડબ્બામાંથી મોબાઈલ ફોન ચોરાઈ જવાના અવાર નવાર બનાવ છેલ્લા પાંચેક મહિનાથી બનતા હોવાનું ધ્યાને આવેલ જે અનુસંધાને આઈ.જી.પી. મયંકસિંહ ચાવડા, જીલ્લા પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજા દ્વારા કડક કાર્યવાહી કરવા સુચના આપતા એલ.સી.બી.ના પો.ઈન્સ. એ એસ ચાવડાના માર્ગદર્શન હેઠળ પો.સબ.ઈન્સ વી.કે.ઝાલા, એ.એસ.આઈ. અજીતસિંહ પરમાર, મેસુરભાઈ વરૂ, રામદેવસિંહ જાડેજા, પો.હેડ.કોન્સ. નરેન્દ્રભાઈ પટાટ, નટુભા બસીયા, ભાવેશભાઈ મોરી, પો.કોન્સ વિનયભાઈ મોરી, પો.કોન્સ રાજુભાઈ પરમાર સહીતના પેટ્રોલીંગમાં હોય તે દરમ્યાન મળેલી બાતમીના આધારે સોમનાથ ટોકીઝ પાસેથી અહેમદ સ/ઓ સતારભાઈ દાદુભાઈ ખોજાદા ઉ.વ.-૨૨ રહે-જલારામ કોલોની ૮૦ ફુટ પાછળ વાળાને સાત મોબાઈલ ફોન કીં.રૂા.૨૭ હજારના મુદામાલ સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

ઉના તાલુકા સંકલન સમીતીની બેઠક મળી

(પ્રતિનિધિ દ્વારા) ઉના તા.૮ : ઉના પ્રાંત કચેરી ખાતે પ્રાંત અધિકારી રાવલના અધ્યક્ષ સ્થાને મળેલ ઉના તાલુકા સંકલન અને ફરિયાદ સમિતિની મિટિંગમાં ઉના શહેર તાલુકા અને ગીરગઢડા તાલુકાના વિવિધ પ્રશ્નો અને સમસ્યાઓ અંગે ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ દ્વારા પ્રાંત અધિકારી સહિતના અધિકારીઓ સાથે વિવિધ મુદ્દે ચર્ચા કરી નિરાકરણ માટે પ્રયત્નો કરેલ હતા. આ મીટીંગમાં તાલુકા પંચાયતના પ્રમુખ પાચીબેન ચારણીયા, જીલ્લા પંચાયતના સદસ્ય ડાયાભાઈ જાલોન્ધ્રા તથા મામલતદાર તથા ગીરગઢડા, તાલુકા વિકાસ અધિકારી ઉના તથા ગીરગઢડા અને જુદા જુદા વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ભાજપ યુવા મોર્ચા દ્વારા વિદ્યાર્થીઓને છાશ વિતરણ કરાયું

ભારતીય જનતા યુવા મોરચો
જૂનાગઢ મહાનગર

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૮

ગુજરાત સરકાર દ્વારા આયોજિત તલાટી કમ મંત્રીની સ્પર્ધાત્મક પરીક્ષા સમગ્ર ગુજરાતમાં યોજાઈ હતી. જેમાં જૂનાગઢ ખાતે પણ બહારથી અનેક પરીક્ષાર્થીઓ આવ્યાં હતાં. ત્યારે ભારતીય જનતા પાર્ટી જૂનાગઢ મહાનગરનાં પ્રમુખ પુનિતભાઈ શર્માની સુચનાથી યુવા મોરચાના પ્રમુખ મનન અભાણીનાં માર્ગદર્શન હેઠળ પરીક્ષા કેન્દ્રો ઉપર પરીક્ષાર્થીઓ માટે છાસ વિતરણનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં અંદાજીત ૩૦૦ લીટર છાસ વિતરણ કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે યુવા મોરચાના મહામંત્રી અભય રીબડીયા, વિનસહદવાણી, મિડીયા વિભાગનાં સંજય પંડ્યા, યુવા મોરચાના ઉપાધ્યક્ષ રૂષિકેશ મર્થક, મંત્રી પરાગ રાઠોડ, સંજય રૂઘાણી, રેનીશ ભટ્ટી, કેતન નાંઢા, પીયુષ ગઢવી, યસ ચુડાસમા તથા યુવા મોરચાના હોદેદારો અને કાર્યકરોએ જહેમત ઉઠાવી હતી.

જૂનાગઢમાં સેવાભાવી સંસ્થા દ્વારા ૧૮૦ લીટર વિનામુલ્યે ફુલ ઠંડી છાશ વિતરણ કરવામાં આવ્યું

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૮

શ્રી જૂનાગઢ ખોડીયાર ગૃપ યુવક મંડળ ટ્રસ્ટ-જૂનાગઢ દ્વારા આયોજીત તા.૦૭-૫-૨૦૨૩ને રવિવારનાં રોજ આઝાદ ચોક-જૂનાગઢ ખાતે ઉનાળાની કાળઝાળ ગરમીમાં અને આકરાં તાપમાં તમામ નાગરીકોને ઠંડક મળે એ હેતુથી વિનામુલ્યે ફુલ ઠંડી છાશ વિતરણનું આયોજન કરવામાં આવ્યું હતું. આ છાશ વિતરણનું ઉદ્‌ઘાટન જૂનાગઢનાં સામાજીક આગેવાનોનાં વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ ફુલ ઠંડી છાશનો લાભ અંદાજે ૧૩૦૦ નાગરિકોએ લીધો હતો. આ છાશ વિતરણનાં પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે જેમાં **N.S.P.** ગૃપ જૂનાગઢનાં સ્થાપક અને અધ્યક્ષ ચંદુભાઈ લોઢીયા, સમાજ સેવક બટુકભાઈ મકવાણા, જીસાનભાઈ હાલેપોત્રા (એડવોકેટ), સોહીલ સિદીકી, કાળુભાઈ કડીવાર, સમજુભાઈ સોલંકી, ઠાકોર સમાજ-રાજકોટનાં પ્રમુખ હિતેષભાઈ ઠાકોર, રમણીકભાઈ ચલ્લા, અરવિંદભાઈ મારડીયા, વ્રજલાલભાઈ ધકાણ, હરસુખભાઈ પાલા, જયશ્રીબેન ગાલોરીયા, ઈન્દુબેન ખાણદર, કમળાબેન ત્રિવેદી, રમીલાબેન ઘુચલા, સીમાબેન મકવાણા, રોશનીબેન ઘુચલા, વગેરે મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહ્યાં હતા. આ છાશ વિતરણનાં પ્રસંગે બહારગામનાં નામી અનામી દાતાઓ તેમજ જૂનાગઢનાં નામી અનામી દાતાઓનો પુરેપુરો સહકાર મળ્યો હતો. આ સેવાકીય કાર્યને સફળ બનાવવા સંસ્થાનાં પ્રમુખ નરેન્દ્ર ઘુચલાએ જહેમત ઉઠાવી હતી.

વડાલમાં ઓમકારેશ્વર મંદિરે પાટોત્સવની ઉજવણી દિપમાળા મહાપૂજા અને ધુવાડાબંધ જમણવાર યોજાયો

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૮

જૂનાગઢ નજીક આવેલ વડાલ ગામ ખાતે આહિર સમાજનાં અગ્રણી અને જીલ્લા ભાજપનાં ઉપપ્રમુખ નારણભાઈ ભેટારીયાના અને સમસ્ત ગ્રામજનોનાં સહયોગથી શ્રીનાથનગર ખાતે ઓમકારેશ્વર મહાદેવ મંદિરની આજથી ૬ વર્ષ પહેલા પ્રતિષ્ઠા કરવામાં આવેલ જયાં વર્ષ દરમ્યાન શ્રાવણ માસ તેમજ અન્ય તહેવારોની ભાવપૂર્વક ઉજવણી કરવામાં આવે છે તેવા ઓમકારેશ્વર મંદિરની પ્રતિષ્ઠાને ૬ વર્ષ પૂર્ણ કરી ૭માં વર્ષમાં પ્રવેશ નિમિત્તે પાટોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સવારથી શ્રી ઓમકારેશ્વર મહાદેવની મહાપૂજા, અભિષેક, દિપમાળા અને સમસ્ત ગ્રામજનોનું ધુવાડાબંધ જમણવાર મંદિરનાં પટાંગણમાં યોજાયું હતું. જેનો અસંખ્ય ભાવિકોએ લાભ લીધો હોવાનું નારણભાઈ ભેટારીયા તથા પાઠકભાઈએ જણાવ્યુંહતું.

ભાલકા તિર્થ નજીકનાં તળાવનો વેરાવળ-પાટણ સંયુકત નગરપાલિકા નવા કાયાકલ્પ સાથે વિકાસ કરશે

(મિનાક્ષી ભાસ્કર વૈદ્યદ્વારા)

પ્રભાસપાટણ તા. ૮

ભગવાન શ્રી કૃષ્ણનાં પરલોકગમનનાં સાક્ષી સમા ગુજરાતનાં શ્રી કૃષ્ણનાં જાણીતાં તિર્થોમાંના એક ભાલકા તિર્થ સમીપ આપેલા ઐતિહાસીક તળાવનો વેરાવળ-પાટ સંયુકત નગરપાલિકા આશરે રૂા. ત્રણથી ચાર કરોડનાં ખર્ચે વિકાસ કરશે. નગરપાલીકા પ્રમુખ પિયુષ ફોફંડીએ આ અંગે જણાવ્યું હતું કે ભગવાન શ્રી કૃષ્ણનાં પરલોકગમનનું આ મહા તિર્થ છે. અને દેશ-વિદેશનાં યાત્રીકો-પ્રવાસીઓ અહીં આવતા જ રહે છે.

જેથી ભાલકા તિર્થ નજીકનાં રક્ષીત-ઐતિહાસીક, પ્રાચીન તળાવનો વિકાસ કરવા નગરપાલીકા કટીબધ્ધ છે. તળાવનાં આધુનિકરણ અંગે ટેન્ડર પણ બહાર પડી ગયેલા છે. અને સરકારની અમૃતમ યોજના હેઠળ આ તળાવનો વિકાસ કરાશે. જેમાં લાઈટ એન્ડ સાઉન્ડ શો સાથે ભગવાન શ્રી કૃષ્ણની લીલાઓ પ્રદર્શિત કરવામાં આવશે. તળાવમાં સહેલગાહ માટે બોટ આકર્ષણ, મનોરંજન રાઈડસો, ફુડ માર્કેટનું પણ આયોજન કરાયું છે. ધાર્મિક પર્યટન અને પ્રાચીન વારસાને અનુરૂપ આ તળાવનો વિકાસ થતાં સોમનાથ આવતા દેશ-વિદેશનાં યાત્રીકો-પ્રવાસીઓ અને વેરાવળ-પાટણ શહેરનાં નાગરીકો માટે અનેરા આકર્ષણનો ઉમેરો થશે.

ખાંભા તાલુકાનાં ચામુંડાધામમાં પાટોત્સવ યોજાયો

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૮

અમરેલી જીલ્લાનાં ખાંભા તાલુકામાં આવેલ ઐતિહાસીક પુરાણ પ્રસિધ્ધ ચામુંડા ધામમાં અનંત વિભૂષીત મહામંડલેશ્વર વિશ્વંભરભારતીજી મહારાજનાં દિવ્યા આત્મા દ્વારા વર્ષોથી યોજાતા પાટોત્સવની ઉજવણી થાય છે. અને તેમનાં શિષ્ય પ.પૂ. હરીહરાનંદ ભારતીજી ગુરૂશ્રી વિશ્વંભરભારતીજી મહારાજનાં આર્શિવાદથી વૈશાખ સુદ તેરસ તા. ૩-૫-૨૩નાં રોજ હાડવાકયા ખાતે ભંડારાનો કાર્યક્રમ યોજાયો હતો. પરેશભાઈ દાદાની ટીમ દ્વારા સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. અને તા. ૩-૫-૨૩નાં રોજ પંદરમો પાટોત્સવ શાસ્ત્રોકત વિધિથી ધામધુમથી ઉજવવામાં આવેલ હતો. આ ધાર્મિક પ્રસંગનો ૧૨ થી ૧૩ ગામોનાં સાધુ-સંતો, ભકતો તેમજ ગામનાં ભાઈ-બહેનોએ બહોળી સંખ્યામાં લાભ લીધો હતો. રાત્રીનાં નામાંકીત કલાકારોએ તેમની કલા પીરસી હતી.

જૂનાગઢ જીલ્લાના ૭૪ કેન્દ્રો ઉપરથી તલાટી કમ મંત્રીની પરીક્ષા શાંતીપુર્ણ રીતે સંપન્ન

જીલ્લા વહિવટી તંત્ર, જીલ્લા પોલીસ તંત્ર દ્વારા સુંદર વ્યવસ્થા કરાઈ : રેલ્વે, એસટી વિભાગ દ્વારા પણ વધારાની સેવા પુરી પડાય

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૮

ગઈકાલે જૂનાગઢ સહિત રાજયના વિવિધ પરીક્ષા કેન્દ્રો ઉપરથી તલાટી કમ મંત્રીની પરીક્ષાનું કાર્યહાથ ધરવામાં આવેલ હતું. જૂનાગઢ જીલ્લાના ૭૪ કેન્દ્રો ઉપરથી તલાટી કમ મંત્રીની પરીક્ષા શાંતીપુર્ણ રીતે સંપન્ન કરવામાં આવી હતી. જૂનાગઢ જિલ્લામાં ૭૪ કેન્દ્રો ઉપર તલાટી કમ મંત્રીની પરીક્ષા યોજાઈ હતી. દરમ્યાન બહારગામથી આવનાર ઉમેદવારોએ જણાવ્યું હતું કે, પરીક્ષા કેન્દ્ર શોધવામાં ભારે તકલીફ પડી હતી. એમાંપણ પરીક્ષા કેન્દ્રના કેટલાક ભળતા નામના કારણે કેટલાક રિક્ષા ચાલકો પણ મુંઝવણમાં મુકાયા હતા. બાદમાં ગૂગલ મેપનો સહારો લેવો પડ્યો હતો. જ્યારે જ્ઞાતિ સમાજોની વાડીઓમાં ઉતારા, ભોજનની સારી વ્યવસ્થા રહેવા પામી હતી. છેલ્લે ૨૦૧૭માં પરીક્ષા લેવાઈ હતી. જ્યારે ૨૦૧૮થી પરીક્ષા લેવાઈ ન હતી. પરીક્ષા ખંડમાં પ્રવેશ પહેલા બોડી વોર્ન કેમેરાથી સજ્જ પોલીસ દ્વારા મેટલ ડિટેકટરથી ચેકીંગ કરાયું હતું. બૂટ, મોજા પહેરીને જવાની પણ મનાઈ કરાવી બૂટ, મોજા બહાર કઢાવ્યા હતા. જ્યારે કોલ લેટરને છાતી સરસો રાખી કેમેરા સામે ફોટો પડ્યા બાદ જ પ્રવેશ કરવા જણાવ્યું હતું. અન્યથા હાજરી નહિ ગણાય તેમ પણ સુપરવાઈઝર દ્વારા સૂચના અપાઈ હતી. ખાસ તો પરીક્ષા ખંડમાં પ્રવેશ કરતા પહેલા શું લઈ જવું, શું ન લઈ જવું તેની માહિતી આપી હતી. કુલ ૨૧,૦૦૦ ઉમેદવારોમાંથી ૧૪,૬૭૮ હાજર રહ્યા હતા અને ૬,૩૨૨ ગેરહાજર રહ્યા હતા. આમ, ૪૩ ટકા ઉમેદવારોની ગેરહાજરી જોવા મળી હતી. દરમ્યાન એક્ષ્પર્ટ પ્રદિપભાઈ પરમારે જણાવ્યું હતું કે, જીપીએસસી સ્ટાઈલથી પેપર નિકળ્યું હતું જેથી પેપર અઘરૂ લાગતા મેરીટ નીચું રહેશે. ખાસ તો જીસીઈઆરટી મતલબ કે પાઠ્ય પુસ્તક આધારિત પેપર હતું. જેમણે પાઠ્ય પુસ્તક વાંચ્યું હશે તેને સહેલું, પાઠ્ય પુસ્તક નોતું કે ઓછું વાંચ્યું તેના માટે અઘરૂ પેપર રહ્યું હતું. ૯૦ ટકા વિધાનવાળા પ્રશ્નો હતા જેથી વિદ્યાર્થીઓ કન્ફ્યૂઝ રહ્યા હતા. માત્ર ૧૦ ટકા જ એક લાઈન વાળા પ્રશ્નો પૂછાયા હતા. નવી તૈયારી કરનારને અઘરૂ, જૂની તૈયારી કરનારને સહેલું પેપર લાગ્યું હતું. કેશોદમાં પણ વિવિધ કેન્દ્રો ઉપર પરીક્ષા યોજાઈ હતી. અને પોલીસ ઉપરાંત ખાનગી વાહન ચાલકોએ પરીક્ષાર્થીઓની મદદ કરી પોતાના વાહનમાં બેસાડી કેન્દ્ર ઉપર પર્હોચતા કર્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, તલાટી કમ મંત્રીની પરીક્ષાનો કાર્યક્રમ ગઈકાલે યોજાયો હતો. ત્યારે પરીક્ષાર્થીઓને કોઈપણ જાતની તકલીફ ન પડે તે માટે જીલ્લા વહિવટી તંત્ર, જીલ્લા પોલીસ તંત્રના માર્ગદર્શન હેઠળ યોગ્ય વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. એસટી વિભાગ, રેલ્વેતંત્ર એ પણ વધારાની સેવા યોજી હતી તેમજ સેવાભાવી સંસ્થાઓએ પણ મદદરૂપ બન્યા હતા.

મેંદરડા તાલુકાનાં ઈટાળી ગામે લગ્ન પ્રસંગે ગુલાબજાંબુ પ્રશ્ને ગેરકાયદેસર મંડળી રચી હુમલો : સામસામી ૩૫ વિરૂધ્ધ પોલીસ ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) મેંદરડા તા. ૮

જૂનાગઢ જીલ્લાનાં મેંદરડા તાલુકાનાં ઈટાળી ગામે લગ્ન પ્રસંગે ગુલાબજાંબુ પ્રશ્ને બોલાચાલી થતાં ગેરકાયદેસર મંડળી રચી અનો હુમલાનો બનાવ બનેલ છે. જેમાં સામસામે બંનો પક્ષોએ ૩૫ વિરૂધ્ધ પોલીસ ફરીયાદ નોંધાવી છે. આ બનાવ અંગે મેંદરડા પોલીસે આપેલી વિગત અનુસાર મેંદરડા તાલુકાનાં ઈટાળી ગામનાં દિનેશભાઈ ખીમજીભાઈ પરમાર (ઉ.વ. ૫૨)એ જેન્તીભાઈ વાળા, પ્રવિણભાઈ વાળા, સતીષભાઈ વાળા, વિશાલભાઈ વાળા, જીગ્નેશભાઈ વાળા, મનાભાઈ વાળા, કરશનભાઈ વાળા, હાર્દિકભાઈ વાળા, નાનજીભાઈ વાળા, ચંદુભાઈ વાળા, ભીમજીભાઈ વાળા, હિતેશ વાળા, ભાવનાબેન વાળા, પ્રભાબેન વાળા, મનીષાબેન વાળા વિરૂધ્ધ નોંધાવેલી ફરીયાદમાં જણાવેલ છે કે આ કામનાં ફરીયાદીનાં કુટુંબીભાઈ ભીખાભાઈની દીકરી કાજલબેનનાં લગ્નમાં ફરીયાદીનો દિકરો શૈલેષ ગુલાબજાંબુ પીરસતો હોય અને આ કામનાં આરોપી નં. ૧ ગુલાબજાંબુ લેવા આવતા ગુલાબજાંબુ આવતા ગુલાબજાંબુ ખાલી થઈ ગયેલ હોય જેથી ફરીયાદીનાં દિકરીએ ના પાડતા આ કામનાં આરોપી નં. ૧નાએ ગાળો કાઢેલ જેનો ખાર રાખી આ કામનાં આરોપીઓએ ગેરકાયદેસર મંડળી રચી એકસંપ કરી પોતાનાં હાથમાં પાઈપ લાકડી જેવા હથિયારો ધારણ કરી આવી ફરીયાદીને તથા ફરીયાદીનાં પરીવારનાં સભ્યોનો આડેધડ માર મારી શરીરે ઈજાઓ કરી ભુંડી ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરીયાદ પોલીસમાં નોંધાવતાં પોલીસે કલમ ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૨૪, ૩૨૩, ૨૯૪ (ખ), ૫૦૬ (૨) જીપીએકટ ૧૩૫ મુજબ ગુનો દાખલ કરેલ છે.

જયારે આ બનાવનાં અનુસંધાને પ્રવિણભાઈ વીરાભાઈ વાળા (ઉ.વ. ૪૫)એ દિનોશભાઈ પરમાર, પિયુષભાઈ પરમાર, નારણભાઈ પરમાર, બાદલભાઈ પરમાર, કારાભાઈ વાલાભાઈ, મોહનાભાઈ વાલાભાઈ, દક્ષાબેન દિનોશભાઈ, બાબુભાઈ ખીમજીભાઈ, વર્ષાબેન બાબુભાઈ, શૈલેષભાઈની ઘરવાળી, સાગરભાઈ ચંદુભાઈ, જીવરાજભાઈ મોહનાભાઈ, રમીલાબેન જીવરાજભાઈ, શૈલેષભાઈ પરમાર, મંજુબેન ચંદુભાઈ, ધીરૂભાઈ ખોડાભાઈ, વિનુભાઈ ખોડાભારઈ, સાવન ધીરૂભાઈ, દુધીબેન વાલાભાઈ, સવિતાબેન મોહનાભાઈ સહિતનાં વિરૂધ્ધ નોંધાવેલી ફરીયાદમાં જણાવેલ છે કે આ કામનાં ફરીયાદીનાં જ્ઞાતિનાં ભીખાભાઈની દિકરી કાજલબેનનાં લગ્નમાં આ કામનાં આરોપી શૈલેષભાઈ ગુલાબજાંબુ પીરસતા હોય અને આ કામનાં ફરીયાદીનાં કાકા ગુલાબજાંબુ લેવા જતા આ કામનાં આરોપી શૈલેષભાઈએ ફરીયાદીનાં કાકાને ભુંડી ગાળો બોલી ઝઘડો કરેલ હોય જેથી આ કામનાં ફરીયાદી આ કામનાં આરોપીઓને સમજાવવા જતાં આ કામનાં આરોપીઓએ ગેરકાયદેસર મંડળી રચી એકસંપ કરી પોતાનાં હાથમાં પાઈપ લાકડી તથા કુહાડી જેવા હથીયારો ધારણ કરી આવી ફરીયાદીનો તથા સાહેદોને આડેધડ માર મારી શરીરે ઈજાઓ કરી ભુંડી ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરીયાદ પોલીસમાં નોંધાવવામાં આવતાં આરોપીઓ વિરૂધ્ધ કલમ ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૨૪, ૩૨૩, ૨૯૪ (ખ), ૫૦૬ (૨) જીપીએકટ ૧૩૫ મુજબ ગુનો દાખલ કરેલ છે. આ બનાવની વધુ તપાસ મેંદરડાનાં પીએસઆઈ કે.એમ. મોરી ચલાવી રહયા છે.

જૂનાગઢના પ્રખ્યાત સક્કરબાગ પ્રાણી સંગ્રહાલય ખાતે શનિ-રવિની રજામાં ૧૦ હજારથી વધુ પ્રવાસીઓએ મુલાકાત લીધી

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૮

જૂનાગઢ શહેરમાં આવેલા સક્કરબાગ પ્રાણી સંગ્રહાલય ખાતે કાયમને માટે પ્રવાસી જનતાનો ઘસારો રહેતો હોય છે. હાલ ઉનાળાના વેકેશન દરમ્યાન રોજ સંખ્યાબંધ મુલાકાતીઓ સક્કરબાગની મુલાકાત લે છે. જૂનાગઢના સક્કરબાગ પ્રાણી સંગ્રહાલયમાં છેલ્લા ૨ દિવસમાં ૧૦,૪૦૫ પ્રવાસીઓ આવ્યા હોય ૩.૧૪ લાખથી વધુની આવક થવા પામી છે. આ અંગે સક્કરબાગ પ્રાણી સંગ્રહાલયના આરએફઓ નિરવ મકવાણાએ જણાવ્યું હતું કે, હાલમાં ઉનાળું વેકેશન ચાલી રહ્યું હોય મુલાકાતીઓની સંખ્યામાં ભારે વધારો થયો છે. એમાં પણ સામાન્ય દિવસ કરતા શનિ અને રવિ એમ ૨ દિવસ મુલાકાતીઓની સંખ્યા વધુ હોય છે. દરમિયાન છેલ્લા ૨ દિવસમાં આવેલ પ્રવાસીની સંખ્યા અને આવક પર નજર કરીએ તો શનિવારે ૩,૯૦૫ પ્રવાસીઓ આવ્યા હતા જેના થકી રૂપિયા ૧,૧૭,૨૧૦ની આવક થઈ હતી. જ્યારે રવિવારે ૬,૫૦૦ મુલાકાતી આવ્યા હોય જેમના થકી સક્કરબાગ પ્રાણી સંગ્રહાલયને ૧,૯૭,૦૯૦ની આવક થવા પામી છે. આમ, શનિ, રવિ બે દિવસમાં કુલ ૧૦,૪૦૫ પ્રવાસી થકી ૩,૧૪,૩૦૦ની આવક થવા પામી છે.

પ્રેમમાં એક ન થઈ શકે તેમ હોવાથી

ગઢડા (સ્વામી)ના પ્રેમી પંખીડાએ કેશોદ નજીક ગળાફાંસો ખાઈ જીવનનો અંત આણ્યો : અરેરાટી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) કેશોદ તા. ૮

બોટાદ જીલ્લાનાં ગઢડા (સ્વામી)નાં પ્રેમી પંખીડાએ કેશોદ નજીક બાયપાસ ઉપર આવેલ જંગલ જેવા અવાવરૂ સ્થળે આવેલા વૃક્ષ ઉપર લટકી ગળાફાંસો ખાઈ લેતાં જીવનનો અંત આણેલ છે. આ બનાવ અંગેની જાણ થતાં પોલીસે ઘટના સ્થળે પહોંચી તપાસની કામગીરી હાથ ધરી છે. આ બનાવનાં પગલે અરેરાટીની લાગણી વ્યાપી ગઈ છે. પોલીસે આપેલી વિગત અનુસાર ગઢડા (સ્વામી)નાં તાલુકાનાં પીપળીયા ગામનાં એક યુવાન અને એક યુવતી વચ્ચે પ્રેમસંબંધ હોય જેથી બંને ભાગી નીકળી ગયેલ અને આ બંને કુટુંબી ભાઈ-બહેન થતાં હોય જેથી સમાજ તેમને એક નહી થવા દે તેવું બંનેને લાગતાં કેશોદનાં સોંદરડા ગામની બાજુમાં આવેલા જંગલમાં બાવળનાં ઝાડની ડાળીમાં બંનેએ પોતાની મેળે ગળાફાંસો ખાઈ લેતાં જીવનનો અંત આણેલ છે. આ બનાવનાં પગલે અરેરાટીની લાગણી વ્યાપી ગઈ હતી. કેશોદ પોલીસને જાણ થતાં પોલીસો ઘટના સ્થળે પહોંચી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. આ બનાવની વધુ તપાસ કેશોદ પોલીસ સ્ટેશનનાં હે.કો. ડી.એ. ડોડીયા ચલાવી રહયા છે.

માણાવદર, વંથલી, મેંદરડા તાલુકામાં વરસાદથી થયેલ નુકશાનનું વળતર આપો

(પ્રતિનિધિ દ્વારા) માણાવદર તા. ૮

માણાવદર, વંથલી, મેંદરડા તાલુકામાં કમોસમી વરસાદથી થયેલા ખેતીપાક તથા બગીચા પેદાશોમાં થયેલ નુકશાનીનું વળતર આપવા ધારાસભ્ય અરવિંદભાઈ લાડાણીએ માંગણી કરી છે. જેમાં ખેતી ઉનાળુ પાક, ચીકુ, કેરી, કેળ, પપૈયા જેવા તથા તલ, મગ, ડુંગળીનાં પાકોને મોટા પ્રમાણમાં નુકશાન થયેલ છે.

માવઠાની મૌસમ પુરી : ગરમીનું આક્રમણ

જૂનાગઢ તા. ૮ : જૂનાગઢ સહીત ગુજરાતનાં વિવિધ વિસ્તારોમાં છેલ્લાં કેટલાક દિવસો થયા કમોસમી વરસાદ માવઠાને કારણે ખેત પાકોને નુકશાની પહોંચી છે. સરકાર દ્વારા રાહત પેકેજ જારી કરવામાં આવેલ છે. આ દરમ્યાન માવઠાની મૌસમ હવે પૂર્ણ થઈ છે. અને ગરમીનું આક્રમણ વધી ગયું છે. જૂનાગઢ શહેરમાં ગરમીનો પારો ૩૮ થી ૪૦ની વચ્ચે રહેવા પામેલ છે. અને ગરમી તેમજ બફારાનાં કારણે જનજીવન પ્રભાવિત થયું છે.

હરિ ૐ
સંતશ્રી આશારામજી બાપુ આશ્રમ દ્વારા પ્રકાશિત સાહિત્ય તથા માસિક પત્રિકા, ૠષીપ્રસાદ, નોટબુક, આયુર્વેદિક ઔષધિઓ, તેમજ અન્ય વસ્તુઓ સામાન્ય માણસ ખરીદી શકે તે કિંમતમાં મેળવવા માટેનું સત્ પ્રાપ્તિસ્થાન
સાહિત્ય સેવા કેન્દ્ર
ગીરીરાજ મેઈન રોડ, બંસિધર ડેરી ફાર્મ સામે,
બસ સ્ટેશન પાછળ, જૂનાગઢ.
સંપર્ક:૭૯૯૦૮ ૭૫૧૪૨

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એક્સચેંજ ઓફર
LED TV રૂા. ૬૫૦૦* થી શરૂ
ફ્રીઝ ૮૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
બીના ઈલેક્ટ્રોનિક્સ
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.પી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.

ૐ નેચર ક્યોર સેન્ટર
ડો. સી.ડી. ઓઝા (N.D.)
તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે
- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુ:ખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુ:ખાવા
- કટિબસ્તિ : કમરમાં દુ:ખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ
ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.
દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)
ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે,
નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૭માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...
અરવિંદભાઈ પટેલ બી.એસ.સી. (એગ્રી) મો. ૯૮૨૫૦ ૩૩૮૪૩
જેરામભાઈ પટેલ બી.એસ.સી. (એગ્રી) મો. ૯૪૨૬૨ ૧૩૭૨૦
ખેતિ વિકાસ કેન્દ્ર
ગાંધી ચોક, વંથલી દરવાજા, જૂનાગઢ - ૩૬૨૦૦૧
ફોન: ૦૨૮૫-૨૬૨૧૭૩૧

લોન...લોન... લોન...
દીકરા દીકરી ને અભ્યાસ માટે
રૂપિયા ૨૫૦૦૦ થી ૧૦૦૦૦૦
સુધી ની લોન મળશે
લોન લેનાર દરેક વ્યક્તિ ને સેમસંગ
કમ્પની નો મોબાઈલ મળશે
મો. ૮૧૫૫૮૮૩૯૩૮

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
● પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ
હરિ-કલા +
યુરોસર્જીકલ હોસ્પિટલ
ડો. જયંત એચ. પંડયા
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેક્ટલ સર્જન
ઉપલબ્ધ સેવાઓ :
- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીક્સના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો
પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪
બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર
લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪



MADHURAM SCHOOL
મધુરમ સ્કુલ
એડિમશન ઓપન...
Know More 97145 63268 70163 47112



Mahasagar TRAVELS LTD.
શુભ લગ્ન પ્રસંગ, સ્કુલ પ્રવાસ, યાત્રા માટે સ્પેશિયલ
મહાસાગર લક્ઝરીયસ બસની સુવિધા
બુકિંગ કરો
FOR INQUIRY:
Ahmedabad : +91 81416 51000
Rajkot : +91 97249 64700
Junagadh : +91 81289 85006